# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 43 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ફાલ્ગુન સુદ - 3 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 February 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# ગુજરાત પર ચાર લાખ કરોડના દેવાનો બોજઃ દરેક ગુજરાતીના માથે ૬૬,૧૨૧નું દેવું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં રાજ્ય સરકારના જાહેર દેવા અંગે પૂછવામાં આવેલા એક પ્રશ્નના લેખિત જવાબમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન રાજ્યનું જાહેર દેવું ૩,૫૨,૭૧૮ કરોડ રૂપિયા હતું, જે વર્ષ ૨૦૨૪-૨૫ના સુધારેલા અંદાજ મુજબ વધીને ૩,૯૯,૬૩૩ કરોડ રૂપિયા પર પહોંચવાની શક્યતા છે. દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમાર દ્વારા પૂછવામાં આવેલા આ પ્રશ્નના જવાબમાં રાજ્યના નાણા પ્રધાને વર્ષવાર દેવાની વિગતો રજૂ કરી હતી. રાજ્ય સરકારે આ દેવાની ભરપાઈ પેટે મોટી રકમ વ્યાજ અને મુદ્દલ તરીકે ચૂકવી હતી. સરકારી આંકડાઓ અનુસાર, વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૪,૯૬૪ કરોડ રૂપિયા વ્યાજ અને ૨૬,૧૩૬ કરોડ રૂપિયા મુદ્દલ પેટે ચૂકવવામાં આવ્યા હતા. જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫ના સુધારેલા અંદાજ મુજબ, આ ચુકવણી વધીને ૨૫,૯૧૫ કરોડ રૂપિયા વ્યાજ અને ૨૯,૦૮૬ કરોડ રૂપિયા મુદ્દલ થવાની અપેક્ષા છે. આમ, રાજ્યના બજેટનો એક મોટો હિસ્સો દેવાની અને તેના વ્યાજની ભરપાઈમાં વપરાઈ રહ્યો હોવાનું બહાર આવ્યું હતું.

## દારૂબંધી છતાં 'હેલ્થ પરમિટ' માટે પડાપડીઃ બે વર્ષમાં કરોડોની કમાણી

અમદાવાદઃ એકતરફ ગુજરાતમાં દારૂબંધી છે, પણ રાજ્ય સરકારને હેલ્થ લિકર પરમિટ ફી પેટે થતી આવકમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા દ્વારા વિધાનસભામાં પૂછાયેલા એક પ્રશ્નના લેખિત જવાબમાં રાજ્ય સરકાર દ્વારા આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. સરકારી માહિતી મુજબ, છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને પરમિટ ફી દ્વારા કરોડો રૂપિયાની આવક થઈ હતી, જે દર્શાવે છે કે રાજ્યમાં સ્વાસ્થ્યના આધારે લિકર પરમિટ મેળવનારાઓની સંખ્યા અથવા ફીના દરમાં વધારો થયો છે. આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, ૨૦૨૪-૨૦૨૫ના સમયગાળામાં રાજ્યને કુલ રૂ. ૭,૮૮,૬૮,૦૦૦ ની આવક થઈ હતી. જ્યારે ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધીના સમયગાળામાં આ આવક વધીને રૂ. ૮,૬૩,૧૫,૦૦૦ પર પહોંચી ગઈ હતી. આમ, માત્ર એક જ વર્ષમાં પરમિટ ફીની આવકમાં અંદાજે ૭૪ લાખ રૂપિયાથી વધુનો વધારો નોંધાયો હતો. સ્ટેટ પોલીસ કમ્પ્લેન્ટ્સ ઓથોરિટીના આંકડા પણ રજૂ થયા હતા. છેલ્લાં બે વર્ષમાં પોલીસ વિરુદ્ધ કુલ ૨૫૧૦ ફરિયાદો મળી હતી, જેમાંથી ૨૪૯૪ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો હતો. હાલ માત્ર ૧૬ જેટલી ફરિયાદો પડતર છે, જેની તપાસની કાર્યવાહી ચાલુ હોવાનું ગૃહ વિભાગે સ્પષ્ટ કર્યું હતું.

## નર્મદા-દાહોદમાં ૧૮૩૩ શિક્ષકની ઘટઃ નવસારી-ડાંગમાં જીવના જોખમે શિક્ષણ

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં આદિવાસી વિસ્તારોમાં શિક્ષકોની ઘટ અને જર્જરિત ઓરડાઓ અંગે ચોંકવાનારી માહિતી પ્રકાશમાં આવી હતી. ધારાસભ્ય ચૈતર વસાવા અને અનંત પટેલ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં સરકારે સ્વીકાર્યું છે કે નર્મદા અને દાહોદ જિલ્લામાં શિક્ષકોની ઘટ તેમજ નવસારી અને ડાંગ જિલ્લામાં શાળાઓ જર્જરિત હાલતમાં હોવાનો સ્વીકાર કર્યો હતો. ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે નર્મદા જિલ્લામાં ૫૪૯ અને દાહોદ જિલ્લામાં ૧૨૮૪ મળીને કુલ ૧૮૩૩ શિક્ષકોની ઘટ નોંધાઈ છે. સરકારના જણાવ્યા અનુસાર, નિવૃત્તિ, જિલ્લા ફેરબદલી અને અવસાન જેવા કારણોસર આ જગ્યાઓ ખાલી પડી છે. આથી હાલ આ જવાબદારી જ્ઞાનસહાયકથી ચાલતી હોવાનું સરકારે સ્વીકાર્યું હતું. વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં રાજ્ય સરકારે જણાવ્યું હતું કે નવસારી જિલ્લામાં ચીખલી, જલાલપોર, અને ખેરગામ સહિતના તાલુકાઓમાં કુલ ૧૨ શાળાઓમાં જર્જરિત ઓરડા છે, જ્યારે ડાંગ જિલ્લામાં સુબીર અને વઘઈ તાલુકામાં આવી ૫ શાળાઓ છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે આ જોખમી શાળાઓમાં નવસારીના ૬૬૦ અને ડાંગના ૩૭૪ મળીને કુલ ૧૦૩૪ જેટલા બાળકો જીવના જોખમે અભ્યાસ કરી રહ્યા છે. સરકારે જણાવ્યું હતું કે છેલ્લા વર્ષ દરમિયાન નવસારી જિલ્લામાં ૧૧૪ શાળાઓના ઓરડાની મરામત કરવામાં આવી હતી અને ૭૦ શાળાઓમાં નવા ઓરડા બનાવવાની કામગીરી પૂર્ણ થઈ છે.

## શિક્ષકોને ભણાવવા સિવાયની અન્ય કામગીરી સોંપાતી હોવાનો સરકારનો સ્વીકાર

અમદાવાદઃ તાજેતરમાં જ ગુજરાતમાં શિક્ષકોને બીએલઓ અને કૂતરાં ગણવાની કામગીરી મુદ્દે ભારે ચર્ચા જાગી હતી. આ મુદ્દે વિધાનસભામાં પણ પ્રશ્ન ઊઠ્યો હતો. રાજ્યની શાળાઓમાં શિક્ષકોને શિક્ષણ સિવાયની અન્ય કામગીરી સોંપવા અંગે વિધાનસભામાં મહત્ત્વની ચર્ચા કરવામાં આવી હતી. પાટણના ધારાસભ્ય ડો. કિરીટકુમાર ચીમનલાલ પટેલ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં શિક્ષણ પ્રધાને સ્વીકાર્યું હતું કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં શિક્ષકોને શિક્ષણ સિવાયની વધારાની જવાબદારીઓ સોંપવામાં આવી રહી છે. આ વધારાની કામગીરીને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસમાં ખલેલ પડતી હોવાની છેલ્લાં બે વર્ષમાં કુલ ૧૦ ફરિયાદો સરકારને મળી હોવાનું પણ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું હતું. શિક્ષણ વિભાગે સ્પષ્ટતા કરી હતી કે રાષ્ટ્રીય હિત માટે અનિવાર્ય હોય તેવી કામગીરી સિવાય શિક્ષકો પાસેથી અન્ય કોઈ બિન-શૈક્ષણિક કામ ન લેવા માટે બહાર પાડવામાં આવેલા પરિપત્રનું અસરકારક અમલીકરણ કરવા આદેશ આપવામાં આવ્યા છે.

# ગુજરાત સમાન નાગરિક સંહિતા ડ્રાફ્ટની સમીક્ષા પૂર્ણતાના આરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી)ના અમલ માટે રચવામાં આવેલી ઉચ્ચ સ્તરીય સમિતિની એક મહત્ત્વપૂર્ણ બેઠક જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈના અધ્યક્ષ સ્થાને નવી દિલ્હી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત યુસીસીના ડ્રાફ્ટની હાલની પરિસ્થિતિ, પ્રગતિ અને વિવિધ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સમિતિના અધ્યક્ષ જસ્ટિસ રંજના દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યમાં યુસીસીના અમલથી પ્રગતિશીલ અને સમાનતા આધારિત કાયદાકીય માળખું તૈયાર થશે અને દરેક નાગરિકને સમાન ન્યાય અને અધિકાર મળશે. આ બેઠકમાં સમિતિ દ્વારા અત્યાર સુધી તૈયાર કરાયેલ કાયદાના મુસદ્દાની સમીક્ષા કરવામાં હતી. જેમાં લગ્ન, છૂટાછેડા, વારસા હક્ક અને દત્તક વિધાન જેવા વિષયો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ઉપરાંત, સમિતિએ જણાવ્યું હતું કે સામાજિક સમરસતા જળવાઈ રહે તે હેતુથી ડ્રાફ્ટ તૈયાર કરતી વખતે તમામ સમુદાયોના હિતોનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

# પાણીપુરવઠા અને વીજ માળખું મજબૂત કરવા ૧૫ જિલ્લામાં જમીન ફાળવણી

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટની બેઠકમાં પાણી પુરવઠા, ઊર્જા અને બંદર વિકાસ માટે જમીન ફાળવણીની ૨૩ દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી. મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પાણી પુરવઠા બોર્ડ, જેટકો, ગુજરાત પાવર કોર્પોરેશન અને મેરીટાઇમ બોર્ડ જેવા સંસ્થાનોને વિવિધ પ્રોજેક્ટ્સ માટે કુલ ૧,૨૨,૫૩,૦૯૬ ચો. મીટર જમીન ફાળવવામાં આવી હતી. સૌથી વધુ ગુજરાત પાવર કોર્પોરેશનને બનાસકાંઠાના રાધાનેસડા ખાતે અંદાજે ૧,૨૦,૬૦,૦૦૦ ચો.મી. જેટલી વિશાળ જમીન ફાળવવામાં આવી છે.

# મોટી ફરસાણની દુકાનો માટે ટીપીસી મશીન ફરજિયાત, અમદાવાદ મનપાનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોટેભાગે ફરસાણની દુકાનોમાં એકનું એક તેલ વારંવાર વપરાય છે, જે આરોગ્ય માટે નુકસાનકારક છે. અમદાવાદ મનપાએ લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી દરેક ફરસાણની દુકાનો માટે ટીપીસી મશીન રાખવું ફરજિયાત કરવામાં આવ્યું છે. ખાદ્યતેલમાં હાનિકારક તત્ત્વો માપવા માટે વપરાતું આ મશીન હવે અમદાવાદની મોટી ફરસાણની દુકાનો માટે ફરજિયાત બની ગયું છે. એફએસએસઆઇની માર્ગદર્શિકા પ્રમાણે મોટી ફરસાણની દુકાનો માટે આ મશીન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. શહેરના ખૂબ જ મોટા લગભગ ૪૨ જેટલા ફરસાણના માટે આ મશીન હાજર રાખવું પડશે.

જે રેસ્ટોરાંમાં દૈનિક ૫૦ કિલોથી વધુ લિટર ખાદ્યતેલનો ઉપયોગ થતો હોય તેમણે આ મશીન વસાવવાનું છે અને રજિસ્ટર પણ રાખવું પડશે. આ રજિસ્ટરમાં રોજ કેટલું તેલ બળે છે, તેનો રેકોર્ડ રાખવો પડશે. આ બળેલું તેલ ભારત સરકાર દ્વારા માન્ય કરેલી ૫૩ એજન્સીઓને આપવાનું રહેશે.

મનપાના ફૂડ ઈન્સ્પેક્ટર ગમે ત્યારે આ પ્રકારના એકમોમાં ચેકિંગ માટે આવશે અને તેલની ગુણવત્તા ચેક કરશે. જ્યારે લારીઓ પર મનપાએ વસાવેલા ટીપીસી મશીનો દ્વારા ચેક કરવામાં આવશે.

# સ્થાનિક ચૂંટણીઓની જાહેરાત પહેલા વડોદરાના કોર્પોરેટરનો ચૂંટણી નહીં લડવાનો નિર્ણય

અમદાવાદઃ ચૂંટણી પંચ દ્વારા ગુજરાતની ફાઈનલ મતદાર યાદી જાહેર કરી દેવામાં આવ્યા બાદ હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ થોડા સમયમાં જાહેર થશે. આ દરમિયાન વડોદરાના સમા વિસ્તારના ભાજપના કોર્પોરેટર અને રાજકીય ક્ષેત્રે મોટું કદ ધરાવતાં પરાક્રમસિંહ જાડેજાએ મોટો ધડાકો કર્યો હતો. તેમણે ભવિષ્યમાં કોઈપણ ચૂંટણી નહીં લડવાનો નિર્ણય કર્યો હતો. તેમણે આ માટે નવી પેઢી માટે માર્ગ મોકળો કરવા ઈચ્છતા હોવાનું કારણ આપ્યું હતું. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મહત્ત્વના હોદ્દાઓ, સંગઠનમાં પદ અને આગામી ચૂંટણીઓની ટિકિટ માટે પરાક્રમસિંહ જાડેજાનું નામ હંમેશાં મોખરે રહેતું હતું. જોકે અત્યાર સુધી તેમને કોઈ મોટા પદ પર નિયુક્ત કરવામાં આવ્યા નથી, પરંતુ તેમણે સ્પષ્ટતા કરી હતી કે આ નિર્ણય પાછળ પદ ન મળવું તે કારણ નથી. મ્યુનિસિપલ કોર્પોરેશનના બજેટ પર ચર્ચા કરવા માટે બોલાવવામાં આવેલી સામાન્ય સભા દરમિયાન તેમણે આ મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી હતી. પોતાની પ્રથમ ચૂંટણીને યાદ કરતા જાડેજાએ કહ્યું કે, જ્યારે મને પ્રથમવાર ટિકિટ મળી હતી, ત્યારે મેં મારા વોર્ડના અન્ય એક નેતાનું સ્થાન લીધું હતું. હવે મારો વારો છે કે હું કોઈ અન્ય માટે જગ્યા કરું. પરાક્રમસિંહ જાડેજાએ ઉમેર્યું હતું કે તેઓ પક્ષ માટે કામ કરવાનું ચાલુ રાખશે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે જો પક્ષ તેમને સાંસદ કે અન્ય કોઈ મોટા પદની ઓફર કરે તો શું કરશો, ત્યારે તેમણે મક્કમતાથી જવાબ આપ્યો હતો કે, રાજપૂત હંમેશાં પોતાના નિર્ણય પર અડગ હોય છે. મેં એકવાર નિર્ણય કરી લીધો છે કે મારે ચૂંટણી નથી લડવી, તો હું તેના પર અડગ રહીશ. તેમણે વધુમાં ઉમેર્યું કે કાર્યકર કરતા મોટો કોઈ હોદ્દો નથી અને તેઓ આજીવન ભાજપના નિષ્ઠાવાન કાર્યકર તરીકે સેવા આપતા રહેશે. બુધવારે વડોદરા મનપામાં સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે હોબાળો થતા વિપક્ષના સાત કોર્પોરેટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# નવસારી જિલ્લામાં ભાજપમાં અસંતોષ, વધુ ૫૦ હોદ્દેદાર-કાર્યકરનાં રાજીનામાં

અમદાવાદઃ કેન્દ્રીય જળશક્તિ પ્રધાન સી આર પાટીલના મત વિસ્તાર નવસારી ભાજપમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિ છે. આઠ હોદ્દોદારોનાં રાજીનામાં સાથે અત્યાર સુધીમાં કુલ ૫૦થી વધુ રાજીનામાં પડી જતાં પક્ષમાં ખળભળાટ મચી ગયો હતો. અગાઉ પણ ૫૦ જેટલા રાજીનામાં પડી ચૂક્યાં છે.

નવસારી વિધાનસભા મત વિસ્તારના નવસારી તાલુકા ભાજપના વધુ આઠ હોદ્દેદારોએ રાજીનામાં આપ્યાં હતાં. જેમાં તાલુકા પ્રમુખ રવિ સોની, ઉપ પ્રમુખ ચેતન પટેલ અને ઈશ્વર હળપતિ, મહામંત્રી કમલેશ નાયક, મંત્રી રવિ વશી અને પ્રણવ ઠાકરે, શક્તિ કેન્દ્રના પ્રમુખ નરેન્દ્ર ઠાકોર તેમજ આદિવાસી મોરચા પ્રમુખ અર્જુન હળપતિ સહિતના પદધારકોનો સમાવેશ થાય છે. આ અંગે રાજકીય વર્તુળોમાં થતી ચર્ચા અનુસાર નવસારી જિલ્લા ભાજપમાં સંગઠન મામલે હોદેદારોમાં અસંતોષની લાગણી જોવા મળે છે. ખાસ કરીને જલાલપોર વિધાનસભા મતવિસ્તારને યોગ્ય પ્રતિનિધિત્વ ન મળ્યું હોવાના મુદ્દે અગાઉ વિજલપોર શહેર, તાલુકા અને જિલ્લા સ્તરે અનેક હોદ્દેદારોએ રાજીનામાં આપ્યાં હતાં. હવે નવસારી વિધાનસભા મત વિસ્તારમાં પણ અસંતોષ ફેલાઈ રહ્યો છે અને આઠ જેટલા હોદેદારોએ રાજીનામાં ધરી દીધાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# આપના ધારાસભ્ય હેમંત ખવાએ ટ્રેક્ટરમાં વિધાનસભા જઈ કર્યો વિરોધઃ બજેટમાં ખેડૂતો અને ગામડાઓને અન્યાયનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના આમ આદમી પક્ષના જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવા ગુરુવારે ટ્રેક્ટર સાથે વિધાનસભા પહોંચ્યા હતા. જોકે તેમને ગેટ પાસે જ રોકી દેવામાં આવ્યા હતા.

ત્યારબાદ ધારાસભ્ય હેમંત ખવા ચાલીને વિધાનસભા ગૃહ સુધી પહોંચ્યા હતા અને મીડિયાને સંબોધિત કરીને કહ્યું હતું કે બુધવારે સરકારે જે બજેટ રજૂ કર્યું એ બજેટમાં ગામડાઓ અને ખેડૂતોને ખૂબ જ અન્યાય કરવામાં આવ્યો છે. શહેરો માટે રૂ. ૩૩,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જ્યારે ગામડાઓ માટે ફક્ત રૂ. ૧૪,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. સરકારે ગૃહમાં જ જણાવ્યું કે શહેરોમાં ૪૮ ટકા વસ્તી વસે છે અને ગામડાઓમાં ૫૨ ટકા વસે છે, તો આના પરથી જ સ્પષ્ટ થાય છે કે ૪૮ ટકા લોકોને રૂ. ૩૩,૦૦૦ કરોડ અને ૫૨ ટકા લોકોને ફક્ત રૂ. ૧૪,૦૦૦ કરોડની ફાળવણી કરીને સરકારે અન્યાય કર્યો છે. તો આ બાબતનો વિરોધ કરવા માટે હું ટ્રેક્ટર લઈને વિધાનસભા પહોંચ્યો છું.

આ સાથે તેમણે ખેતીવિષયક સુવિધાઓ માટે ઓછાં નાણાં ફાળવવામાં આવ્યાં હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. ખવાએ શહેરી સુવિધાઓ અને ખેતીવિષયક સુવિધાઓ માટે ફાળવાયેલાં નાણાંની સરખામણી કરતા જણાવ્યું હતું કે ચાર લાખ કરોડના બજેટમાંથી એગ્રો પ્રોસેસિંગ યુનિટની સ્થાપના માટે ફક્ત રૂ. ૧૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે. એવી જ રીતે ટેક્સટાઇલ ઉદ્યોગને રૂ.૨૭૫૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. નવા ચેકડેમ બનાવવા માટે ફક્ત રૂ.૮૯૬ કરોડ ફાળવવાની વાત કરી એની સામે અમદાવાદ અને સુરતમાં મેટ્રો રેલ ચલાવી શકાય તેના માટે રૂ.૨૨૦૦ કરોડની જાહેરાત કરવામાં આવી. જેટલી જરૂરિયાત મેટ્રો રેલની છે એના કરતાં અનેક ગણી વધુ જરૂરિયાત લાખો ખેડૂતોને છે, તો ચેકડેમ માટે જે રકમની ફાળવણી કરવામાં આવી છે તે ખૂબ જ ઓછી છે. સૌરાષ્ટ્ર ૫૪માંથી ૫૦ સીટો પર ભાજપના ધારાસભ્યો છે અને આઠ પ્રધાન છે ત્યારે સૌની યોજનાને ફક્ત રૂ. ૪૭૩ કરોડની જોગવાઈ કરવામાં આવી જ્યારે ફક્ત એક અમદાવાદ જિલ્લામાં સિંચાઈ માટે રૂ.૬૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી, તેમ ખવાએ જણાવ્યું હતું.

# ગાંધીનગરમાં સંસ્કૃત શિક્ષણને વેગ આપનારા ૪૭૬ શિક્ષણસેવકનું સન્માન કરાયું

અમદાવાદઃ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્કૃત પ્રોત્સાહન યોજના અંતર્ગત ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો ભવ્ય સંસ્કૃત પ્રોત્સાહન સમારોહ યોજાયો હતો. માધ્યમિક સ્તરે સંસ્કૃત ભાષાના શિક્ષણને વધુ વેગ આપવા તેમજ આ ક્ષેત્રે કાર્યરત શૈક્ષણિક સંસ્થાઓ અને શિક્ષકોને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં રાજ્યની કુલ ૨૨૩ સંસ્થા જોડાઈ હતી. સંસ્થાઓના આચાર્યો અને સંસ્કૃત વિષયના ગુરુઓ સહિત કુલ ૪૭૬ શિક્ષણસેવકનું ઉત્કૃષ્ટ સેવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા સંસ્કૃત ભાષાના જતન અને પ્રચાર-પ્રસાર માટે લેવાયેલા આ પ્રયાસને સંસ્કૃતપ્રેમી મહાનુભાવોએ આવકાર્યો હતો.

## નવસારીમાં નાણાકીય ગેરરીતિ આચરનાર ટેકનિકલ આસિસ્ટન્ટ ફરજમુક્ત

અમદાવાદઃ નવસારી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા વાંસદા તાલુકાના સીંગાડ ખાતે મનરેગાના કામોમાં ગંભીર નાણાકીય ગેરરીતિ અને સત્તાના દુરુપયોગ બદલ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ અહેવાલમાં ટેકનિકલ આસિસ્ટન્ટ રવિન્દ્ર જી. થોરાટ જવાબદાર જણાતા તેમને તાત્કાલિક અસરથી ફરજમુક્ત કરવા માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દ્વારા કંપનીને સૂચના આપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. મળતી વિગતો અનુસાર, આ કાર્યવાહી સામાજિક કાર્યકરની રજૂઆત અને ત્યારબાદ થયેલી તપાસના આધારે કરવામાં આવી હતી. સીંગાડ ગ્રામ પંચાયતમાં થયેલા ભ્રષ્ટાચાર અને દસ્તાવેજોમાં છેડછાડના મામલાને ગંભીરતાથી લઈને જિલ્લા વિકાસ અધિકારીની મંજૂરી બાદ આ નિર્ણય લેવાયો હતો.

# ગુજરાતમાં એકસાથે ૫૯ તાલુકા વિકાસ અધિકારીની બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજ્યના વહીવટી માળખામાં મોટો ફેરફાર કરતા કુલ ૫૯ તાલુકા વિકાસ અધિકારીઓની તાત્કાલિક અસરથી બદલીના આદેશો જારી કરવામાં આવ્યા હતા. ૩૭ અધિકારીની સ્વ વિનંતીથી અને ૨૨ અધિકારીઓની જાહેર હિતમાં બદલી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના એંધાણ છે તેવા સમયે સુરેન્દ્રનગર, પંચમહાલ, પાટણ, ખેડા, બનાસકાંઠા, તાપી, ગાંધીનગર, નવસારી, આણંદ, સુરત, દાહોદ, સાબરકાંઠા, મહેસાણા, જૂનાગઢ, ભરૂચ, રાજકોટ, છોટા ઉદેપુર, મોરબી, વાવ, થરાદ, કચ્છ, અમરેલી, ભાવનગર, દેવભૂમી દ્વારકા, વલસાડ, નર્મદા સહિતના જિલ્લામાંથી બદલી કરવામાં આવી હતી.

# ગુજરાતમાં બે વર્ષમાં છ કેદીનો આપઘાત, ૩૮૫ આરોપી પોલીસ પકડથી દૂર

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન રાજ્યની સુરક્ષા અને જેલ પ્રશાસનને લઈને ગંભીર વિગતો પ્રકાશમાં આવી હતી. છેલ્લાં વર્ષોમાં ગુજરાતમાં ગુનાઓ, આરોપીઓની ધરપકડ, કેદીઓના આપઘાત સહિતના આંકડાઓ વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. અમદાવાદની સાબરમતી જેલમાં કેદીઓ દ્વારા કરવામાં આવતા આપઘાતના કિસ્સાઓ અંગેના પ્રશ્નના જવાબમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આંકડાઓ અનુસાર, છેલ્લાં બે વર્ષમાં કુલ ૬ કેદીઓએ આપઘાત કર્યો હતો. જેલમાં આપઘાત કરવા પાછળના કારણોમાં મુખ્યત્વે માનસિક તણાવ જવાબદાર હોવાનું બહાર આવ્યું હતું.

સરકારના જવાબ મુજબ, સજા થવાના ડર કે સજા મળ્યા પછીના તણાવ, જામીન ન મળવા અને પ્રેમિકા દ્વારા કરવામાં આવેલા કેસને કારણે જેલમાં રહેવું પડતા લાગી આવવા જેવાં કારણોસર કેદીઓએ અંતિમ પગલું ભર્યું હતું. આ ઉપરાંત, ટીબી જેવી ગંભીર બીમારીથી કંટાળીને તેમજ સામાન્ય માનસિક અસ્વસ્થતાને લીધે પણ આપઘાતના બનાવો બન્યા હોવાનું સત્તાવાર રીતે જણાવવામાં આવ્યું હતું. ગુજરાત વિધાનસભાના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન રાજ્યના વિવિધ શહેરોમાં નોંધાયેલા ગુનાઓ અને જેલના કેદીઓ અંગેના ચોંકાવનારા આંકડા સામે આવ્યા હતા. તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા જેવા મુખ્ય શહેરોમાં હત્યા, લૂંટ, બળાત્કાર અને ચોરી જેવા ગંભીર ગુનાઓ નોંધાયા હતા.

### ક્યાં છે એ આરોપીઓ?

અમદાવાદ અને રાજકોટની વાત કરીએ તો, છેલ્લાં બે વર્ષમાં નોંધાયેલા વિવિધ ગુનાઓ પૈકી કુલ ૬૨,૭૬૨ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે ૩૮૫ આરોપીઓ હજુ પણ પોલીસ પકડથી દૂર છે. આ સમયગાળામાં કુલ ૪૪,૨૮૮ ગુનાઓના ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી હતી. તેવી જ રીતે વડોદરા અને સુરત શહેરમાં પણ નોંધપાત્ર ગુનાઓ નોંધાયા હતા, જેમાં ૪૮,૨૫૦ ગુનેગારો ઝડપાયા હતા અને ૩૨,૯૯૩ ગુનાઓના ભેદ ઉકેલાયા હતા.

### ડ્રગ્સ, અફીણના ગુનાના કેદીઓની સંખ્યા વધુ

અમદાવાદ અને વડોદરા સેન્ટ્રલ જેલમાં ડ્રગ્સ, અફીણ અને ગાંજા જેવાં માદક દ્રવ્યોના ગુનામાં સંડોવાયેલા કેદીઓની સંખ્યા સૌથી વધુ છે. અમદાવાદ સેન્ટ્રલ જેલમાં ૭૩૭ અને વડોદરા સેન્ટ્રલ જેલમાં ૧૬૩ આરોપીઓને રાખવામાં આવ્યા હતા. જેમાંથી કોર્ટ દ્વારા જામીન મંજૂર થતા અનુક્રમે ૩૩૮ અને ૧૨૭ કેદીઓને મુક્ત કરવામાં આવ્યા હોવાનું સરકારે જણાવ્યું હતું.

# સુરતના કામરેજમાં ₹ ૧૪૫૦ કરોડના ખર્ચે બનશે દક્ષિણ ગુજરાતનું સૌથી મોટું હૉસ્પિટલ કેમ્પસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર, સુરતના કામરેજમાં અંદાજિત રૂ.૧૪૫૦ કરોડના ખર્ચે ૩૦.૫૫ હેક્ટર જેટલી વિશાળ જમીનમાં અત્યાધુનિક હૉસ્પિટલ કેમ્પસનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે બજેટમાં રૂ.૨૫૦ કરોડની પ્રારંભિક જોગવાઈ કરવામાં આવી છે. જેના ભાગરૂપે ૧૫૦૦ બેડની જનરલ બ્રોડ સ્પેશિયાલિટી હૉસ્પિટલ, ૫૦૦થી વધુ બેડની કાર્ડિયાક એન્ડ ન્યુરો સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ, ૫૦૦થી વધુ બેડની યુરોલોજી એન્ડ નેફ્રોલોજી સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ સાકાર થશે. આ એક જ કેમ્પસમાં જનરલ હૉસ્પિટલની સાથે ત્રણ મુખ્ય સુપર સ્પેશિયલિટી હૉસ્પિટલો ઇન્ટિગ્રેટેડ રીતે નિર્માણ પામશે, જે દક્ષિણ ગુજરાતનું સૌથી મોટું મેડિકલ હબ બની રહેશે. એટલું જ નહીં, મેડિકલ ટૂરિઝમ, શિક્ષણ, સંશોધન અને ઈમરજન્સી સેવાઓ માટે એક આદર્શ સ્થળ ઉપલબ્ધ થશે. દક્ષિણ ગુજરાતમાં નિર્માણ પામનાર ૩ અત્યાધુનિક ઇન્ટિગ્રેટેડ હૉસ્પિટલોથી દક્ષિણ ગુજરાતની આરોગ્ય સેવા અને સુવિધાઓમાં મોટો વધારો થશે જે સુરતને દેશના મેડિકલ ટૂરિઝમ મેપ પર મજબૂત સ્થાન અપાવશે. વિવિધ રોગોના દર્દીઓ એક જ સ્થળે મલ્ટિ સ્પેશિયલ આરોગ્ય સેવાઓ અને નિદાન-સારવારનો લાભ મેળવી શકશે.

## હોળી-ધુળેટી પર એસ.ટી. નિગમ દોડાવશે વધારાની ૧૩૦૦ બસ, દ્વારકા-ડાકોર માટે ૪૫૦ બસની ફાળવણી

અમદાવાદઃ હોળી અને ધુળેટીના તહેવારો દરમિયાન ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ૧૩૦૦ વધારાની બસો દ્વારા ૭૫૦૦થી વધુ ટ્રીપોનું સંચાલન કરવામાં આવશે. હોળી અને ધુળેટીના તહેવારો દરમિયાન અમદાવાદ, રાજકોટ, અમરેલી, જૂનાગઢ, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારોમાંથી ગોધરા, દાહોદ, ઝાલોદ અને છોટાઉદેપુર તરફ જનારા મુસાફરો માટે વિશેષ સુવિધા ઊભી કરવામાં આવી છે. હોળીના તહેવારમાં ડાકોરમાં ફૂલડોલોત્સવ તથા દ્વારકામાં પણ લાખો ભાવિભક્તો દર્શનાર્થે જતા હોય છે. ભક્તોને પરિવહનમાં કોઈપણ અગવડ ન પડે તે હેતુથી દ્વારકા અને ડાકોર જનારા દર્શનાર્થીઓ માટે ૪૫૦ બસો દ્વારા ૩૫૦૦ ટ્રીપ ફાળવવામાં આવી છે.

## ગુજરાતની સૌથી જૂની એલડી એન્જિનિયરિંગ કૉલેજનું ₹ ૧૯૪ કરોડના ખર્ચે થશે અપગ્રેડ

અમદાવાદઃ અમદાવાદની ઓળખસમી અને ગુજરાતની સૌથી જૂની એલડી એન્જિનિયરિંગ કોલેજને બજેટમાં રૂ. ૧૯૪ કરોડ ફાળવવામાં આવ્યા હતા. સરકારે ૨૦૨૬ અને ૨૦૨૭ માટે રૂ. ૧૯૪ કરોડની ફાળવણી કરી હતી. એલડી એન્જિનિયરિંગ કોલેજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીની તર્જ પર કામ કરી શકે તેવા ફેરફારો થશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. કેમ્પસમાં રૂ. ૫૧ કરોડનો રિસર્ચ પાર્ક ઊભો કરવામાં આવશે. રૂ. ૪૯ કરોડ ઈલેક્ટ્રિકલ બિલ્ડિંગના એક્સટેન્શન માટે ખર્ચવામાં આવશે જ્યારે રૂ. ૨૮ કરોડ નવા જિમખાના માટે ફાળવવામાં આવ્યા છે. આ સાથે કોમ્પ્યુટર બિલ્ડિંગમાં મોડ્યુલર ફર્નિચર માટે રૂ. ૧૧.૯૩ કરોડ વાપરવામાં આવશે.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 43 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 February 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં વડા પ્રધાન મોદીએ આપ્યો 'MANAV' (માનવ) મંત્ર**

# ટેક્નોલોજીનો કન્ટ્રોલ માનવના હાથમાં હોવો જોઈએઃ મોદી

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 14,391/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

અજય મોદી સમર ધમાકા
APRIL-MAY-JUNE
નેપાલ
કાઠમંડુ-પોખરા-ચિતવન
₹36999* વ્યક્તિ દીઠ થી શરૂ | ૮ દિવસ
ગુજરાતી-પંજાબી કાઠીયાવાડી ભોજન - ટુર મેનેજર
કાંદીવલી-63596 19321




**દોસ્ત હવે દુશ્મનઃ** એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં ઓપનએઆઈના સેમ ઑલ્ટમેને એન્થ્રોપિકના ડારિયો અમોંદેઈ નો હાથ નહોતો પક્ડ્યો (લાલ વર્તુળમાં). બંને એક સમયે સાથે કામ કરતા હતા અને મિત્રો હતા પણ આજે કટ્ટર હરીફ છે. (એજન્સી)

## મંચ પર ઑલ્ટમેન-અમોંદેઈની ઝેરી દુશ્મનાવટ છતી થઈ

નવી દિલ્હીઃ ભારતની એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં ચૅટજીપીટીની સર્જક કંપની ઓપનએઆઈનું નેતૃત્વ કરતા આગેવન ટેક ઉદ્યોગપતિ-સાહસિક સેમ ઑલ્ટમેને હરીફ કંપની એન્થ્રોપિકના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર ડારિયો અમોંદેઈ વચ્ચે એક વિચિત્ર કૉલ્ડવૉરની સ્થિતિ સર્જાઈ હતી. સમિટના ઉદ્‌ઘાટનના સત્ર પછી વિશ્વની બે મોટી એઆઈ કંપની ચલાવનારા હરીફ માંધાતાઓ તથા બીજા ટેક અગ્રણીઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ગ્રૂપ ફોટો પડાવવા મંચ પર ગયા હતા. આ ફોટો-ઓપ વખતે આલ્ફાબેટ અને ગૂગલના સીઈઓ સુંદર પીચાઈ, મેટાના ચીફ એઆઈ ઑફિસર એલેકઝાન્ડર વાન્ગ, સર્વમના સહસ્થાપક પ્રથ્યુસ કુમાર અને (જુઓ પાનું ૨) ▸▸

### મોદી શું બોલ્યા?

- મશીન લર્નિંગથી લર્નિંગ મશીનની છે આ સફર.
- એઆઈ સ્પેસ પણ બાળકો માટે સુરક્ષિત અને પરિવાર માટે અનુકૂળ હોવું જોઈએ.
- એઆઈ નોકરીઓ ખતમ નહીં કરે પરંતુ, નવા અવસરો પેદા કરશે.
- કેટલાક લોકોને એઆઈમાં 'ભય' દેખાય છે તો કેટલાક લોકોને 'ભાગ્ય' દેખાય છે.

### 'MANAV' એટલે શું?

| | |
|---|---|
| M | મોરલ એન્ડ એથિકલ સિસ્ટમ્સ (નૈતિક વ્યવસ્થા) |
| A | એકાઉન્ટેબલ (ઉત્તરદાયિત્વ) |
| N | નેશનલ સોવરેનિટી (રાષ્ટ્રીય સાર્વભૌમત્વ) |
| A | એક્સિસેબલ એન્ડ ઈન્ક્લૂસિવ (સૌને વાપરવા મળે અને સર્વસમાવેશક) |
| V | વેલિડ એન્ડ લેજિટિમેટ (યોગ્ય અને કાયદેસર) |

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એઆઈ ઇમ્પેક્ટ સમિટ ૨૦૨૬માં 'માનવ' MANAV વિઝન રજૂ કર્યું હતું. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) પર એક નવો મંત્ર રજૂ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે વિશ્વમાં બે પ્રકારના લોકો છેઃ એક પ્રકારના લોકોને એઆઈમાં ભય દેખાય છે જ્યારે બીજા પ્રકારના લોકોને તેમાં ભાગ્ય દેખાય છે. ભારતના લોકોને તેમાં ભાગ્ય દેખાય છે. ભારતીય કંપનીઓએ સમિટમાં ઘણા એઆઈ મોડલ લોન્ચ કર્યા છે. વડાપ્રધાન મોદીએ માનવ વિઝન રજૂ કરતા કહ્યું હતું કે તે પાંચ મૂળભૂત સિદ્ધાંતોનું એક ટૂંકું નામ છે. જેમાં મોરલ એન્ડ એથિકલ સિસ્ટમ, એકાઉન્ટેબલ ગવર્નન્સ, નેશનલ સોવરેનટી, એક્સેસિબલ એન્ડ ઈન્ક્લૂસિવનેસ અને વેલિડ એન્ડ લેજિટિમેટનો સમાવેશ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એઆઈના લોકશાહીકરણ કરવાની વાતને સમર્થન આપતા ગુરુવારે 'MANAV' વિઝન રજૂ કર્યું હતું. આ માનવ કેન્દ્રિત અભિગમ અને ઝડપથી ઉભરતી ટેકનોલોજીના ઉપયોગ માટે જેમાં સાર્વભૌમત્વ અને સમાવેશકતા પર ભાર મૂકવામાં આવ્યો (જુઓ પાનું ૨) ▸▸

## ચૂંટણીઓ પહેલા મફતની 'રેવડી'ઓ શેની વહેંચો છો?: રાજ્યો પર સુપ્રીમ કોર્ટ ભડકી

નવી દિલ્હીઃ ભારતની સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પહેલા મફત વીજળી આપવાના વચન મામલે તમિળનાડુ સરકારની ઝાટકણી કાઢી હતી અને સાથે ચૂંટણી પહેલા અન્ય રાજ્ય સરકારો દ્વારા આપવામાં આવતી 'મફતની ભેટો' (રેવડી) ના વધતા જતા વલણ સામે કડક ચેતવણી આપી હતી.ચૂંટણીને આરે રહેલી તમિળનાડુ સરકારનો નાણાકીય સ્થિતિને ધ્યાનમાં લીધા વિના, તેના ગ્રાહકોને મફત વીજળી પૂરી પાડવાનો એક પ્રસ્તાવ જાણ્યા બાદ રાજ્યો પર ટીકાત્મક ટિપ્પણીઓનું કારણ બન્યો જે બજેટ ખાધનો સામનો કરી રહ્યા છે અને વિકાસ માટે નાણાંની અછતની ફરિયાદ કરી રહ્યા છે.કોર્ટે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે કે મફત વીજળી અને સીધી રોકડ ટ્રાન્સફર જેવી અંધાધૂંધ જાહેરાતો રાજ્યની તિજોરી ખાલી કરી રહી છે. આના કારણે આવશ્યક લાંબા ગાળાના વિકાસ કાર્યો માટે ફંડ બચતું નથી, જેનાં પરિણામે વિવિધ રાજ્યોમાં અંદાજપત્રીય ખાધ સર્જાય છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે ખાસ (જુઓ પાનું ૨) ▸▸

## એપસ્ટીનકાંડઃ કિંગ ચાર્લ્સના નાના ભાઈ એન્ડ્રુની ધરપકડ



લંડનઃ બ્રિટનના રાજા ચાર્લ્સ ત્રીજાના નાના ભાઈ અને ભૂતપૂર્વ પ્રિન્સ એન્ડ્રુ માઉન્ટબેટનની ધરપકડ કરવામાં આવી છે. તેમનું નામ તાજેતરમાં અમેરિકાના જાતીય ગુનેગાર એપસ્ટીન ફાઈલ્સમાં સામે આવ્યું હતું. મીડિયા રિપોર્ટ અનુસાર, બ્રિટિશ પોલીસે તેમની પોતાના પદનો દુરુપયોગ કરવાની શંકાના આધારે ધરપકડ કરી હતી. પોલીસે બર્કશાયર અને નોરફોકમાં સંબંધિત સ્થળોએ તપાસ (જુઓ પાનું ૨) ▸▸

## સેન્સેક્સમાં ગાબડુંઃ ઈન્વેસ્ટરોના ૬.૭૯ લાખ કરોડ રૂપિયા ધોવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે આજે અમેરિકા-ઈરાન વચ્ચેનો ભૌગોલિક તણાવ સપાટી પર આવતા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે સત્રના આરંભે જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હતો અને ખાસ કરીને રિલાયન્સ અને એચડીએફસી બૅન્ક સહિતનાં ઈન્ડેક્સ હેવી વેઈટ શૅરોમાં વેચવાલીનું ભારે દબાણ રહેતાં બજાર પર મંદીનો ઓછાયો ફરી વળ્યો હતો. તેમ જ સત્રના અંતે બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૧.૪૮ ટકાના અથવા તો ૧૨૩૬.૧૧ પૉઈન્ટના કડાકા સાથે ૮૨,૪૯૮.૧૪ના મથાળે અને નેશનલ (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકી લશ્કરનો જંગી જમાવડોઃ ઈરાન પર હુમલાના ભણકારા

વોશિંગ્ટનઃ અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધતો જઈ રહ્યો છે. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે અમેરિકા આગામી સપ્તાહમાં ઈરાન પર હુમલો કરી શકે છે. અમેરિકાનું લશ્કર પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની મંજૂરી મળવાની રાહ જોઈ રહી છે. અમેરિકા મધ્ય પૂર્વમાં સતત પોતાની લશ્કરી તહેનાતી વધારી રહ્યું છે. ૨૦૦૩માં ઈરાક પરના હુમલા બાદ અમેરિકાના મધ્ય પૂર્વમાં પોતાની સૌથી મોટી લશ્કરી હાજરી નોંધાવી રહી છે. જેમાં અનેક આધુનિક વિમાનોનો સમાવેશ થાય છે. અમેરિકાએ મધ્ય પૂર્વમાં એફ-૩૫ અને એફ-૨૨ વિમાનો તહેનાત કર્યા છે. રિપોર્ટ અનુસાર, અમેરિકાએ એફ-૩૫, એફ-૧૫, એફ-૧૬, એફ-૨૨ (જુઓ પાનું ૨) ▸▸

સમીર શાહ ના સથવારે...
અમેરિકા ૨૦૨૬
૧૦/૧૧/૧૭/૨૧ રાત
8 May (6 seats), 29 May (15 seats left)


૨૧ રાતઃ Adult (2 in 1 room) = $ 7100 = ₹6,53,000*
Adult (4 in 1 room) = $ 6500 = ₹5,98,000*
૧૭ રાતઃ Adult (2 in 1 room) = $ 5800 = ₹5,33,000*
Adult (4 in 1 room) = $ 5200 = ₹4,78,000*
ABOVE OFFER VALID TILL 28 FEB. 2026 ONLY
*EXCLUDES : Main Flight, 5% GST, 5% TCS, Visa
9769000799 9820026046
Dolphin Tours

A BRAND OF RAJNISH WELLNESS LIMITED
જોશ, તાકદ, ENERGY અને સ્ફૂર્તિ વધારો

તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન કેપ્સ્યુલ્સ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો. માત્ર 21 દિવસના કોર્સમાં, સુખ અને સંતોષ એક આદત બની જાય છે અને છેવટે સફળ અને ખુશ જીવન જીવે છે. શરીરના આવશ્યક ભાગો પર સખ્તાઇ અને સનસનાટીભર્યા નબળા ચેતા રાખવા માટે, કોર્સ સાથે પ્લે વિન ઓઇલનો ઉપયોગ કરો.
મહિલા માટે ભી ઉપલબ્ધ છે
પ્લે-વિન-F કેપ્સ્યુલ ફક્ત મહિલા માટે
ફક્ત પુરુષો માટે
પ્લે-વિન કેપ્સ્યુલ
બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે
Only Effect No Side Effect


21 દિવસ સુધી દરરોજ સવારે 1 અને સાંજે 1 પ્લે-વિન કેપ્સ્યુલ ખાવાનું
સારા પરિણામો માટે પ્લે-વિન તેલનો ઉપયોગ કરો
તેલ | કેપ્સ્યુલ


**જીએસટી ઘટાડાની અસર ઓસરી**

## સાબુ, હેર ઑઈલ, નૂડલ્સ, ચોકલેટના ભાવ વધવા માંડ્યા

નવી દિલ્હીઃ સપ્ટેમ્બરના જીએસટી દરમાં સુધારાને લીધે થોડા સમય માટે ભાવો સ્થિર રાખવામાં મદદ મળી હતી, પરંતુ હવે છ મહિના બાદ આ ટ્રેન્ડ બદલાઈ ગયો છે. જણસોના વધતા ભાવ અને નબળા રૂપિયાને લીધે નફા પર દબાણ આવતા ભારતની કનસ્યુમર ગૂડ્સ માર્કેટમાં જણસોનો ભાવ પાંચ ટકા સુધી વધ્યો છે. હવે આ ત્રિમાસિકમાં ભાવ પરનો પ્રભાવ દેખાઈ રહ્યો છે. વિતરકોએ કહ્યું હતું કે રોજની આવશ્યક જણસો જેવી કે ડિટરજન્ટ, હેર ઑઈલ, ચોકલેટ, નૂડલ્સ અને બ્રેકફાસ્ટ સિરીયલ્સના પેક પર ઊંચા ભાવના લેબલ લાગ્યા છે. સપ્ટેમ્બરમાં જીએસટીના સુધારા પછી કંપનીઓએ જીએસટીના ઘટાડેલા દરના લાભ ભાવ ઘટાડીને કનસ્યુમર ગૂડ્સમાં ગ્રાહકોને આપ્યો હતો. હવે આ સમયગાળા બાદ ભાવ વધવાનો રાઉન્ડ શરૂ થયો છે. નફાવિરોધી કાયદાની તપાસ ન થાય એ માટે (જુઓ પાનું ૨) ▸▸

## બાવીસ રાજયમાં 'સર'ની પ્રક્રિયા એપ્રિલમાં શરૂ થશે

નવી દિલ્હી : દિલ્હી, હરિયાણા અને હિમાચલ પ્રદેશ સહિત બાવીસ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) સર એપ્રિલમાં શરૂ થવાની સંભાવના છે. ચૂંટણી પંચે આ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને તેમની તૈયારીઓ પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે. ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એસઆઈઆર સંબંધિત તેમની તમામ પ્રારંભિક તૈયારીઓ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે જેથી આ મેગા-અભિયાન એપ્રિલમાં કોઈપણ અડચણ વિના શરૂ કરી શકાય. દિલ્હી, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, ચંડીગઢ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ઓડિશા, પંજાબ, સિક્કિમ, ત્રિપુરા, તેલંગણા અને ઉત્તરાખંડમાં 'સર'ની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને લખેલા પત્રમાં ચૂંટણી પંચે જણાવ્યું હતું કે મતદાર યાદી સુધારણાનો આદેશ ગયા વર્ષે જૂનમાં આપવામાં આવ્યો હતો. બિહારમાં 'સર' પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હતી અને નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહી છે. આસામમાં એસઆઈઆરને બદલે 'સ્પેશિયલ રિવિઝન' ૧૦ ફેબ્રુઆરીએ પૂર્ણ કરવામાં આવ્યું હતું. ■

🙏 ભાવ- સ્મરણ 🙏
|| શ્રી ગણેશાય નમઃ || || ૐ નમો ભગવતે વાસુદેવાય નમઃ || || શ્રી સરસ્વતીએ નમઃ ||
બ્રહ્મલીન પ્રાતઃસ્મરણીય ભાગવત કથાકાર
સંત શિરોમણી પરમ પૂજ્ય શ્રી રામચંદ્રજી ડોંગરેજી મહારાજ
"બાપજી"

સવંત ૨૦૮૨ ફાગણ સુદ ત્રીજના બાપજીના જન્મ શતાબ્દી દિન નિમતે તેમને શત શત પ્રણામ...
ભાગવત કથા ને ઘર-ઘર માંથી સાર્વજનિક જન - જન સુધી પહોંચાડનાર બાપજીએ પૂરા ભારત વર્ષમાં ૧૧૦૦ ભાગવત કથાનું રસપાન લોકોને કરાવ્યું અને સવંત ૨૦૪૭ કારતકવદ છઠના એમણે મોક્ષ તરફ પ્રયાણ કર્યું...
હૃદયમાં ભાવ, મુખમાં રામનામ અને આંખોમાં સદા વસતા બાલકૃષ્ણ સ્વરૂપ સાથે આખુ જીવન જીવનારા પ.પૂ. પ્રાતઃસ્મરણિય શ્રી શુકદેવજી મહારાજ સ્વરૂપ શ્રીરામચંદ્ર ડોંગરેજી મહારાજ (બાપજી) એ કળિયુગમાં નામ સ્મરાણનો અનોખો મહિમા આપણને સમજાવ્યો છે.
નામ એજ બ્રહ્મ છે, નામ એજ પરમાત્મા અને નામ એજ ઇશ્વર નું સ્વરૂપ છે.
જે કાર્યભગવાન ન કરી શકે તે કાર્ય ભગવાનનું નામકરે છે
એમના છેલ્લા શબ્દો....
ભાગવત જ ભગવાનનું શબ્દમય સ્વરૂપ છે.
"જીવનમાં વિષયાનંદ કરતા ભજનાનંદ શ્રેષ્ઠ છે અને એમાં જ જીવનની સાર્થકતા છે"
સાગર કેવો - સાગર જેવો
રામ કેવા - રામજી જેવા
અને બાપજી કેવા - બાપજી જેવા
એવા શ્રી બાપજી ની ૧૦૦ મી જન્મ જયંતી નિમિત્તે આજે આપણે સંકલ્પ લઈએ કે શ્રીમદ ભાગવત રહસ્ય ની ઘરમાં પધરામણી કરી અને નિત્ય વાંચન કરીએ
સૌજન્યઃ
Vamas The Designer Blouses
VAMAS FASHION PVT. LTD.
www.vamas.in
પરમ પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજ - વૉટ્સએપ ગ્રુપ મા જોડાવા માટે આ ક્યું આર કોડ સ્કેન કરો
રોજ સવારે ૭ વાગે -
* ૨ ભાગવત્ રહસ્ય વાંચન માટે અને
* પરમ પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજના અવાજમાં ભાગવત્ કથાનો ઓડિયો, અંદાજે દસ મિનિટનો, ગ્રુપમાં પ્રસાર થાય છે.

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગલગોટિયાઓનો ભવાડો, આખું એઆઈ સમિટ શંકાના દાયરામાં

**દેશની** રાજધાની દિલ્હીમાં 'ભારત મંડપમ'માં ચાલી રહેલા 'ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ ૨૦૨૬'માં ગ્રેટર નોએડાની ગલગોટિયા યુનિવર્સિટીએ દેશની ઈજ્જતનો ફાલુદો કરી નાખ્યો. ગલગોટિયા યુનિવર્સિટીએ ચાઈનીઝ રૉબૉ ડોગને પોતે બનાવેલો ગણાવીને આખી દુનિયાને મૂરખ બનાવવાની કોશિશ કરી પણ તેની પોલ ખૂલી જતાં સોશ્યલ મીડિયા પર આપણી ભારે મજાક ઊડી રહી છે.

રૉબૉ ડોગ જેવી બીજાંએ બનાવેલી સાવ સામાન્ય પ્રોડક્ટને પોતાના નામે ચડાવીને ટેક્નોલોજીમાં ખાં થઈ ગયા હોવાનાં બણગાં ફૂંકનારનો ભાંડો ફૂટે પછી મજાક ઊડવી સ્વાભાવિક જ છે. ગલગોટિયા યુનિવર્સિટીના સ્ટોલ પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)થી સંચાલિત 'ઓરિયન' (એઆરઆઇઓએન) નામનો રૉબૉ ડોગ રજૂ કરીને દાવો કરાયેલો કે, આ રૉબૉ ડોગ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ બનાવ્યો છે.

આ ભવાડા પછી ગલગોટિયા યુનિવર્સિટીને 'ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ ૨૦૨૬'માંથી લાત મારીને તગેડી મુકાઈ છે. યુનિવર્સિટીએ પોતાની ભૂલ પણ સ્વીકારી છે પણ પોતે કશું ખોટું કર્યું હોવાનું કે આખી દુનિયાને બેવકૂફ બનાવવા નિકળેલાં એવું સ્વીકાર્યું નથી. બલકે સ્ટોલ પર ઊભી રહેલી નેહા સિંહ નામની અધ્યાપિકાને બલિનો બકરો બનાવીને તેના માથો દોષનો ટોપલો ઢોળી દેવાયો છે.

યુનિવર્સિટીના કહેવા પ્રમાણે, નેહા સિંહે ખોટી માહિતી આપી તેના કારણે લોકોમાં ભ્રમ ઊભો થયો. નેહા સિંહને પ્રોડક્ટ અંગે કોઈ ચોક્કસ માહિતી નહોતી અને મીડિયા સાથે વાત કરવાની મંજૂરી પણ ન હતી. યુનિવર્સિટીએ એવો બચાવ પણ કર્યો છે કે, નેહા સિંહનો ઈરાદો ખોટી માહિતી ફેલાવવાનો ન હતો પણ છતાં અતિ ઉત્સાહમાં આવીને પ્રોડક્ટના ટેકનિકલ સ્રોત અંગે ખોટી માહિતી આપી દીધી હતી.

યુનિવર્સિટી આ બચાવ કરીને લોકોને ફરી મૂરખ બનાવી રહી છે એ કહેવાની જરૂર નથી કેમ કે યુનિવર્સિટીના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પણ રોબોટ 'ઓરિયન' (એઆરઆઈઓએન) 'ગલગોટિયાસના સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા વિકસિત' કરાયો હોવાનું જૂઠાણું ચલાવીને તેને ભારતીય એન્જિનિયરિંગનો ઉત્તમ નમૂનો' ગણાવવામાં આવ્યો હતો.

નેહા સિંહે મીડિયાને ઈન્ટરવ્યૂ આપ્યો અને સરકારી ટીવી ચેનલ ડીડી ન્યૂઝ પર આ ઈન્ટરવ્યુ બ્રોડકાસ્ટ થયો તેમાં પોલ ખૂલી, બાકી યુનિવર્સિટીનો ઈરાદો તો ચાઈનીઝ રોબોને પોતાના નામે ચડાવીને વાહવાહી અને સરકારી સહાય મેળવવા જ માગતા હતા. ડીડી ન્યૂઝના સમાચાર જોયા પછી સોશ્યલ મીડિયા પર ટેક્નોલોજીના નિષ્ણાતોએ કોમેન્ટ કરી કે, આ રોબો ગલગોટિયાના ગોટિયાઓએ નહીં પણ ચીની કંપની યુનિટ્રી રોબોટિક્સ (યુએનઆટીઆરઈઈઆરઓબીસોટીઆઈ-સીએસ)એ બનાવ્યો છે. જીઓટુ (Go2) નામનો આ રોબો ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર ૩,૦૦૦ ડોલર એટલે કે લગભગ ૩ લાખ રૂપિયામાં સરળતાથી મળે છે.

આ કોમેન્ટ્સ પછી સોશ્યલ મીડિયા પર થયેલા 'ફેક્ટ-ચેક'માં આ વાત સાચી સાબિત થઈ એ પછી પણ યુનિવર્સિટી તો ભૂલ સ્વીકારવા તૈયાર નહોતી પણ વિદેશથી પણ પસ્તાળ પડવાની શરૂ થઈ એટલે સરકાર સફાળી જાગી અને ગલગોટિયાએ પ્રોત પકાશ્યું. વિદેશી પ્રોડક્ટ પર પોતાનું લેબલ ચિપકાવીને તેને સ્વદેશી ઇનોવેશન તરીકે રજૂ કરનારી યુનિવર્સિટીને તાત્કાલિક સ્ટોલ ખાલી કરવા ફરમાન કરાયું પણ બીજાં કોઈ પગલાં લેવાયાં નથી તેના પરથી સ્પષ્ટ છે કે, સરકાર ભીનું સંકેલવા મથી રહી છે.

યુનિવર્સિટીએ નેહા સિંહ પર દોષનો ટોપલો ઢોળીને હાથ ખંખેરી નાખ્યા એ રીતે કેન્દ્ર સરકાર પણ યુનિવર્સિટી પર દોષારોપણ કરીને હાથ ખંખેરી રહી છે પણ આ ભવાડાની સીધી જવાબદારી કેન્દ્ર સરકારની છે. 'ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ ૨૦૨૬'નું આયોજન ભારત સરકારના ઈન્ડિયન એઆઈ મિશને કર્યું છે અને કેપીએમજી તેમાં નોલેજ પાર્ટનર છે. ભારત સરકારની બીજી એજન્સીઓ પણ તેમાં સહ આયોજક છે. ટૂંકમાં આ આખો કાર્યક્રમ ભારત સરકારે જ કર્યો છે.

આ કાર્યક્રમ વૈશ્વિક કક્ષાનો છે ને દુનિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સેક્ટરના ખાનખાનાઓ પધાર્યા છે. ભારતમાં એઆઈ ક્ષેત્રે થઈ રહેલી કામગીરી બતાવીને ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)માં સુપર પાવર બની રહ્યું છે એ આ ખાનખાનાઓને બતાવીને દેશની તાકાત બતાવવાનો આ સમિટનો ઉદ્દેશ છે તેથી ભારતની પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે.

આ સંજોગોમાં સમિટમાં રજૂ થનારી દરેક પ્રોડક્ટ ખરેખર ભારતીય જ છે એ ચકાસ્યા પછી જ તેમને સ્ટોલ પર મૂકવાની મંજૂરી અપાવી જોઈતી હતી. એવી કોઈ ચકાસણી ના કરાઈ ને ચાઈનીઝ પ્રોડક્ટને ભારતની પ્રોડક્ટમાં ખપાવી દેવાઈ તો તેના માટે સરકારી અધિકારીઓ જવાબદાર કહેવાય કે નહીં ? બિલકુલ કહેવાય એ જોતાં સરકારની જ જવાબદારી ગણાય.

સરકારે આખું આયોજન ટેકનિકલ ક્ષેત્રના નિષ્ણાતોને સોંપ્યું હોત તો પણ આ ભવાડો ના થયો હોત પણ સરકાર અધિકારીઓના ભરોસે ચાલે છે તેમાં પણ આબરૂનો ધજાગરો થઈ ગયો. મંત્રીઓને સાયન્સ ને ટેકનોલોજીમાં કોઈ ગતાગમ પડતી નથી ને તેમને તેમાં રસ પણ નથી. સમિટ આખી ઈનોવેશન વિશે છે પણ તેના પર વધારે ધ્યાન આપવાના બદલે ગિનેસ બુક ઓફ વર્લ્ડમાં ફલાણા માટે સ્થાન મળ્યું એવા તાયફા કરાય તેના પરથી જ મંત્રીઓનું બૌધ્ધિક સ્તર શું છે એ ખબર પડી જાય.

આઘાતજનક વાત એ છે કે, ગલગોટિયાઓના કારણે સમિટ હાંસીને પાત્ર બની ગયું છતાં ગલગોટિયા યુનિવર્સિટી સામે કોઈ પગલાં જ નથી લેવાયાં. દેશની ઈજ્જતનો કચરો કરનારને માત્ર સ્ટોલ ખાલી કરીને જવા દેવાય એ કેવું? આખી દુનિયા સામે દેશની ઈજ્જતનો ફાલુદો કરી નાંખનારી ગલગોટિયા યુનિવર્સિટીની માન્યતા રદ કરી દેવી જોઈએ અને તેના કારભારીઓને જેલમાં નાખી દેવા જોઈએ કે જેથી ભવિષ્યમાં બીજું કોઈ આવું અપકૃત્ય કરતાં પહેલાં સો વાર વિચાર કરે. એવાં કશાં પગલાં ભરવાના બદલે સરકાર સાવ ચૂપ છે.

ગલગોટિયાઓના કારણે મોટા ઉપાડે યોજાયેલું આ સમિટ શંકાના દાયરામાં આવી ગયું છે. ગલગોટિયા તો છીંડે ચડેલા ચોર છે પણ બીજાંએ પણ આ ધંધો નહીં કર્યો હોય તેની શું ગેરંટી? ગલગોટિયા સાવ સસ્તી પ્રોડક્ટ ખરીદીને પોતાની ગણાવવા ગયા તેમાં ભરાઈ પડ્યા પણ બીજા સ્માર્ટનેસ બતાવીને કોઈને ખબર ના પડે એ રીતે વિદેશમાં બનેલી પ્રોડક્ટ્સને ખરીદીને મેઈક ઈન ઈન્ડિયાનું લેબલ ચિપકાવીને બેસી નહીં ગયા હોય તેની ખાતરી નથી એ જોતાં સમિટમાં કેટલું સાચા અર્થમાં સ્વદેશી એ સવાલ છે.

આ તાયફાએ ભારતમાં શિક્ષણ અને એઆઈ સેક્ટરની દયનિય હાલત પણ છતી કરી દીધી છે. ગલગોટિયા યુનિવર્સિટીએ બીજું કંઈ ના કર્યું હોત ને ૩ લાખમાં ખરીદેલા રોબો ડોગની નકલ કરીને નવો રોબો ડોગ બનાવી દીધો હોત તો પણ ચાલત પણ યુનિવર્સિટીએ ના કરી શકી કેમ કે તેની પાસે એવી તાકાત જ નથી. જે યુનિવર્સિટી ૩૫૦ કરોડ રૂપિયાની એઆઈ ઈસીઓ એસવાયએસટીઈએમ હોવાનો દાવો કરે એ રૉબૉ ડોગની નકલ ના કરી શકે તેનો અર્થ એ થયો કે, યુનિવર્સિટી પાસે ખરેખર કોઈ સિસ્ટમ નથી અને ખોટા દાવા કરીને વિદ્યાર્થીઓને ઉલ્લુ બનાવાય છે. આવા લોકોના ભરોસે આપણે એઆઈમાં સુપર પાવર બનવા નિકળ્યા છીએ! ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૨૦-૨-૨૦૨૬, પંચક

- ભારતીય દિનાંક ૧, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન સુદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ સુદ -૩
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૪થો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા રાત્રે ક. ૨૦-૦૬ સુધી, રેવતી
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૩-૫૨, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૧ (તા. ૨૧)
- ઓટઃ સવારે ક. ૦૭-૪૦, રાત્રે ક. ૧૯-૪૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ફાલ્ગુન – શુક્લ તૃતીયા. ભારતીય ફાલ્ગુન માસારંભ, પંચક, અમૃતસિદ્ધિયોગ ક. ૨૦-૦૮થી સૂર્યોદય, ભદ્રા પ્રારંભ ક. ૨૫-૫૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, શનિ દેવતાનું પૂજન, અર્હિબુધ્ન્ય દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, સ્થિર કાર્યો, લીમડો વાવવો, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, પ્રયાણ મધ્યમ, દુકાન-વેપાર, નોકરી, નવાં વસ્રો, આભૂષણ, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, મિલકત લેવડદેવડ, ધાન્ય ભરવું, બી વાવવું, નવી તિજોરીની સ્થાપના, ઘર-ખેતર જમીન, મકાન, લેવડદેવડ.
- આચમનઃ શનિ-નેપ્ચૂન યુતિ ભાવહીન, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ કારખાનામાં ખોટા ખર્ચ પરત્વે સંભાળવું.
- ખગોળ જ્યોતિષઃ શનિ-નેપ્ચૂન યુતિ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ (તા. ૨૧)
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-મકર, માર્ગી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ટ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# એઆઈ સમિટમાં કોણ-કોણ, શું-શું બોલ્યા?

### ટેકને સાંકળો માનવતા સાથેઃ મૅક્રોન

વૈશ્વિક સ્તરે તણાવ વધી રહ્યો હોવા વચ્ચે તમામ ડિજિટલ ઉપકરણોના ઉપયોગ માટે સર્વસમાવેશક અભિગમ અપનાવવાની તાતી જરૂર છે, એમ જણાવતાં ફ્રાન્સના પ્રમુખ ઍમ્માન્યુઅલ મૅક્રોને ગુરુવારે કહ્યું હતું કે ભારત અને ફ્રાન્સ સંયુક્ત રીતે ઈનોવેશનને જવાબદારી અને ટૅક્નોલૉજીને માનવતા સાથે સાંકળી લઈને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના માળખાનું નિર્માણ કરશે. પૃથ્વીનું રક્ષણ અને તમામ પૃથ્વીવાસીઓની સમૃદ્ધિ માટે ભારત અને ફ્રાન્સ સ્વાયત્ત એઆઈ વિકસાવવાનું સામાન્ય લક્ષ્ય ધરાવે છે, એમ તેમણે કહ્યું હતું.

### ₹૧૦ લાખ કરોડનું રોકાણઃ અંબાણી

અબજોપતિ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીએ આવનારાં સાત વર્ષમાં એઆઈ ક્ષેત્રે ૧૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની ગુરુવારે જાહેરાત કરી હતી. રિલાયન્સ સાથે મળીને જિઓ આ રોકાણ કરશે. મોબાઈલ અને ઈન્ટરનેટ ડૅટા દેશભરના લોકોને સરળતાથી અને સસ્તાં દરે પહોંચાડવાનું લક્ષ્ય રિલાયન્સ ગ્રૂપે પ્રાપ્ત કર્યું છે એ જ ધોરણે એઆઈને લોકો સુધી પહોંચાડવાની પ્રતિજ્ઞા તેમણે લીધી હતી. પ્રારંભમાં પ્રત્યેક નાગરિક, વેપાર-ઉદ્યોગ અને સરકારી સેવાઓને એઆઈ સાથે સાંકળી લેવામાં આવશે એમ જણાવી તેમણે જિઓની ડિજિટલ ક્રાન્તિનો પડઘો પાડ્યો હતો. અગાઉ જિઓએ ભારતને ઈન્ટરનેટના યુગ સાથે જોડ્યું હતું અને હવે તે દેશને એઆઈ યુગ સાથે જોડશે.

### ભારત સ્વતંત્ર એઆઈનું માળખું રચેઃ જિત અદાણી

ભારતે એઆઈ અન્ય દેશમાંથી આયાત કરવા પર આધાર રાખવાને બદલે પોતાનું સ્વતંત્ર એઆઈ માળખું ઊભું કરવું જોઈએ એમ જણાવતાં અદાણી ગ્રૂપના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જિત અદાણીએ ગુરુવારે કહ્યું હતું કે એઆઈ દેશના સાર્વભૌમત્વની નવેસરથી વ્યાખ્યા કરશે. ભારતની 'ઈન્ટેલિજન્સ સેન્ચુરી'ના વિઝન અંગે બોલતાં ગૌતમ અદાણીના પુત્ર જિત અદાણીએ એનર્જી, કમ્પ્યુટર અને ક્લાઉડને ભારતના સાર્વભૌમત્વના ત્રણ મુખ્ય સ્તંભ લેખાવ્યા હતા. એઆઈના ભવિષ્યને સુરક્ષિત કરવા ભારતે આ તમામ ક્ષેત્રે સ્વાયત્તતા મેળવવી જરૂરી છે.

### એઆઈનું લોકશાહીકરણ છે ભાવિનો માર્ગઃ ઑલ્ટમૅન

ઑપન એઆઈના સીઈઓ સૅમ ઑલ્ટમૅને કહ્યું હતું કે એઆઈનું લોકશાહીકરણ જ ભાવિનો યોગ્ય અને સુરક્ષિત માર્ગ છે. 'અર્લી વર્ઝન ઑફ ટૂ સુપર ઈન્ટેલિજન્સ' ગણતરીના વરસો જ દૂર છે એમ જણાવી એઆઈ ક્ષેત્રે ભારતે સાધેલી પ્રગતિની તેમણે પ્રશંસા કરી હતી. અમારું માનવું છે કે એઆઈનું લોકશાહીકરણ જ માનવતાને સમૃદ્ધ કરવાની ખાતરી કરવાનો ભવિષ્યનો યોગ્ય અને સુરક્ષિત માર્ગ છે.

### ભારત એઆઈને અપનાવવા આતુરઃ અમૉદેઈ

ઍન્થ્રોપિકના સીઈઓ ડારિયો અમૉદેઈએ કહ્યું હતું કે ગ્લૉબલ સાઉથમાં એઆઈના લાભ વિશ્વના અન્ય કોઈ પણ પ્રદેશ કરતા વધુ સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. ભારતની ટૅક્નિકલ નિપુણતા અને એઆઈને અપનાવવાની આતુરતા અને વર્તમાનમાં આ ક્ષેત્રે સાધેલો વિકાસ ધ્યાન પર લેવા જેવો છે. એઆઈમાં વિકાસને વેગ આપવાની ક્ષમતા છે તેવા સંજોગોમાં આપણે ખાતરી કરવી જોઈએ કે એઆઈ સિસ્ટમ સુરક્ષિત, આગાહી કરી શકાય તેની અને માણસના અંકુશમાં હોય.

## ઑલ્ટમેન-અમૉદેઈ
# એક સમયે સાથે-સાથે, આજે સામ-સામે કેમ?

નવી દિલ્હીઃ એઆઈ ઈમ્પેક્ટ સમિટના ચોથા દિવસે સ્ટેજ પર બે ટૅક લીડર્સ ઑપન એઆઈના સૅમ ઑલ્ટમૅન અને ઍન્થ્રોપિકના સીઈઓ ડારિયો અમૉદેઈ વચ્ચે અણબનાવ જોવા મળ્યો હતો. સ્ટેજ પર ટૅક લીડરોએ એકતા દર્શાવવા એકમેકનો હાથ પકડ્યો હતો, પરંતુ બંનેએ એકમેકનો હાથ નહોતો પકડ્યો. એક સમય હતો જ્યારે આ બંને એકસાથે કામ કરતા હતા.

ઍન્થ્રોપિકના સીઈઓ ડારિયો અમૉદેઈ એક સમયે ઑપન એઆઈની મુખ્ય ટીમનો હિસ્સો હતા અને ઑલ્ટમૅન સાથે કામ કરતા હતા. વૈચારિક લડાઈને કારણે તેમણે ઑપન એઆઈ છોડીને ઍન્થ્રોપિક નામની એઆઈ કંપની શરૂ કરી હતી. ડારિયો અમૉદેઈ ખરેખર તો પહેલા ઑપન એઆઈની મુખ્ય ટીમનો હિસ્સો હતા. આ એ જ ટીમ હતી જેણે ચેટજીપીટી જેવી મોટી યોજનાનો પાયો નાખ્યો હતો, પરંતુ વૈચારિક મતભેદને કારણે અમૉદેઈએ ૨૦૨૧માં ઑપન એઆઈ છોડીને ઍન્થ્રોપિક નામની એઆઈ કંપની શરૂ કરી હતી. અમૉદેઈનું માનવું હતું કે એઆઈ ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે, પરંતુ તેની સુરક્ષા પર જેટલું ધ્યાન આપવું જોઈએ તેટલું ધ્યાન આપવામાં નથી આવી રહ્યું. અમૉદેઈ ઈચ્છતા હતા કે એઆઈને વધુ કંટ્રોલ અને નિયમો સાથે આગળ વધારવું જોઈએ.

બીજી તરફ ઑલ્ટમૅન અલગ રીતે વિચારતા હતા. ઑપન એઆઈએ ઝડપથી તેની પ્રોડ્ક્ટ્સ લૉન્ચ કર્યા. ચેટજીપીટીને સામાન્ય લોકો સુધી પહોંચ્યું. બિઝનેસ મૉડેલ બનાવ્યું. એન્ટરપ્રાઈસ ટૂલ્સ બનાવ્યાં. તેમનું લક્ષ્ય હતું કે વધુને વધુ લોકો એઆઈનો ઉપયોગ કરે. આ અભિગમ જ બંને વચ્ચેનું અંતર વધવાનું પ્રથમ કારણ બન્યો.

# રાહુલ ગાંધી, સાંસદોને ગોળીએ દેવાની ધમકી આપનાર પકડાયો

જયપુરઃ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પક્ષના પચીસ સાંસદોને ગોળી મારવાની ધમકી આપનાર શખસની ગુરુવારે રાજસ્થાનના કોટાથી પોલીસે ધરપકડ કરી હતી. આ જાણકારી એક વરિષ્ઠ અધિકારીએ આપી હતી.

પોતાને જમણેરી જૂથ કરણી સેનાના પ્રવક્તા તરીકે ઓળખાવનાર રાજ સિંહ નામના આ શખસે કથિત વીડિયોમાં જણાવ્યું હતું કે તાજેતરમાં સમાપ્ત થયેલા સંસદના બજેટ સત્રના પહેલા ભાગ દરમિયાન લોકસભામાં પચીસ કોંગ્રેસ સાંસદોએ સ્પીકર ઓમ બિરલા સાથે જે રીતે દુર્વ્યવહાર કર્યો, તેનાથી ભાજપ અને કરણી સેનાના કાર્યકરો લાલઘૂમ છે.

સિંહે વીડિયોમાં કહ્યું કે જો આવી ઘટના ફરી બનશે તો અમે તે સાંસદોના ઘરમાં ઘૂસીને તોડફોડ કરીશું. આ ઘટના રાહુલ ગાંધીના આદેશ પર બની હોવાનું મારું માનવું છે. રાહુલ ગાંધી, ધ્યાનથી સાંભળો, જો આવી ઘટના ફરી બનશે તો અમે તમારા ઘરમાં ઘૂસીને તમને ગોળી ધરબી દઇશું. જો તે સાંસદોની ૨૪ કલાકની અંદર ધરપકડ કરવામાં આવે તો ઠીક છે. નહીં તો અમે તે બધાને એક પછી એક ગોળી મારી દઇશું. સોશિયલ મીડિયા પર વીડિયો સામે આવ્યા બાદ કોટા પોલીસે સિંહની અટકાયત કરી હતી.

કોટાના પોલીસ અધિક્ષક(એસપી) તેજસ્વની ગૌતમના જણાવ્યા અનુસાર પોલીસે કાર્યવાહી કરતાં બોરખેડા પોલીસ સ્ટેશનમાં આરોપીની અટકાયત કરી હતી. તેમજ વીડિયો અંગે તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેમણે વધુમાં કહ્યું કે હજુ સુધીમાં તેનું કોઇપણ સંગઠન સાથે જોડાણ હોવાની પુષ્ટિ થઇ નથી. આ શખસ સામે ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશનમાં પહેલાથી જ ચાર ફોજદારી કેસ નોંધાયેલા છે. સંબંધિત કલમો હેઠળ યોગ્ય કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

પહેલા પાનાનું ચાલુ

### ટેક્નોલોજીનો

છે. અહીં એઆઈ ઇમ્પેક્ટ સમિટનું ઉદ્ઘાટન કરતા તેમણે કહ્યું હતું કે ભારતનું માનવું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ વાસ્તવમાં દુનિયાના ભલા માટે કામ કરશે ત્યારે તેને શેર કરવામાં આવશે. તેના કૉડ ખુલ્લા રહેશે. તેમણે કહ્યું હતું કે દેશ એઆઈથી ડરતો નથી પરંતુ તેમાં એક ભાગ્ય અને આવનારા સમયની બ્લૂપ્રિન્ટ જોવે છે. ભારતમાં સફળ થનાર કોઈપણ એઆઈ મોડલ વિશ્વના કોઈપણ દેશમાં લાગુ કરી શકાય છે. તેમણે કહ્યું કે કેટલાક લોકો એઆઈથી ડરે છે, જ્યારે અન્ય લોકો તેમાં ભવિષ્ય જુએ છે. ભારત એઆઈમાં પોતાનું ભવિષ્ય જોવે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ડીપફેક જેવા પડકારો પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે એઆઈ દ્વારા જનરેટ કરેલા કન્ટેન્ટને લેબલ અથવા વોટરમાર્ક કરવા જોઈએ જેથી લોકોને વાસ્તવિક અને નકલી વચ્ચે તફાવત કરવામાં મદદ મળે. એઆઈનો ઉપયોગ પારદર્શક અને સલામત હોવો જોઈએ, જેમાં ડીપફેક, ગુના અને આતંકવાદી પ્રવૃત્તિઓ પર કડક પ્રતિબંધો હોવા જોઈએ.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બધાનું કલ્યાણ અને સુખ એ એઆઈ માટે 'અમારો માપદંડ' છે જેથી ખાતરી કરી શકાય કે માનવીઓ ફક્ત ડૅટા પોઇન્ટ અથવા રો મટિરિયલ ના બને. આ સમિટમાં વર્તમાન ગ્લોબલ લીડર્સમાં સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ, ફ્રાન્સના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન, બ્રાઝિલના પ્રમુખ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા, સ્વિસ રાષ્ટ્રપતિ ગય પારમેલિન અને દુનિયાભરની મોટી ટેકનોલોજી કંપનીઓના સીઈઓ સામેલ થયા હતા. મોદીએ કહ્યું કે ભારતનું માનવ વિઝન ૨૧મી સદીમાં એઆઈ-સંચાલિત વિશ્વમાં માનવતાના કલ્યાણ માટે એક મહત્ત્વપૂર્ણ કડી બનશે. તેમણે કહ્યું કે, એઆઈને ખુલ્લું આકાશ મળવું જોઈએ પરંતુ કમાન્ડ માણસોના હાથમાં જ રહેવો જોઈએ

જીપીએસનું ઉદાહરણ આપતા વડાપ્રધાને કહ્યું હતું કે નેવિગેશન ટૂલ દિશાઓ અંગે સૂચનો આપે છે, પરંતુ અંતિમ નિર્ણય યુઝર્સનો હોય છે. માનવતા આજે એઆઈને કઈ દિશામાં લઈ જાય છે તે આપણું ભવિષ્ય નક્કી કરશે. બાળકોની સુરક્ષાના મહત્ત્વ પર ભાર મૂકતા વડાપ્રધાને કહ્યું કે જેમ શાળાનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવે છે તેવી જ રીતે એઆઈ સ્પેસ પણ બાળકો માટે સુરક્ષિત અને પરિવારને અનુકૂળ હોવી જોઈએ. તેમણે કહ્યું હતું કે ''આજે બે પ્રકારના લોકો છે. એક જેવો એઆઈમાં ડરને જોવે છે અને બીજા જે નસીબને જોવે છે. ભારતમાં એઆઈમાં નસીબ અને ભવિષ્ય દેખાય છે જેને ટેલેન્ટ, ઊર્જા ક્ષમતા અને નીતિ સ્પષ્ટતાનું સમર્થન છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે એઆઈ મશીનોને ઈન્ટેલિજન્ટ બનાવી રહ્યું છે અને સાથે જ આ માણસોની ક્ષમતાઓને અનેક ગણી વધારી રહ્યું છે. એઆઈ પર ભારતનો દૃષ્ટિકોણ આ સમિટના થીમમાં જોવા મળે છે જે છે તમામનું કલ્યાણ અને સુખ છે. મોદીએ કહ્યું હતું કે મશીન લર્નિંગથી લર્નિંગ મશીન સુધીની વર્તમાન સફર ફક્ત ઝડપી જ નહીં, પણ ગહન અને વ્યાપક પણ છે. તેથી આપણે આપણું વિઝન મોટું રાખવું જોઈએ અને સાથે આપણી જવાબદારી પણ એટલી મોટી હોવી જોઈએ. આજની પેઢીની સાથે આપણે એ વાતની પણ ચિંતા કરવી જોઈએ કે આપણે આવનારી પેઢીઓને એઆઈનું શું સ્વરૂપ આપીશું. આ કાર્યક્રમમાં શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકા અને ભૂતાનના વડાપ્રધાન શેરિંગ તોબગે, મોરેશિયસના વડા પ્રધાન નવીનચંદ્ર રામગુલામ, ક્રોએશિયાના વડાપ્રધાન આન્દ્રેજ પ્લેનકોવિક, સર્બિયાના પ્રમુખ એલેકઝાન્ડર વુસિક, સેશેલ્સના ઉપપ્રમુખ સેબેસ્ટિયન પિલ્લે, એસ્ટોનિયાના પ્રમુખ અલાર કરિસ અને ફિનલેન્ડના વડા પ્રધાન પેટેરી ઓર્પો આ કાર્યક્રમમાં અન્ય લોકો સાથે હાજર રહ્યા હતા.

### એપસ્ટીનકાંડ

કરી હતી. ટેમ્સ વેલી પોલીસે જણાવ્યું હતું કે તેઓ બર્કશાયર અને નોરફોકમાં ભૂતપૂર્વ રાજકુમાર સાથે જોડાયેલા પરિસરમાં તપાસ કરી રહ્યા છીએ જ્યારે ભૂતપૂર્વ રાજકુમાર પોલીસ કસ્ટડીમાં છે. જોકે, પોલીસે કહ્યું છે કે તેઓ ધરપકડ કરાયેલી વ્યક્તિનું નામ જાહેર કરશે નહીં. એન્ડ્રુ ગુરુવારે ૬૬ વર્ષના થયા. તપાસ શરૂ કરી છે અને આગામી સમયમાં વધુ જાણકારી આપીશુ. થૅમ્સ વેલી પોલીસના પોલીસ સહાયક ચીફ કોન્સ્ટેબલ ઓલિવર રાઈટે જણાવ્યું હતું કે સંપૂર્ણ તપાસ પછી અમે જાહેર પદ પર ખોટું કામ કરવાના આ આરોપમાં તપાસ શરૂ કરી છે.તેમણે વધુમાં કહ્યું કે તે મહત્ત્વપૂર્ણ છે કે આપણે અમારી તપાસની પ્રામાણિકતા અને નિષ્પક્ષતાનું રક્ષણ કરીએ. અમે આ કેસમાં જનતાની ઉત્સુકતાને સમજીએ છીએ અને યોગ્ય સમયે વધુ જાણકારી આપીશું. બ્રિટિશ કાયદા હેઠળ, ધરપકડ માટે પોલીસ પાસે યોગ્ય શંકા કરવા માટે વાજબી આધાર હોવો જોઈએ અને કોઈ ગુનો થયો છે તો એ માનવું જરૂરી છે કે સંબંધિત વ્યક્તિની ધરપકડ જરૂરી છે.

### ઑલ્ટમેન-અમૉદેઈ

ગૂગલ ડીપમાઈન્ડના સીઈઓ ડેમિસ હસાબિસ જેવા ટોચના ટેક આગેવાનો મંચ પર હાજર હતા. જોકે મોદી સહિત મંચ પર હાજર સૌએ એકમેકનો હાથ પકડીને ઊંચો કર્યો હતો પણ બાજુ-બાજુમાં જ ઊભેલા ઑલ્ટમેન અને અમૉદેઈએ એકમેકનો હાથ પકડ્યો નહોતો અને માત્ર મુઠ્ઠી વાળીને હાથ ઊંચો કર્યો હતો. ચૅટજીપીટીના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર ઑલ્ટમેન અને અમૉદેઈ એક સમય એક જ ટીમમાં હતા અને આજે એકબીજાના દુશ્મન છે. તેમની વચ્ચેની આ ક્ષણ ટૉક ઑફ ધ ટાઉન બની. આ વિશે વાત કરતા ઑલ્ટમેને કહ્યું હતું કે આ ક્ષણે હું અવઢવમાં હતો કે મારે શું કરવું. મને ખબર જ ન પડી કે મારે શું કરવું જોઈએ. (એજન્સી)

### ચૂંટણી પહેલા

કરીને તમિળનાડુ સરકારને તેના નાગરિકોની આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વગર મફત વીજળી આપવાના વચન અંગે સવાલ કર્યો હતો કે જરૂરિયાતમંદો માટે કલ્યાણકારી યોજનાઓ જરૂરી છે, પરંતુ જે શ્રીમંત નાગરિકો ચૂકવણી કરી શકે તેમ છે તેમને મફત સેવાઓ આપવી એ કરદાતાઓના નાણાંનો ''મનસ્વી'' ઉપયોગ છે. ગરીબ અને શ્રીમંત વચ્ચેનો આ તફાવત ભૂંસી નાખવો એ નીતિગત ખામી ગણાવી હતી.કોર્ટે ચેતવણી આપી હતી કે સવારથી સાંજ સુધી મફત ખોરાક, સાયકલ અને રોકડ આપવાની સંસ્કૃતિ લોકોને રોજગાર મેળવવાથી નિરુત્સાહિત કરી શકે છે.અગાઉ જસ્ટિસ બી.આર. ગવઈએ પણ નોંધ્યું હતું કે ચૂંટણીના ટાણે થતી આવી જાહેરાતો દેશમાં ઉત્પાદક કાર્યબળને બદલે પરોપજીવી વર્ગ ઊભો કરી શકે છે. એમણે વધુમાં જણાવ્યું હતું કે આ મામલે રાજ્ય અને કેન્દ્ર બંનેને નોટિસ પાઠવીને, કોર્ટનો ઉદ્દેશ્ય નાણાકીય બેજવાબદારીની આ દેશવ્યાપી સંસ્કૃતિને રોકવાનો છે.

### સાબુ, હૅર ઑઈલ,

કંપનીઓએ ભાવ ઘટાડવાનું પગલું લીધું હતું. હવે એ તબક્કો પૂરો થયો છે અને કંપનીઓ ભાવ વધારવાની તેમની તાકાત બતાડી રહ્યા છે. રીયલ જ્યુસ અને વાટિકા હેર ઑઈલ બનાવતા ડાબર ન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ મોહિત મલ્હોત્રાએ કહ્યું હતું કે અમે હાલના ચોથા ત્રિમાસિકમાં બે ટકાનો વધારાનો અમલ કરીશું. ભાવ વધારવાનું આવતા વર્ષે પણ ચાલુ રહેશે. નફાવિરોધી બાબતને લીધે અમારે ભાવવધારો મોકૂફ રાખવો પડ્યો હતો. જણસોના વધતા ભાવ અને નબળા રૂપિયાને લીધે કંપનીના નફા પર દબાણ આવી રહ્યું છે. ખનીજ તેલના ભાવ વધી ગયા છે.
એક વર્ષમાં નારિયેળ તેલના ભાવ બમણા થઈ ગયા છે. છેલ્લા કેટલાંયે મહિનાઓથી રૂપિયા ગગડી રહ્યો છે. આ નબળાઈ વેપાર ખાધ અને વૈશ્વિક અસમતુલાને લીધે આવી હતી. ઊંચા રેવેન્યુ છતાં નફા પર દબાણ છે. બિસ્કિટ, નૂડલ્સ અને સ્નેક ફૂડની કેટેગરીમાં સેલ્સ વોલ્યુમ વર્ષવારની રીતે છ ટકા વધ્યું હતું.

### સેન્સેક્સમાં

સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૧.૪૧ ટકા અથવા તો ૩૬૫ પૉઈન્ટ તૂટીને ૨૫,૪૫૪.૩૫ના મથાળે બંધ રહ્યો હતો. આજના ઑલ ફોલ ડાઉનના વલણમાં સેન્સેક્સ હેઠળના તમામ શૅરોમાં ૦.૫૩ ટકાથી ૩.૨૩ ટકા સુધીના કડાકા બોલાઈ ગયા હતા. તેમ જ આજે બીએસઈ ખાતે લિસ્ટેડ થયેલી કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન ૬,૭૯,૨૧૦.૧ કરોડ રૂપિયાનાં ધોવાણ સાથે ૪,૬૫,૨૨,૦૧૪.૫૭ કરોડ રૂપિયાની સપાટીએ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધની ભીતિ સપાટી પર આવવાની સાથે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઉછળી આવ્યા હોવાથી ફુગાવો વધવાની શક્યતા અને ત્રણ સત્રની તેજી પશ્ચાત્ ખાસ કરીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એચડીએફસી બૅન્ક સહિતના હેવી વેઈટ શૅરોમાં નફારૂપી વેચવાલીનું દબાણ વધતાં ગબડતી બજારને ઢાળ મળ્યો હતો.

### અમેરિકી લશ્કરનો

રેપ્ટર સ્ટીલ્થ ફાઇટર જેટ, ઈ-૩ એરબોર્ન વોર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ અને ઈ-૧૧ બેટલફિલ્ડ એરબોર્ન કોમ્યુનિકેશન્સ નોડ એરક્રાફ્ટનો સમાવેશ થાય છે. ઈરાન સાથેના તણાવ વચ્ચે અમેરિકાએ મધ્ય પૂર્વમાં જેટ ફાઇટર અને સપોર્ટ એરક્રાફ્ટ સહિત એક વિશાળ હવાઈ કાફલો તહેનાત કર્યો છે. અધિકારીઓ અને સલાહકારોએ સંકેત આપ્યો છે કે ઈરાન સામે લશ્કરી કાર્યવાહી વહેલા શરૂ થઈ શકે છે. રિપોર્ટ મુજબ, ઈરાનમાં કોઈપણ અમેરિકન લશ્કરી કાર્યવાહી વ્યાપક હશે, જે અઠવાડિયા સુધી ચાલશે.

विद्या परं दैवतम्

# ૧૦ દિવસના બાળકને છાતીસરસો રાખી માતાએ બારમાની પરીક્ષા આપી




મુંબઈ: બાળકને જન્મ આપ્યા પછી સ્ત્રીએ ખૂબ કાળજી લેવી પડે છે. એક નાની ભૂલ તેનું જીવન બરબાદ કરી શકે છે. જોકે બાળકને જન્મ આપ્યા પછી નાંદેડની ૨૧ વર્ષની મહિલાનું શરીર સંપૂર્ણપણે નબળું પડી ગયું હતું. દુખાવો, માનસિક તણાવ, થાક બધું જ હતું. સરખી રીતે ઊભા રહેવામાં પણ તકલીફ પડી રહી હતી એ અવસ્થામાં તેણે જે લગન અને સામર્થ્ય દેખાડ્યા છે એ જાણ્યા પછી કોઈની પણ આંખોમાં ઝળઝળિયાં આવી જશે. બાળકના જન્મ પછી શરીરમાં કળતર અને આરામની સખ્ત જરૂર હોવા છતાં આંખોમાં ભવિષ્યનું સ્વપન આંજી શક્તિના પ્રતીક જેવી આ મહિલા બારમા ધોરણની બોર્ડ પરીક્ષા આપી રહી છે. આ બહાદુર યુવતીનું નામ શીતલ ચંદ્રકાંત ચિત્તે છે.

શીતલએ હજી દસ દિવસ પહેલા જ એક બાળકને જન્મ આપ્યો હતો. બારમા ધોરણની પરીક્ષા હોવાથી વિચલિત થયા વિના બાળકને છાતી સરસો રાખી આરામ કરવાને બદલે દૃઢનિશ્ચિય સાથે તે પરીક્ષા કેન્દ્ર પર પેપર આપવા હાજર થઈ. રસપ્રદ વાત એ છે કે અંગ્રેજયુનું પહેલું પેપર આપ્યું ત્યારે બાળકને જન્મ આપ્યાને બે જ દિવસ થયા હતા. ટાંકા હજી તાજા હતા અને પીડા હોવા છતાં શીતલએ અંગ્રેજીનું પેપર આપ્યું અને બુધવારે ૧૦ દિવસના બાળક સાથે પોલિટિકલ સાયન્સનું પેપર આપવા આવી હતી.

નાંદેડની પીપલ્સ કોલેજમાં આ દૃશ્ય જોઈને ઘણા લોકોની આંખો ભીની થઈ હતી. શીતલ બાળકને લઈને આવી ત્યારે કોલેજ પ્રશાસને પણ માનવતા દાખવી. પ્રિન્સિપાલ ડો. શિવશંકર ભાનેગાંવકર અને તેમની ટીમે તરત જ ત્યાં 'મેટરનલ કેર રૂમ' બનાવ્યો. બાળક માટે ત્યાં પારણું મૂકવામાં આવ્યું. શીતલએ શાંતિથી પેપેર લખ્યું અને તેનું બાળક પારણામાં ઝૂલી રહ્યું હતું.

શીતલના સાસરિયાં અને પરિવારના સભ્યોએ પણ તેના નિર્ણયને ટેકો આપ્યો છે. શિક્ષણ અધિકારી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ કેન્દ્રની મુલાકાત લઈ શીતલની પ્રશંસા કરી હતી. ■

# વાઘની 'સુસાઈડ નોટ'ને સોશ્યલ મીડિયા પર વાઈરલ

નાગપુર: શહેરથી માત્ર થોડા કિલોમીટરના અંતરે રેલવેની અડફેટે આવી જતાં એક વાઘનું મોત નીપજ્યું. આ ઘટના પછી, સોશિયલ મીડિયા પર વાઘની અંગ્રેજીમાં લખેલી 'સુસાઇડ નોટ' ઝડપથી વાયરલ થઈ રહી છે. પત્રમાં કંઇક આ પ્રમાણે લખ્યું છે, 'મારું નામ 'છોટા મટકા' નથી 'જય' પણ નથી. મારી પાછળ ટેલિફોટો લેન્સ લઈને ફરતા ફોટોગ્રાફર્સનો મોટો કાફલો નહોતો. હું માત્ર દોઢ વર્ષનો એક યુવાન નર વાઘ હતો. ગઈકાલે રાત્રે મારો મૃતદેહ રેલવેના થાંભલા નંબર ૮૧૯/૨૨ પાસે મળી આવ્યો. તપાસવામાં આવશે અને ફાઇલ બંધ થઈ જશે. મારું મૃત્યુ અકસ્માત નથી. તે આત્મહત્યા છે, યોજનાબદ્ધ રીતે કરોડોના વિકાસ દ્વારા સર્જાયેલી. તમે મારા માટે કોઈ રસ્તો જ બાકી રાખ્યો નથી. મારા રહેઠાણની આસપાસ તમે પ્રગતિનો કિલ્લો ઊભો કરી દીધો અને મને અદૃશ્ય થઈ જવા કહ્યું. મારા સમાચાર કાલે અખબારમાં આવશે. દુર્ભાગ્યપૂર્ણ. "શરમજનક. કેટલાક આરઆઇપી લખશે અને તપાસની ખાતરી આપવામાં આવશે. ■




# જ્યોતિર્લિંગના દર્શન કરવા નીકળેલા પુણેના ત્રણ મિત્રોનું ગુજરાતમાં અકસ્માતમાં મોત

પુણે: ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરવા માટે નીકળેલા ત્રણ મિત્રોના ગુજરાતમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ થતાં તેમના પરિવારજનોમાં ગમગીની છવાઇ ગઇ હતી.

મૃતકોની ઓળખ તેજસ દેવીદાસ દગડે (૨૬), અભિષેક યાદવ (૨૬) અને સચિન બિદારદ (૨૭) તરીકે થઇ હતી. તેઓ પુણેમાં માંજરી બુદ્રુકના રહેવાસી હતા. દાહોદ જિલ્લાના લિમખેડા ખાતે હાઇવે પર તેમને અકસ્માત નડ્યો હતો.

ત્રણેય મિત્રો ૧૮ દિવસ અગાઉ દેવદર્શન કરવા માટે ઘરેથી નીકળ્યા હતા. ૧૨ જ્યોતિર્લિંગના દર્શન કરીને તેઓ પુણે આવવા માટે કારમાં નીકળ્યા હતા.

જોકે ઇન્દોર-અમદાવાદ હાઇવે પર વળાંક લેતી વખતે કાબૂ ગુમાવતાં તેમની કાર ડિવાઇડર સાથે ભટકાઇ હતી.

કાર ડિવાઇડર સાથે એટલા જોરથી ભટકાઇ હતી કે કારનું એન્જિન તૂટી ગયું હતું અને ફંગોળાઇને તે નજીકના ખેતરમાં પડ્યું હતું. કાર પર ઊંધી વળી ગઇ હતી અને રસ્તાથી ૨૦ ફૂટ નીચે ખેતરમાં ખાબકી હતી.

આ અકસ્માતમાં બે જણનાં ગંભીર ઇજાને કારણે ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે ત્રીજા મિત્રનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ત્રણેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ ઘટનાની નોંધ કરી તપાસ આદરી હતી. ત્રણેયના મૃતદેહને બાદમાં તેમના પરિવારને સોંપાયા હતા. ■

# મહારાષ્ટ્ર સરકારે મલાડની ૧૧૮ એકર જમીન ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટમાં પુનર્વસન માટે સોંપી

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે બુધવારે મલાડ-માલવણીના મુક્તેશ્વર ખાતે ૧૧૮ એકર જમીનનો કબજો ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટને સોંપી દીધો, જેનાથી સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (એસપીવી)- નવભારત મેગા ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ (એનએમડીપીએલ) માટે પુનર્વસન ઇમારતોનું આયોજન અને બાંધકામ શરૂ કરવાનો માર્ગ મોકળો થયો છે.

નવભારત મેગા ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડએ ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ માટે મહારાષ્ટ્ર સરકાર અને અદાણી ગ્રુપ વચ્ચેનો એક એસપીવી છે. આ સ્થળનો ઉપયોગ ધારાવીના એ રહેવાસીઓને રાખવા માટે કરવામાં આવશે જેઓ ધારાવીમાં જ પુનર્વસન માટે લાયક નથી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે કુર્લા ખાતે મધર ડેરી લેન્ડ અને મુલુંડ ખાતે જામસ સોલ્ટપેન લેન્ડ પછી મલાડ લેન્ડ પાર્સલ ડીઆરપીના કબજામાં આવનારી ત્રીજી મોટી જમીન છે. આ સ્થળ પર મુખ્યત્વે ઉપરના માળના રહેવાસીઓ અને ૧ જાન્યુઆરી, ૨૦૧૧ પછી અને ૧૫ નવેમ્બર, ૨૦૨૨ પહેલાં ધારાવીમાં સ્થાયી થયેલા લોકોનો સમાવેશ થશે.

પ્રોજેક્ટની શરતો અને નિયમો અનુસાર, આ રહેવાસીઓને મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)ની અંદર આધુનિક, આયોજિત ટાઉનશીપમાં પુનઃસ્થાપિત કરવામાં આવશે.

અધિકારીએ જણાવ્યું હતું કે, પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવેલી અન્ય જમીનની જેમ, મલાડની જમીનની માલિકી પણ ડીઆરપી/એસઆરએ પાસે રહેશે, જ્યારે એસવીપી પાસે વિકાસ અધિકારો રહેશે. ૧૧૮ એકર જમીનની કુલ કિંમત આશરે ૫૪૦ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે, જેમાંથી ૧૩૫ કરોડ રૂપિયા એનએમડીપીએલ દ્વારા વિકાસ અધિકારો માટે પ્રીમિયમ તરીકે ચૂકવવામાં આવ્યા છે. મુક્તેશ્વર ખાતે નિર્ધારિત ૧૪૦ એકર જમીનમાંથી, ૧૧૮ એકર જમીન હવે સોંપી દેવામાં આવી છે, જ્યારે ૨૨ એકર જમીનનો કેસ હજુ ચાલુ છે, તેમણે ઉમેર્યું.

એકંદરે, સરકારે ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટના ભાગરૂપે સસ્તા મકાનોના હેતુ માટે એમએમઆરની અંદર લગભગ ૫૪૦ એકર જમીનની ફાળવણી કરી છે. આ સોંપણીથી પુનર્વસન આવાસના બાંધકામને વેગ મળવાની અને તબક્કાવાર પુનર્વિકાસને વેગ મળવાની અપેક્ષા છે જેથી ધારાવીકર સાત વર્ષના સમયગાળામાં યોગ્યતા મુજબ તેમના નવા ઘરોમાં સ્થળાંતર કરી શકે. એવો અંદાજ છે કે લગભગ ૧૦ લાખ રહેવાસીઓના પુનર્વસન માટે લગભગ ૧.૨૫-૧.૫ લાખ નવા ઘરો બનાવવામાં આવશે.■

# જય પવારે વિમાન દુર્ઘટનાની નિષ્પક્ષ તપાસની માગણી કરી

## કહ્યું બ્લેકબોક્સનો નાશ થવો અશક્ય છે

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું ગયા મહિને વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. હવે તેમના મોટા પુત્ર જય પવારે વિમાન દુર્ઘટના અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. સોશિયલ મીડિયા પર શેર કરેલા પોતાના સંદેશમાં જય પવારે કહ્યું કે વિમાન દુર્ઘટનામાં બ્લેકબોક્સ જાતે નાશ પામે તે શક્ય નથી અને સમગ્ર મામલાની પારદર્શક અને નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.

જય પવારે લખ્યું કે મહારાષ્ટ્રના લોકોને આ હૃદયદ્રાવક અકસ્માતનું સંપૂર્ણ, પારદર્શક અને નિર્વિવાદ સત્ય જાણવાનો અધિકાર છે. તેમણે માગ કરી હતી કે સંબંધિત એરલાઇનની ફ્લાઇટ્સ તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવે અને વિમાનના જાળવણીમાં સંભવિત ગંભીર અનિયમિતતાઓની સંપૂર્ણ તપાસ કરવામાં આવે.

જય પવારે એમ પણ કહ્યું કે જો સમગ્ર ઘટનામાં કોઈ બેદરકારી કે ખોટું થયું હોવાનું જણાય તો જવાબદારો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. ■

# વીએસઆરના બે પાઈલટ હજી પણ ગાયબ: અમોલ મિટકરી

અકોલા: ૨૮ જાન્યુઆરીએ બારામતીમાં થયેલા વિમાન દુર્ઘટનામાં અજિત પવારના અવસાન મામલે હવે વિવિધ શંકાઓ અને શંકાઓ ઉભી થઈ રહી છે. એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે એ કોઈ અકસ્માત નહીં પણ ષડયંત્ર હતું. શરદ પવાર જૂથના વિધાન સભ્ય અને અજિત પવારના ભત્રીજા રોહિત પવારે આક્રમક વલણ અપનાવ્યું છે. તેઓ વિવિધ સ્થળોએ પ્રેસ કોન્ફરન્સ કરીને અકસ્માત પર સતત ટિપ્પણી કરી રહ્યા છે. અજિત પવાર જૂથના વિધાન સભ્ય અમોલ મિટકરીએ એક અલગ જ શંકા વ્યક્ત કરી છે. તેમણે દાવો કર્યો છે કે વીએસઆર એરલાઇન્સના બે પાઇલટ હજુ પણ ગાયબ છે. તેમણે જય પવારની શંકાઓને પણ સમર્થન આપ્યું છે. તેમણે કહ્યું છે કે બ્લેક બોક્સનો ડેટા નાશ કરી શકાતો નથી. જો રોહિત પવારના જીવને ખતરો હોય તો આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ એમ પણ મિટકરીએ જણાવ્યું હતું. ■

# રોહિત પવારને સુરક્ષા પૂરી પાડવાની સુપ્રિયા સુળેની માગણી

મુંબઈ: રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું ગયા મહિને વિમાન અકસ્માતમાં અવસાન થયું હતું. તેમના મૃત્યુ પછી તે અકસ્માત હતો કે હત્યાનો પ્રયાસ તે અંગે ચર્ચા ચાલી રહી છે. રોહિત પવારે બીજી ફેબ્રુઆરી અને બુધવારે (૧૮ ફેબ્રુઆરી) પ્રેસ કોન્ફરન્સ બોલાવી વિવિધ મુદ્દા ઉઠાવ્યા હતા. મુંબઈમાં તેમણે વીએસઆર કંપની વિશે ઘણા દાવા કર્યા હતા અને આરોપ મૂક્યો હતો કે કંપનીને બચાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમણે ઘણા પ્રશ્નો પણ ઉઠાવ્યા હતા. અજિત દાદાના મૃત્યુના ૨૦ દિવસ પછી પણ તપાસમાં ગતિ ન આવી હોવા બદલ નારાજી વ્યક્ત કરી તેમણે અનેક પ્રશ્ન ઉપસ્થિત કર્યા હતા. હવે અજિત પવારનાં બહેન અને એનસીપી (એસપી) નેતા સુપ્રિયા સુળેએ પણ આ મુદ્દા પર સ્પષ્ટ ટિપ્પણી કરીને પહેલીવાર મોટી માગ કરી છે. સુપ્રિયાએ વિધાન સભ્ય રોહિત પવાર દ્વારા ઉઠાવવામાં આવેલી શંકાઓની તાત્કાલિક તપાસ કરવાની અને તેમને કડક સુરક્ષા પૂરી પાડવાની માગ કરી હતી.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ શરદ પવાર જૂથના નેતા સંસદ સભ્ય સુપ્રિયા સુળેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર રજૂઆત કરી છે કે આદરણીય અજિતદાદાના આકસ્મિક અવસાન પછી, મહારાષ્ટ્ર આઘાતમાં છે. સોશિયલ મીડિયા પર ઘણી શંકાઓ અને શંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ પૃષ્ઠભૂમિ સામે રોહિત પવારએ ખૂબ જ ઝીણવટથી અભ્યાસ કરી કેટલાક મુદ્દા અને શંકા વ્યક્ત કર્યા છે. જનતાને તેના જવાબો મળવા જ જોઈએ.

રોહિત પવારે બુધવારે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં પણ કહ્યું હતું કે તેમનો પરિવાર તેમની સલામતી અંગે ચિંતિત છે. તે પૃષ્ઠભૂમિમાં સુપ્રિયા સુળેના આ ટવિટને કારણે, સુરક્ષાની માગણીનું મહત્ત્વ વધી રહ્યું છે. ■

# મામલો રફેદફે કરવા લાંચ માગનારા સિનિયર ઈન્સ્પેક્ટર અને સબ-ઈન્સ્પેક્ટરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છેતરપિંડી અને જાતીય શોષણની બબ્બે ફરિયાદોને રફેદફે કરી દેવા માટે બે લાખ રૂપિયા લીધા પછી વધુ એક લાખ રૂપિયાની કથિત લાંચ માગવાના કેસમાં એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ કુરાર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અને સબ-ઈન્સ્પેક્ટરની ધરપકડ કરી હતી.

એસીબીએ બુધવારે છટકું ગોઠવીને સિનિયર ઈન્સ્પેક્ટર સંજીવ બળીરામ તાવડે અને સબ-ઈન્સ્પેક્ટર જ્ઞાનેશ્વર ગોવિંદરાવ જુન્નેને પકડી પાડ્યા હતા.

ધરપકડ કરાયેલા બન્ને અધિકારીને કોર્ટે ૨૩ ફેબ્રુઆરી સુધીની એસીબી કસ્ટડી ફટકારી હતી.

આ પ્રકરણે ૩૫ વર્ષના વકીલે ૧૮ ફેબ્રુઆરીએ એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદી વિરુદ્ધ એક શખસે કુરાર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ કરી હતી. આ મામલે તપાસ ચાલી રહી હતી ત્યારે ૨૨ જાન્યુઆરીએ ફરિયાદીના વ્યંઢળ ભાઈએ ફરિયાદી વિરુદ્ધ જાતીય શોષણની ઔપચારિક ફરિયાદ કરી હતી.

ફરિયાદી સંબંધે કાર્યવાહી ન કરવા માટે આરોપીએ ફરિયાદી પાસેથી ત્રણ લાખ રૂપિયાની લાંચ માગી હતી, જેમાંથી બે લાખ રૂપિયા ફરિયાદીએ આપ્યા હતા.

બાકીના એક લાખ રૂપિયા આપે તો બન્ને મામલાની પતાવટ કરવાની તૈયારી આરોપીએ દાખવી હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

દરમિયાન ફરિયાદીને વધુ લાંચ આપવાની ઇચ્છા ન હોવાથી તેણે એસીબીનો સંપર્ક સાધ્યો હતો. એસીબી દ્વારા ફરિયાદની ખાતરી કરવામાં આવ્યા પછી બુધવારે પોલીસ સ્ટેશન ખાતે છટકું ગોઠવવામાં આવ્યું હતું.

ફરિયાદી પાસેથી એક લાખ રૂપિયા સ્વીકારનારા સબ-ઈન્સ્પેક્ટરને રંગેહાથ પકડી પાડવામાં આવ્યા હતા. તેણે આપેલી માહિતી પરથી વરિષ્ઠ અધિકારી વિરુદ્ધ પણ ગુનો નોંધવામાં આવ્યો હતો.

કહેવાય છે કે એસીબીએ અધિકારીની કૅબિનમાં તપાસ કરતાં છ લાખ રૂપિયા મળી આવ્યા હતા. આ પ્રકરણે એસીબી દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે. ■

# રેલવે સ્ટેશન પર કરન્ટ લાગતાં કામદારનું મોત: બે કોન્ટ્રેક્ટર સામે ગુનો

થાણે: દિવા રેલવે સ્ટેશન પર વીજળીના આંચકાથી કામગારનું મૃત્યુ થયા બાદ પોલીસે આ પ્રકરણે બે કોન્ટ્રેક્ટર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

દિવા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૧ પર ટિકિટ કાઉન્ટરની નજીક ૨૨ ડિસેમ્બરે ખાડો ખોદતી વખતે ખંગારામ હરજીજી રાવલ (૩૭)ની વીજળીનો આંચકો લાગ્યો હતો. ખંગારામને હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તેનું મૃત્યુ થયું હતું.

આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૯૪ હેઠળ એડીઆર દાખલ કરવામાં આવ્યો હતો.

જોકે મૃતકના ભાઇની વિગતવાર ફરિયાદ બાદ બુધવારે દીપક શ્યામબહાદુર પાંડે (૩૦) અને રાહુલ ઉત્તમ પંચાલ (૩૩) વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ઘટનાસ્થળે જે કંપની દ્વારા કામ હાથ ધરવામાં આવી રહ્યું હતું, તેનો એ બંને જણ ભાગ હતા.

ખંગારામ જ્યારે ઇલેક્ટ્રિકલ કેબલ પાસે જોખમી કામ કરી રહ્યો હતો ત્યારે કંપની સલામતીના જરૂરી સાધનો, જેમ કે ઇન્સ્યુલેટેડ શૂઝ, ગ્લોવ્સ અથવા જેકેટ પૂરા પાડવામાં નિષ્ફળ ગઇ હતી. પંચાલ અને પાંડે વિરુદ્ધ બેદરકારીથી મૃત્યુ અને અન્ય આરોપસર ગુનો દાખલ કરવામાં આવ્યો હોઇ તેમની હજી ધરપકડ કરવામાં આવી નથી, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# ડોમ્બિવલીમાં લિવ-ઈન પાર્ટનરની નજર સામે યુવકે જીવ આપ્યો

થાણે: દારૂના નશામાં લિવ-ઈન પાર્ટનર સાથે ઝઘડો કર્યા પછી તેની નજર સામે જ યુવકે જીવ આપ્યો હોવાની આંચકાજનક ઘટના થાણે જિલ્લાના ડોમ્બિવલીમાં બની હતી.

માનપાડા પોલીસના જણાવ્યા મુજબ મંગળવારની રાતે ડોમ્બિવલી પૂર્વમાં બનેલી ઘટનામાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ પિંટુ દેવા શ્રીવાસ (૨૩) તરીકે થઈ હતી. છત્તીસગઢના મહાસમંદનો વતની શ્રીવાસ ૨૦ વર્ષની યુવતી સાથે લિવ-ઈનમાં રહેતો હતો.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે શ્રીવાસને દારૂ પીવાનું વ્યસન હતું અને તે યુવતીના ચારિત્ર્ય પર શંકા કરતો હતો. આ વાતને લઈ બન્ને વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. ઘટનાની રાતે દારૂના નશામાં શ્રીવાસે ફરી યુવતી સાથે ઝઘડો કર્યો હતો. ગાળાગાળી પછી તેની મારપીટ પણ કરી હતી. બાદમાં કાચની બૉટલ ફોડીને તેણે જાતે જ પોતાની છાતી અને ગળા પર ઘા કર્યા હતા. પછી યુવતીની ઓઢણી ખેંચી પોતાના ગરદન ફરતે વીંટીને ગળાફાંસો ખાધો હતો, એવું યુવતીએ પોલીસને કહ્યું હતું.

ગંભીર જખમી શ્રીવાસને બેભાન અવસ્થામાં ડોમ્બિવલીની પાલિકા સંચાલિત શાસ્ત્રી નગર હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ પ્રકરણે માનપાડા પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)■

# જમીન સંપાદનના કેસમાં સરકાર નિષ્ફળ: ઉકેલ લાવવા હાઈ કોર્ટનો આદેશ

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે જમીન સંપાદનના કેસોમાં મહારાષ્ટ્ર સરકારની મોટા પાયે નિષ્ફળતા બદલ ટીકા કરી છે. એને કારણે માલિકો વળતરથી વંચિત રહ્યા છે. આ સમસ્યાના ઉકેલ માટે અદાલતે સરકારને ધ્યેયલક્ષી બનવાનો નિર્દેશ આપ્યો છે.

મંગળવારે હાઈ કોર્ટની ઔરંગાબાદ ખંડપીઠના ન્યાયમૂર્તિ વિભા કંકણવાડી અને ન્યાયમૂર્તિ હિતેન વેણેગાવકરએ જણાવ્યું હતું કે પ્રોજેક્ટ્સનો કબજો અને પૂર્ણ થયા પછી પણ સંપાદન કાર્યવાહી પૂર્ણ કરવામાં સતત નિષ્ફળતા, સતત ખોટું અને બંધારણીય ફરજનું ઉલ્લંઘન સમાન છે.

બીડ જિલ્લાના રહેવાસીઓના એક જૂથ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આ ટિપ્પણી આવી હતી. એમની જમીન સિંચાઈ વિભાગ દ્વારા ૧૯૯૬ માં ગામડાના પાણીની ટાંકીના બાંધકામ માટે સંપાદિત કરવામાં આવી હતી, પરંતુ સંપાદન કાર્યવાહી હજુ પૂર્ણ થઈ ન હતી જેના કારણે તેમને વળતર મળ્યું નથી. ખંડપીઠે નોંધ્યું હતું કે ઘણા અસરગ્રસ્ત જમીનમાલિકો ખેડૂત, અભણ અથવા ગામઠી વ્યક્તિઓ છે જેમને ઔપચારિક સંપાદન કાર્યવાહીની પણ જાણ હોતી નથી અથવા તેઓ વળતર અને કાયદાકીય હિત માટે હકદાર છે. ■

# મુંબઇ એરપોર્ટ પર ૨૪ કરોડથી વધુનો ગાંજો પકડાયો

## છ પ્રવાસીની ધરપકડ

મુંબઈ: કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર છેલ્લા સાત દિવસમાં ૨૪ કરોડ રૂપિયાથી વધુનો દાણચોરીનો ગાંજો પકડી પાડીને છ પ્રવાસીની ધરપકડ કરી હતી. એ સિવાય ત્રણ પ્રવાસી પાસેથી ૧.૮૫ કરોડ રૂપિયાનું દાણચોરીનું સોનું પણ જપ્ત કરવામાં આવ્યું હતું.

કસ્ટમ્સ વિભાગે ૧૧ ફેબ્રુઆરીથી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન આ કાર્યવાહી કરવામાં આવી હતી. ગાંજા સાથે પકડાયેલા છ પ્રવાસી બેંગકોકથી આવ્યા હતા અને તેમની સામે નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટેન્સીસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

કસ્ટમ્સ વિભાગે મળેલી માહિતીને આધારે ત્રણ પ્રવાસીને એરપોર્ટ પર આંતર્યા હતા, જે બેંગકોકથી આવ્યા હતા. ત્રણેયના સામાનની તલાશી લેવામાં આવતાં તેમાંથી કુલ ૯.૫ કરોડ રૂપિયાનો ગાંજો મળી આવ્યો હતો.

એ જ પ્રમાણે બેંગકોકથી આવેલા અન્ય ત્રણ પ્રવાસીને પણ શંકાને આધારે આંતરવામાં આવ્યા હતા. ત્રણેય પાસેથી ૧૪.૭ કરોડ રૂપિયાનો ૧૪ કિલોથી વધુનો ગાંજો મળી આવ્યો હતો, જે તેમણે પોતાના સામાનમાં છુપાવ્યો હતો. પ્રવાસીઓએ બેંગકોકમાં ગાંજો કોની પાસેથી મેળવ્યો હતો અને તે મુંબઈમાં કઇ વ્યક્તિ સુધી પહોંચાડવાના હતા તેની તપાસ કરાઇ રહી છે.

# ભિવંડીમાં કોંગ્રેસનો મેયર જ: સપકાળ

ભિવંડી: ભિવંડીમાં કોંગ્રેસના ૩૦ કોર્પોરેટરો ચૂંટાયા હતા. તેમને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના શરદ પવારનો પણ ટેકો મળ્યો હતો. જોકે, સરકાર બનાવવા માટે ૪૬ કોર્પોરેટરોની જરૂર હતી. તેથી છેલ્લા ૨૫ દિવસથી મેયર કોણ બનશે?

તેનો નિર્ણય લેવાયો નહોતો. હવે હર્ષવર્ધન સપકાળે ભિવંડીમાં કોંગ્રેસનો મેયર બનશે તેમ કહીને ચોક્કસ ફોર્મ્યુલા શું હશે તે પણ સ્પષ્ટ કર્યું હતું.


હર્ષવર્ધન સપકાળે કહ્યું કે, ભિવંડીમાં કોંગ્રેસ પક્ષે સ્વબળે ચૂંટણી લડી હતી. મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભિવંડીમાંથી અમારા ૩૦ કોર્પોરેટરો ચૂંટાઈ આવ્યા છે.

સત્તા સ્થાપવા માટે ૪૬ કોર્પોરેટરોની જરૂર છે, એટલે કે અમે બહુમતીથી ૧૬ બેઠકો દૂર છીએ.

આ સ્થિતિમાં ગઠબંધન કરવું એ પરંપરા મુજબ છે. તેથી જ અમે 'સેક્યુલર ફ્રન્ટ'ની સ્થાપના કરી. જેમાં સૌથી પહેલા અમારા સાથી પક્ષ એટલે કે રાષ્ટ્રવાદી કોંગ્રેસના ૧૨ કોર્પોરેટરો અમારી સાથે આવ્યા, જેનાથી અમારી સંખ્યા ૪૨ થઈ. છતાં અમે મેજિક ફિગર સુધી પહોંચી શક્યા નહોતા. તેથી મેયર પદ માટે અમે અલગ-અલગ અરજીઓ દાખલ કરી છે. ગમે તે થાય, પણ અમે ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના સાથે નહીં જઈએ,' એવું સપકાળે જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે, જો ભાજપ છોડીને કોઈ પણ આવશે તો અમે તેમના વિશે વિચાર કરીશું એવું અમે પહેલા જ કહ્યું હતું. તે મુજબ નારાયણ ચૌધરી આવ્યા છે. તેમણે ભાજપ સાથે છેડો ફાડ્યો છે અને સેક્યુલર ફ્રન્ટમાં સામેલ કરવાની વિનંતી કરી હતી, એમ હર્ષવર્ધન સપકાળે જણાવ્યું હતું. ■

કચ્છી ગુર્જર જૈન
પ્રાર્થનાસભા



સ્વ. ચમનલાલ મણીલાલ સંઘવી
(ઉ.વર્ષ - ૮૧)
ગામ-મુન્દ્રા હાલ ઘાટકોપર મુંબઈ નિવાસી બુધવાર તા. ૧૮-૦૨-૨૦૨૬ ના રોજ અરીહંત શરણ પામેલ છે.

શોકાતુર
સ્વ.ગુલાબબેન મણિલાલ સંઘવીના સુપુત્ર,
સ્નેહપ્રભાબેન ના પતિ,
ભાવેશ-વિશાલ ના પિતા,
મોનિકા-સુષ્મા ના સસરા,
દિવ્યમ-આરિવ-દિયાન ના દાદા,
સ્વ. ધીરજલાલ-દોલતલાલ-
સ્વ. સરલાબેન ના ભાઈ,
કૌશલ્યાબેન-પ્રફુલાબેન ના દિયર,
સ્વ. લક્ષ્મીકાંતભાઈ ના સાળા,
સ્વ. લક્ષ્મીચંદ લાલજી શાહ (ધુલિયા) ના જમાઈ,
જયેશ લક્ષ્મીચંદ શાહ-ગુણાવલી જયંત ફોફલીયા-સ્વ. કલ્પના કિરણ મહેતા-ભાવના દિલીપ સંઘવી-દીના દિવ્યકાંત શાહ ના બનેવી,
અરુણાબેન હસમુખભાઈ વોરા- ભારતીબેન સુભાષભાઈ કછારા ના વેવાઈ.

પ્રાર્થનાસભા
શુક્રવાર તા. ૨૦-૦૨-૨૦૨૬ ના રોજ સાંજે ૩ થી ૫ કલાકે
સ્થળ:
પ્લોટ નં-૧૨/૧૩, સુમતિ ગુર્જર ભવન, સ્વસ્તિક પાર્ક, ચેમ્બુર-૪૦૦૦૭૧.
ચૌવિહાર/ભોજન ની વ્યવસ્થા રાખેલ છે.
ભાવેશ: 9820041538 • વિશાલ: 7738096815

# સંસ્થા સમાચાર

## શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા સૂમહ યજ્ઞોપવિત સંસ્કાર અને સમૂહ લગ્ન ફાગણ વદ પાંચમને રવિવાર તા. ૮-૩-૨૬ના આયોજિત કરવામાં આવેલ છે. વૈદિક પરંપરા અને સંસ્કૃતિને અનુરૂપ આપ્તજનોની ઉપસ્થિતિ વચ્ચે યજ્ઞોપવિત સંસ્કાર તેમ જ વિવાહ સંસ્કાર પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવનાર બટુક અને વિવાહ ઇચ્છુક વરવધુ ૨૮-૨-૨૬ સુધીમાં સમાજ કાર્યાલયમાં નામ નોંધાવી લેશો.

## ફળ-ફૂલ-શાકભાજીનું પ્રદર્શન

વૃક્ષપ્રેમી સંસ્થા ફ્રેન્ડ્સ ઓફ ધ ટ્રીસ દ્વારા ૧૪-૧૫ ફેબ્રુઆરીએ ફળ, ફૂલો અને શાકભાજીનું ૬૩મું વિશાળ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. માટુંગામાં આવેલી રૂપારેલ કોલેજના પટાંગણમાં આયોજિત આ એક્ઝિબિશન નિઃશુલ્ક હતું. એમાં ફૂલોની રંગોળી, બોન્સાઈ, ફળો, ગજરા વગેરે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

## ટેનિસ પ્રીમિયર લીગ અને રિંગ ટેનિસ બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટ

બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન દ્વારા તાજેતરમાં ટેનિસ પ્રિમીયર લીગ અને રિંગ ટેનિસ બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં વિવિધ ટીમે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## કેઆરસી ક્રિકેટ ટૂર્નામેન્ટ

કાંદિવલી રિક્રેશન ક્લબની ક્રિકેટ ટૂર્નામેન્ટ પહેલી ફેબ્રુઆરીએ ટી પી ભાટિયા કોલેજના ટર્ફ ફિલ્ડમાં યોજાઈ હતી. જેમાં વિજેતા ટીમને મેડલ અને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવી હતી.

## લોકનૃત્ય સ્પર્ધાના વિજેતાઓનું સન્માન

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા) દ્વારા ૭ ફેબ્રુઆરીએ લોકનૃત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં મંત્રમુગ્ધ કરનારા નૃત્યોએ લોકોના દિલ જીતી લીધા. આ કાર્યક્રમનો ઉદ્દેશ આપણી પરંપરા અને સંસ્કૃતિને જાળવી રાખવાનો હતો. હાજર લોકો પણ આ કાર્યક્રમમાં ઓતપ્રોત થઈ ગયા હતા. તો કલાકારોનો જોશ અને જુસ્સો નિહાળવા લાયક રહ્યો હતો. તાજેતરમાં જ આ લોકનૃત્ય સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતાં. તેમને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ક્લાસિફાઈડ

### ૬. પરચુરણ

**પરોણીગર**

મોતી પિરોવાવાળા પટવા, સોની દાગીના સુધારાવો પરોણીગર - સંપર્ક 9821369617/9324805010. (એસડીબી-૩૦૬૯)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Tours Private Car Himachal Kashmir Ladakh Uttaranchal Rajasthan Kerala Goa Vietnam Dubai Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ Travel Insurance ARRHAM HOLIDAY 9769977466 / 9892534488 / 9326373672. (બી-૧૭૦૭૦)

### ૧૭. જગ્યા આપવી છે

GHATKOPAR EAST
FOR SALE/ RENT
Luxurious 3 BHK
Flat with 1020 Sq. ft.
With 2 Car Parks
Ready Possession
With Full OC
PRITY CHSL,
Off Hingwala Lane.
Mob - 9537765423
(B-17146)

**MALAD WEST**

Sale 1 BHK, Link Road, 440' sqft. Rs. 1.10 Crore, Rajendra Vihar CHS, Evershine Nagar, Higher Floor with Lift. Sudhir 7400112347, Shyam 9821270809. (B-17139)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

નાની ઑફિસ
વિલેપાર્લે, ઇસ્કોન-જૂહું નજીક
ગ્રાઉન્ડ ફ્લોર ઉપર કોમ્પ્યુટર, AC, રેડી ફર્નિચર સાથે ઓફિસ ભાડેથી આપવાની છે.
C.A., એડવોકેટ, આર્કીટેક્ટ, કન્સલટન્ટ ઇત્યાદિ માટે શ્રેષ્ઠ
સંપર્ક : ૯૮૩૩૫૩૫૫૨૦
(બી-૧૭૦૮૮)

### ૨૦. ધંધાદારી જગ્યા

ON LEASE / RENT
Shops & Offices With OC
Shop - 1057 sq ft.
Office - 1000 sq ft to 2250 sq. ft.
Sidheshwar Royale
Opp Jain Temple,
CHEMBUR
Mob - 9869252759
(B-17128)

### ૩૩. ધંધાદારી

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

DHIRAJ
Old Antique Shop
VALUE GIVEN IS MORE THAN MARKET RATE
We also collect Goods & give free Home Service
Old Furniture, Watches, Old Fountain Pens, Kerba, Old Crockery, Old Resham Kore And Zari, Old Toys, Old Camera, Old Notes And Coins, German Silver.
CONTACT: DHIRAJ
9819774578, 8369666193
Kemps Corner, Kwality Hours
Shop No. 112, Mumbai - 36.
(327)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**

જુના જાણકાર ઘેરબેઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (હોમવિઝિટ) 9765396401. (મુંબઈ). (બી-૧૭૦૫૭)

**રાજમણી જ્યોતિષ**

જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન. ગૃહકલેશ, સૌતન, સંતાન, વિવાહ, છુટાછેડા, લવ પ્રોબ્લેમ. 9987679488. (મીરારોડ) (બી-૧૭૧૪૧)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

# કાંદિવલીના બિલ્ડર સાથે ૫.૧૫ કરોડ રૂપિયાની છેતરપિંડી

## શાહ હાઉસકૉન પ્રા. લિ.ના સંચાલક પિતા-પુત્ર વિરુદ્ધ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલાડના એસઆરએ પ્રોજેક્ટને ડેવલપ કરવાના કરાર કરીને કાંદિવલીના જાણીતા બિલ્ડર પાસેથી ૫.૧૫ કરોડ રૂપિયા પડાવી કથિત છેતરપિંડી કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. આ પ્રકરણે બિલ્ડરે નોંધાવેલી ફરિયાદને આધારે બોરીવલીની કસ્તુરબા માર્ગ પોલીસે શાહ હાઉકૉન પ્રા. લિ.ના સંચાલક પિતા-પુત્ર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

કાંદિવલીમાં રહેતા અને બોરીવલીમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે નજીક ઑફિસ ધરાવતા નીલેશ રાઘાણી (૪૭)એ શાહ હાઉસકૉન પ્રા. લિ.ના સંચાલક મનસુખ શાહ અને આકાશ શાહ વિરુદ્ધ મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખામાં ફરિયાદ કરી હતી. આ અંગે ગુનો નોંધાવવા માટે તેમને સંબંધિત પોલીસ સ્ટેશનમાં જવાની સૂચના અપાઈ હતી. ફરિયાદને આધારે કસ્તુરબા માર્ગ પોલીસે ૧૦ ફેબ્રુઆરીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) અને ૩(૫) હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો.

ફરિયાદ અનુસાર માર્ચ, ૨૦૨૫માં ફરિયાદીની ઓળખ મનસુખ શાહ અને આકાશ શાહ સાથે થઈ હતી. શાહની કંપની ઝૂંપડપટ્ટી પુનર્વિકાસનું કામ કરે છે. તે સમયે શાહે મલાડ પૂર્વમાં રાણી સતી માર્ગ પરની ખોત ડોંગરી કો-ઓ. હાઉસિંગ સોસાયટીના પ્રોજેક્ટ વિશેની માહિતી ફરિયાદીને આપી હતી.

આ પ્રોજેક્ટ હેઠળના નક્કી કરેલા પરિસરમાં બાંધકામ ફરિયાદીની કંપનીએ કરવાનું નક્કી થયું હતું. આ માટે બાંધકામનો ખર્ચ ફરિયાદીની કંપની કરવાની હતી, જ્યારે બાંધકામ સંબંધી પરવાનગીઓ તેમ જ એ જગ્યા પરના ભાડૂતોને ખસેડવાનું કામ શાહની કંપની કરવાની હતી. સમયાંતરે આ પ્રોજેક્ટ માટેની ટર્મશિટ, એમઓયુ, સપ્લિમેન્ટ એમઓયુ અને પીટીસી એમઓયુ તૈયાર કરવામાં આવ્યા હતા. એમઓયુ અનુસાર ફરિયાદીની કંપની દ્વારા ૨૭ મે, ૨૦૨૫થી ૩૧ જુલાઈ, ૨૦૨૫ દરમિયાન શાહની કંપનીને ૫.૧૫ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા, એવું એફઆઈઆરમાં જણાવાયું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે શાહની કંપની દ્વારા એમઓયુ અને પૂરક એમઓયુમાં લાગુ કરાયેલી શરતોનું પાલન કરાયું નહોતું. વળી, સંબંધિત પ્લૉટનો માલિકી હક એક ચૅરિટી સંસ્થા પાસે હોવાનું જાણવા મળ્યું હતું. એ સિવાય અન્ય કેટલીક બાબતોથી ફરિયાદીને અજાણ રાખવામાં આવ્યા હોવાનું એફઆઈઆરમાં નોંધવામાં આવ્યું હતું.

# 'ધુરંધર-૨': નિયમનું ઉલ્લંઘન કરનારા પ્રોડક્શન હાઉસ સામે કોણ પગલાં લેશે?

## પોલીસ અને પાલિકાએ એકબીજા પર જવાબદારી નાખી હાથ ઉપર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં ફોર્ટ વિસ્તારમાં 'ધુરંધર-૨' ફિલ્મના શૂટિંગ દરમ્યાન નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું હોવાની સ્થાનિક રહેવાસીઓએ પોલીસમાં કરેલી ફરિયાદ બાદ તપાસ કરીને પ્રોડક્શન હાઉસ સામે આકરા પગલાં લેવાને બદલે એમઆરએ માર્ગ પોલીસે નઆ બાબતે પાલિકા કાર્યવાહી કરશેથ એવું કહીને પોતાની જવાબદારીથી હાથ ઊંચા કરી દીધા હોવાનું જાણવા મળ્યું છે. તો પાલિકાએ અગાઉ જ પ્રોડક્શન હાઉસને મુંબઈમાં વધુ શૂટિંગ માટે મંજૂરી નહીં આપીને તેમને બ્લેકલિસ્ટ કરવાનો નિર્ણય લીધો હતો અને હવે આ બાબતે પોલીસ વધુ પગલાં લેશે જણાવીને પાલિકા આ મામલામાંથી ખસી રહી હોવાનો દાવો ફરિયાદીએ કર્યો છે.

ફોર્ટ વિસ્તારમાં મોદી લેનમાં પ્રોડક્શન હાઉસને શુટિંગ માટે અગાઉ પાલિકાના 'એ' વોર્ડ તરફથી મંજૂરી મળી નહોતી. તેથી તેઓએ બીજા નામ અરજી કરીને એમઆરએ પોલીસ સ્ટેશન અને ટ્રાફિક ડિપાર્ટમેન્ટ પાસેથી મંજૂરી લઈને ફરી પાલિકા પાસે મંજૂરી લીધી હતી. જોકે તેમને ગૅસ સહિત ફાયર ટોર્ચ, જ્વલનશીલ પદાર્થ વગેરેનો ઉપયોગ નહીં કરવાની શરતે મંજૂરી આપવામાં આવી હતી. છતાં તેઓએ મોડી રાતના આ વસ્તુઓનો ઉપયોગ કરતા સ્થાનિક રહેવાસીઓની ફરિયાદ બાદ શુટિંગ બંધ કરવામાં આવ્યું હતું અને પાલિકા દ્વારા જ્વલનશીલ પદાર્થ જપ્ત કરવામાં આવ્યા હતા.

ફોર્ટના સ્થાનિક રહેવાસી અને સોશિયલ એક્ટિવિસ્ટ સંજય ગુરવે એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવી હતી અને પોલીસે મંગળવારે તેમનું સ્ટેટમેન્ટ નોંધીને વધુ કાર્યવાહી માટે પાલિકામાં ફરિયાદ કરવા માટે કહ્યું હતું. આ બાબતે તેમણે નમુંબઈ સમાચારથને જણાવ્યું હતું કે બે દિવસ પહેલા જ એમઆરએ પોલીસે મારી ફરિયાદ બાબતે જવાબ નોંધ્યો અને કહ્યું હતું કે પ્રોડક્શન હાઉસે ડ્રોન વાપર્યું હતું અને રસ્તા પર શુટિંગના સાધનો મુકીને નાગરિકોને તકલીફ આપી તે બાબતની ફરિયાદ પોલીસે લીધી છે અને તેની તપાસ ચાલી રહી છે પણ બાકીની ફરિયાદ બાબતે પાલિકા પગલા લેશે. જો વધુ તકલીફ છે તો કોર્ટમાં જાઓ કહીને પોલીસે હાથ ઉપર કરીને દીધા છે. પાલિકાએ તો પહેલા જ કહી દીધું હતું કે તેમણે પ્રોડક્શન હાઉસને મુંબઈમાં વધુ શુટિંગ માટે મંજૂરી નથી આપવાની અને વધુ કાર્યવાહી પોલીસ કરશે. પોલીસ અને પાલિકા નાગરિકોના જીવનની પરવા નહીં કરીને એકબીજા પર જવાબદારી નાખી રહી છે તેથી અમે પોલીસ અને પાલિકા સહિતની યંત્રણાઓને હવે કાયદેસરની નોટિસ ફટકારવાનો નિર્ણય લીધો છે. એમઆરએ પોલીસ સ્ટેશનના નામ નહીં આપવાની શરતે એક અધિકારીએ જણાવ્યું હતું કે અમારી તરફથી વધુ તપાસ ચાલી રહી છે પણ આ બાબતે પ્રોડક્શન હાઉસ સામે શું પગલા લેવા તેનો નિર્ણય તો પાલિકા જ કરશે. જો પ્રોડક્શન હાઉસે નિયમોનું ઉલ્લંઘન કર્યું છે તેમની સામે પાલિકા જ યોગ્ય પગલા લઈ શકશે. આ બાબતે પાલિકાના નએથ વોર્ડના ઉચ્ચ અધિકારીનો સંપર્ક અનેક વખત કર્યા બાદ પણ તેમના તરફથી કોઈ જવાબ મળ્યો નહોતો.

# મહેસૂલ ખાધ ઘટાડવા સ્ટેટ ટ્રાન્સપોર્ટ ૮,૩૦૦ નવી બસ ખરીદશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આર્થિક રીતે ખખડી ગયેલી મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રાન્સપોર્ટને નવજીવન બક્ષવા માટે રાજ્ય સરકારે આ વર્ષે ૮,૩૦૦ નવી બસ ખરીદવાનો નિર્ણય લીધો હોવાનું રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે ગુરુવારે જણાવ્યું હતું.

સ્ટેટ ટ્રાન્સપોર્ટ પાસે ઓછી બસ હોવાથી આવક પણ ઓછી થઈ રહી છે. બસની સંખ્યા વધી તો પ્રવાસીની સંખ્યા પણ વધશે અને પ્રવાસી વધશે તો આવક આપમેળે વધશે એવો દાવો રાજ્યના પરિવહન પ્રધાને કર્યો હતો.

કોરોના મહામારી પહેલા સ્ટેટ ટ્રાન્સપોર્ટ પાસે ૧૮થી ૧૯ હજાર બસનો કાફલો હતો. દરરોજ લગભગ ૬૬ લાખ પ્રવાસીઓ તેમાં પ્રવાસ કરતા હતા. જોકે કોરાના મહામારી અને કર્મચારીઓની હડતાળને પગલે ચાર-પાંચ વર્ષમાં બસની ખરીદી રખડી પડી હતી. તેથી ૨૦૨૪ની સાલમાં બસની સંખ્યા ઘટીને લગભગ ૧૨,૬૦૦ થઈ ગઈ હતી. આ દરમ્યાન રાજ્ય સરકારે મહિલાને ટિકિટમાં ૫૦ ટકાની રાહત અને ૭૫ વર્ષથી ઉપરના જયેષ્ઠ નાગરિકોને મફત પ્રવાસની સગવડ આપતા પ્રવાસીઓની સંખ્યા વધી ગઈ છે. રાજ્યમાં દરરોજ લગભગ ૫૦ લાખ પ્રવાસીઓ એસટીમાં પ્રવાસ કરે છે. બસની ઓછી સંખ્યાને કારણે અનેક વખત અપૂરતી ફેરીઓ થતી હોય છે. આગામી સમયમાં એસટીમાં ૭૦ લાખથી ૭૫ લાખ મુસાફરો પ્રવાસ કરે તેવું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

પરિવહન પ્રધાને જણાવ્યું હતું કે એસટીની લાંબા ગાળાની યોજના મુજબ આગામી અમુક વર્ષોમાં ૨૦થી ૨૫ હજાર બસની ખરીદી કરવાની યોજના છે, જેને રાજ્ય સરકારની મંજૂરી મળી છે. તેથી પહેલા તબક્કામાં ૮,૩૦૦ બસનો સમાવેશ કરવામાં આવશે.

આગામી માર્ચ મહિના સુધીમાં ૮,૩૦૦ બસનો તબક્કાવાર સમાવેશ કરવામાં આવશે.

છેલ્લા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્રમાં

અવસરે કિલ્લા પર શિવભક્તો અત્યંત ઉત્સાહમાં જોવા મળ્યા હતા. માત્ર શિવનેરી કિલ્લો જ નહીં, પરંતુ રાજ્યના વિવિધ સ્થળોએ શોભાયાત્રાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કલ્યાણમાં છત્રપતિ શિવાજી મહારાજ જયંતિના અવસરે અનોખી કલાકૃતિ બનાવવામાં આવી છે.

૪૨૨ કિલ્લાના નામમાંથી શિવ છત્રપતિની ભવ્ય તસવીર તૈયાર કરવામાં આવી છે. સંશોધક-કલાકાર ડો. દિનેશ ગુપ્તા આનંદશ્રી દ્વારા બે દિવસની મહેનતનું આ ફળ છે. મરાઠા ક્રાંતિ ઠોક મોરચાએ ધારાશિવ-તુળજાભવાની મંદિરમાં શિવ જયંતિ ઉત્સવ ઉજવ્યો. તુળજાભવાની છત્રપતિ શિવાજી મહારાજના કુળદેવી હોવાથી આ પૂજા મહત્વપૂર્ણ છે. દેવીના મંદિરમાં સિંહાસન પૂજા કરી શિવ અભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શિવભક્તોએ તુળજાભવાની મંદિરની પરિક્રમા કરતી વખતે છત્રપતિ શિવાજી મહારાજના ગુણગાન કર્યા હતા. મહિલાઓએ પણ સ્વયંભૂ ભાગ લીધો હતો.

છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિ નિમિત્તે, સોલાપુરમાં મરાઠા વસ્તી પરિસરના મંડળે એક નવું ઉદાહરણ સ્થાપિત કર્યું છે. છેલ્લા ૭ વર્ષથી ડીજે વિના શિવ જયંતિની ઉજવણી થઈ રહી છે. ડીજેનો ખર્ચ ટાળી મહિલાઓને મરાઠી સાડી અને ચોળી ભેટમાં આપવામાં આવી હતી. આ મરાઠી સંસ્કૃતિ અને પરંપરાઓને ઉજવવાનો અને ડીજે વિના તહેવાર ઉજવવાનો આ પ્રયાસ હોવાનું કહેવાયું હતું.

### શરદ પવાર

માટે પ્રેરણા આપે છે.' એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે કહ્યું કે શિવાજી મહારાજે સામાન્ય માણસના હૃદયમાં આત્મસન્માનની ચિનગારી પ્રગટાવી હતી. છત્રપતિ શિવાજીના કારણે જ મહિલા શક્તિનું સન્માન કરવાની સંસ્કૃતિ માર્ગદર્શક પ્રકાશ બની રહી છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળએ મુંબઈના દાદર વિસ્તારમાં આવેલા શિવાજી પાર્કની મુલાકાત લઈને દંતકથા બની ગયેલા સુપ્રસિદ્ધ યોદ્ધા રાજાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. (પીટીઆઈ)

### મુંબઈ મેટ્રોમાં

જ હવે મેટ્રો ટૂ-એ અને મેટ્રો-૭ આ બંને રૂટ પણ મોટી સંખ્યામાં મુંબઈગરાએ પોતાની પસંદગી ઉતારી છે. છેલ્લા એક મહિનામાં લગભગ ૪૪.૨૬ લાખ પ્રવાસીઓએ આ રૂટ પર પ્રવાસ કર્યો છે. દરરોજ સરેરાશ ૧.૪૭ લાખ પ્રવાસીઓ આ સેવાનો લાભ લઈ રહ્યા છે. ખાસ કરીને ગુંદવલી, માગાઠાણે અને અંધેરી પશ્ચિમ સ્ટેશન પર ભારે ભીડ રહેતી હોય છે. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ૨૫ ટકા અને લોકલ ટ્રેનનો ભાર ૧૫ ટકાથી ઘટાડવાના ઈરાદે આ મેટ્રો રૂટ ચાલુ કરવામાં આવ્યો હતો પણ વારંવાર આ રૂટ પર સર્જાતી ટેક્નિકલ ખામીને કારણે પ્રવાસીઓમાં નારાજગી જોવા મળી રહી છે.

### નાલાસોપારા

આ પહેલના સફળ અમલીકરણ માટે સહયોગ કરવાની અપીલ કરી છે. જો મુસાફરો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળશે, તો આ પ્રયોગ ફક્ત નાલાસોપારા પર જ નહીં પરંતુ અન્ય ભીડવાળા સ્ટેશનો પર પણ લાગુ કરી શકાય છે. આનાથી દૈનિક મુસાફરી સુરક્ષિત, સરળ અને વધુ આનંદપ્રદ બનશે એવી આશા છે.

### માનપાડાથી

એમએમઆરડીએ દ્વારા કલ્યાણ-તલોજા મેટ્રો લાઇન-૧૨નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ 'થાણે-ભિવંડી-કલ્યાણ મેટ્રો લાઇન ૫' નો જ એક વિસ્તાર છે, જે હવે મેટ્રો લાઇન-૧૨ દ્વારા કલ્યાણ અને નવી મુંબઈને જોડશે. આ મેટ્રો લાઇન પર કુલ ૧૯ સ્ટેશનો હશે.

અંદાજે ૬ હજાર કરોડ રૂપિયાના ખર્ચે બનનારી આ મેટ્રો લાઇનનું કામ ડિસેમ્બર ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરીને તેને સેવામાં કાર્યરત કરવાનું એમએમઆરડીએનું આયોજન છે. હવે આ લાઇનનો વિસ્તાર સીધો દહાણે સુધી કરવાનો નિર્ણય એમએમઆરડીએએ લીધો છે. તે અનુસાર '૧૨-એ' નામની નવી વિસ્તૃત લાઇનનું આયોજન કરવામાં આવ્યું છે, તેવી માહિતી એમએમઆરડીએના વરિષ્ઠ અધિકારીઓએ આપી હતી. મેટ્રો ૧૨-એ લાઇન ૧૮ કિમી લાંબી હશે અને આ લાઇન પર આઠ મેટ્રો સ્ટેશન હશે. આ લાઇનનો અંદાજિત ખર્ચ રૂ. ૮,૪૦૦ કરોડ છે.

### નાગપુરનો

હાથ ધરાઇ હતી. અહિલ્યાનગર જિલ્લાના મુકુંદનગર ખાતેના સાત સ્થળે સર્ચ હાથ ધરવામાં આવી હતી અને અમુક શકમંદોની પૂછપરછ કરવામાં આવી હતી. એટીએસની ટીમોએ આ દરોડા દરમિયાન વાંધાજનક દસ્તાવેજો તથા ગેજેટ્સ જપ્ત કર્યા હતાં.

### શિવનેરી કિલ્લામાં

ઊતરી રહ્યા હતા ત્યારે ઉપરથી કોઇએ એક જણને ધક્કો માર્યો હતો, જેને કારણે મીના દરવાજાની નજીક એ ગ્રૂપમાંના ચારથી પાંચ લોકો નીચે પડી ગયા હતા અને તેમના પગમાં ઇજા થઇ હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સ્થળ પર હાજર પોલીસ કર્મચારીઓની ટીમે ઘાયલોને તાત્કાલિક મદદ કરી હતી તેમ જ ભાવિકોની અવરજવર સરળતાથી ચાલુ રહે તેની ખાતરી કરી હતી. પુણે ગ્રામીણના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સંદીપ સિંહ ગિલે જણાવ્યું હતું કે અમે વધારાની પોલીસ ફોર્સ ત્યાં તહેનાત કરી છે અને ભાવિકોની અવરજવર હવે સરળતાથી થઇ રહી છે. (પીટીઆઇ)

# પારસી મરણ

મર્ઝબાન સાવક તારાપોર ૧૯-૨-૨૬ના ગુજરી ગયા છે. તે મરહૂમ ખોરશેદ અને મરહૂમ સાવક તારાપોરના દીકરા. તે મરહૂમ લીલી સૅમ પટેલ, મરહૂમ એલિસ રોહિન્ટન તારાપોરના ભાઇ. તે ફ્રેની નાર્વેકર, રોની પટેલ, મેહર પટેલના અંકલ. ઉઠમણું : તા. ૨૧-૨-૨૬ના. ઠે. પાલનજી શાપુરજી હોમ ફોર સિનિયર સિટિઝન, પીટીટ રોડ, ઓફ્ફ. બી.ડી. પીટીટી પારસી જનરલ હોસ્પિટલ, મુંબઇ-૩૬.

કેટી કેકી ડોલાસા (ઉં. વ. ૮૬) તા. ૧૮-૨-૨૬ના ગુજરી ગયા છે. તે મરહુમ કેકી કાવસજી ડોલાસાનાં પત્ની. તે મરહુમ તેહમિના અને ફિરોજશા લાહેરના દીકરી. તે જાસ્મીન અને હુતોક્ષીનાં માતુશ્રી. તે ધર્મેશ અને શૈલેષનાં સાસુ. તે ફરહાન, આયેશા, સિમરન, નિકીતા, કરિશ્મા, ઝૈનિયા, નશરીન, જેનોવિયા, યોહાન, ડોરીનનાં ગ્રાન્ડમધર. ઉઠમણું : તા. ૨૦-૨-૨૬ના. ઠે. ૧૦, ૧૨મો માળ, એ-૨૨૦૧, રૂદ્રાક્ષ કોમ્પ્લેક્સ સીટીએસ નં. ૨૨૭૬, વૈશાલી નગર, દહીંસર (પૂર્વ), મુંબઇ-૬૮.

# જૈન મરણ

**વિશા ઓશવાળ જૈન**

કડી નિવાસી હાલ કાંદિવલી (વેસ્ટ) સ્વ. દેવેન્દ્રભાઇ નવીનચંદ્ર ગાંધીના ધર્મપત્ની મૃદુલાબેન (ઉં.વ. ૮૪) તે લાડોલ નિવાસી મણિબેન ચીમનલાલ નપુભાઇ શાહની સુપુત્રી. તે સુષ્મા, સુનિતા, સંદીપ, વિહારના માતુશ્રી. પરેશકુમાર, અશોકકુમાર, શેફાલીબેન તથા નિરમાબેનના સાસુજી. ધ્રુવીલ, પ્રશમ, જયનીશ-નમિતા, સોહિલ-કેજલ, આકાશ-હેતલના દાદી તા. ૧૭-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાણપુર (ભેસાણ) નિવાસી હાલ મીરા રોડ, બિંદુબેન નવીનચંદ્ર કોઠારીની સુપુત્રી ચી. હેમાબેન (ઉં. વ. ૫૭) તા. ૧૯-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સંજયના બેન. અ. સૌ. મીતાબેનના નણંદ. તથા વિહાનાના ફૈબા. હસમુખભાઇ ભોગીલાલ મોદીની ભાણેજ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બેતાલીસ દશા હુમડ, દિગંબર જૈન**

પાટનાકુઆ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. ચંપકલાલ ચંદુલાલ શાહ (ઉં. વ. ૭૮) તા. ૧૯/૦૨/૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. અરુણાબેન શાહના પતિ. રાહુલ, શિલ્પા, સેજલના પિતા. અપેક્ષાના સસરા, સિદ્ધના દાદા. ધર્મેશકુમાર, દિલિપકુમારના સસરા. તેમની પ્રાર્થનાસભા તા. ૨૧/૦૨/૨૬, સવારે ૯ થી ૧૧. શનિવારના હાલાઈ લોહાણા મહાજન વાડી, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બગડાના ઝવેરબેન નાગજી છેડા (ઉં. વ. ૭૯), તા. ૧૭-૨-૨૬ ના અરિહંતશરણ પામેલ છે. મુલબાઇ વેલજી ચનાના પુત્રવધૂ. ભુજપુરના ગંગાબાઇ લાલજી રામજીના સુપુત્રી. નાગજી વેલજીના ધર્મપત્ની. નીતા, રોહિત, પિયુષના માતુશ્રી. મંગલ, દેવશી, કોરશી, શાંતાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રોહિત છેડા, સત્યમ ૧, રૂમ નં. ૫, આર.સી. માર્ગ, ફાઇન આર્ટ ઓડીટોરીયમની બાજુમાં, ચેમ્બુર (પૂર્વ).

કોડાયના લક્ષ્મીચંદ રતનશી લાલન (ઉં. વ. ૯૦) તા. ૧૭-૨-૨૬ ના અવસાન પામેલ છે. નાથીબાઇ રતનશીના સુપુત્ર. કસ્તુરબેનના પતિ. રાજેશ, કેતન, નીતાના પિતાશ્રી. ભવાનજી, ભાણજી, મુલચંદ, કાંતીલાલ, કસ્તુરબેન, પ્રભાબેનના ભાઈ. રતનબાઇ મુરજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેતન લાલન, ૧૦૧, અમૃત ટાવર, જૈન મંદિર કોમ્પલેક્સ, તાંબે નગર, મુલુંડ (વે).

# હિન્દુ મરણ

મૂળ વલસાડ અટગામ, હાલ વસઇ મુંબઇ નિવાસી સ્વ. રોનક મનોજભાઇ કુવેકર તા. ૩૦-૧-૨૬ના રોજ અવસાન પામેલ છે. તે મનોજભાઇ શામજીભાઇ કુવેકર તથા સંગીતાબેન કુવેકરના પુત્ર. ગં. સ્વ. પ્રભાવતીબેન શામજીભાઇ કુવેકરના પૌત્ર. અમુલભાઇ, દિક્ષીતભાઇ કુવેકરના ભત્રીજા. તે રોશન મનોજ કુવેકર, મીત, દિપ, મંથન કુવેકરના ભાઇ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૨-૨-૨૬ના સાંજે ૫થી ૭ વસઇ ખાતે રાખેલ છે. ઠે. જોશી હોલ, વસંત નગરી ગ્રાઉન્ડની બાજુમાં, વસઇ (પૂર્વ).

સિહોરવાળા હાલ બોરીવલી અજીતરાય ગિરિજાલક્ષ્મી મોહનલાલ સંઘવી (ઉં. વ. ૮૯) તા. ૧૭-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે દમયંતીના પતિ. અજય અને ફાલ્ગુની નિખિલ શેઠના પિતા. અમીના સસરા. પરી હર્ષ શાહ, રાજી, હિરલના દાદા. ઇશ્વરલાલ, મંગળદાસ, હરકિશનદાસ, રમણિકલાલ અને જસવંતીબેન છગનલાલ શેઠના ભાઇ. ત્રિકમદાસ બેચરદાસ વલિયાના જમાઇ. અમૃતલાલ ભૂતાના ભાણેજ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૨-૨-૨૬ના ૪થી ૬. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ હોલ, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ).

**કપોળ**

મહુવા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. શાંતાલક્ષ્મી તથા પ્રાણજીવનદાસ લક્ષ્મીદાસ બુસાના સુપુત્ર અશોકભાઇ (ઉં. વ. ૭૦) તા. ૧૭-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે મીરાબેનના પતિ. ભાર્ગવ તથા ભાવીનના પિતાશ્રી. ફાલ્ગુની તથા શેતલના સસરા. તથા સ્વ. મનુભાઇ, સ્વ. હિંમતભાઇ, ગજેન્દ્રભાઇ, મુકુન્દભાઇ તથા સ્વ. દિન્તાબેન નગીનદાસ, સ્વ. જયશ્રીબેન જેન્તીલાલ, રંજનબેન મધુસુદન, કોકીલાબેન શરકુમારના ભાઇ. તે રાજુલાવાળા ત્રિભોવનદાસ દામોદરદાસ ગાંધીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૧-૨-૨૬, શનિવારના સાંજે ૪.૩૦થી ૬.૩૦. ઠે. લાઇન્સ કોમ્યુનિટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ). લૌકિક પ્રથા બંધ છે. નેત્રદાન કરેલ છે.

**પરજીયા સોની**

જાળીયાવાળા હાલ મુંબઈ, સ્વ. દિલીપભાઈ આપાભાઈ ધાણક (ઉં. વ. ૭૫) સ્વ. આપાભાઈ કાનજીભાઈ ધાણકના સુપુત્ર તા. ૧૭/૦૨/૨૬ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે તરુણાબેનના પતિ. અમિત, અશ્વિનના પિતાશ્રી. સ્વ. અમુભાઈ, સ્વ. મનહરભાઈ, સુરેશભાઈ, રમેશભાઈ, જગદીશભાઈ, સ્વ. નિર્મળાબેન હિંમતભાઇ થડેશ્વર, ઇન્દુબેન રમણીકલાલ વાયાના ભાઈ. દાઠાવાળા સ્વ.રતિલાલ શામજીભાઈ સુરૂના જમાઈ. લૌકિકપ્રથા બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

આટકોટવાળા હાલ મલાડ, બાબુલાલ નાથાલાલ પડિયાના ધર્મપત્ની અ.સૌ. ચંપાબેન (ઉં. વ. ૮૧) ૧૭/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે રાજેશ તથા મનીષાના માતુશ્રી. મંથન તથા પ્રણવના દાદી. પારૂલ તથા બ્રુજેશ ગોયલના સાસુ. ગોંડલવાળા ભગવાનજી રૂગનાથ નિર્મળના દીકરી. તેમની પ્રાર્થનાસભા ૨૦/૨/૨૬ના રોજ ૪ થી ૬. સ્વામિનારાયણ સંસ્કાર ધામ, ત્રીજે માળે, નીલગીરી એપાર્ટમેન્ટ પાસે, એસ વી રોડ મલાડ વેસ્ટ.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ કાંદિવલી, ગં.સ્વ. સવિતાબેન (ઉં. વ. ૮૭) ૧૭/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. નાગરદાસ ઠાકરશી ગોરડીયાના ધર્મપત્ની, મહુવાવાળા સ્વ. મગનલાલ ગણેશભાઈ વોરાના દીકરી. દિપક, નિલેશ, કોકિલા, પ્રિતીના માતુશ્રી. કવિતા, હેમા, રાજેશ કાણકિયા, સંતોષ રમપુરેના સાસુ. રિયા, ડોલર, ફાગુનના દાદી. તેમની પ્રાર્થનાસભા ૨૦/૨/૨૬ ના રોજ ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, શંકરમંદિર પાસે, બીજે માળે એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

લીલીયાવાળા હાલ અમરેલી, મુકુંદરાય ગુલાબરાય મહેતા (ઉં. વ. ૮૪) તા. ૧૩/૦૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે વર્ષાબેનના પતિ. સંજય - ભાવના, ચેતન - ક્રિષ્ના, સોનલ-પંકજ, કાનન-જતિનના પિતાશ્રી. રમેશભાઈ, ભરતભાઈ, હરેશભાઇ, દિપકભાઈ, સ્વ. વિલાસબેન, સ્વ. જશુબેન, સ્વ. કલાબેન, અ.સૌ. કુંદનબેન, સ્વ. રેખાબેનના ભાઈ. સાગર-બંસરી, દિશાંક - ડેનિશા, ઉત્સવ - રિધ્ધિ, સલોની-રોનકના દાદા. દામનગરવાળા સ્વ. નાનાલાલ દામજી મોદીના જમાઈ.

**હાલાઇ લોહાણા**

રાજકોટ નિવાસી હાલ મલાડ, રાજનભાઈ બચુભાઈ સવાણી (ઉં. વ.૬૭), તા. ૧૬/૦૨/૨૬ના સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. વસંતબેન તથા સ્વ. બચુભાઈ વસ્તાભાઈ સવાણીના પુત્ર. મિતાબેનના પતિ. હસિત, પ્રિયાના પિતા, ફોરમ તેમજ નિતેશકુમાર સુજેશભાઈ ગઢીયાના સસરા. તેઓ પૂજાબેન ઉપેન્દ્રકુમાર ઠક્કરના ભાઈ. હરિલાલ શામજીભાઇ જોબનપુત્રા (કલ્યાણ)ના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦/૦૨/૨૬ના શુક્રવારે સાંજે ૫ થી ૭. કમ્યૂનિટી હોલ, ઔરીસ સેરેનીટી, ટાવર-૧, સિલ્વર ઓક હોટેલની બાજુમાં, કાચપાડા, મલાડ, મું.૬૪.

**કચ્છી લોહાણા**

ગામ વાયોર હાલે મુલુંડ, સ્વ. ભાગીરથી નાનાજી દયાળજી દાવડાના પુત્રવધૂ અ.સૌ. દિપ્તી (ઉં.વ.૬૧) તે ચંદ્રકાંત(પપ્પુ)ના ધર્મપત્ની. તે તેજલ કર્મેશ ચંદારાણા, ચૈતાલી કનૈયા ઠક્કરના માતૃશ્રી, તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ બુધવારના રામશરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રિકાબેન દિલીપકુમાર, ગં.સ્વ. મીતા મધુસૂદન, ગં.સ્વ. કલાવતી વસંતકુમાર, માલતી પંકજના દેરાણી. સ્વ. કમળાબેન રમેશ રૂપારેલના ભાભી. સ્વ. લીલાવંતી જમનાદાસ કલ્યાણજી સચદે (ગામ- મોટી ધૂફી)ના સુપુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ સાંજે ૫:૦૦ થી ૭:૦૦. ગોપુરમ હોલ, આર. પી. રોડ મુલુંડ પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળગામ આંત્રોલી જૂનાગઢ હાલ ખપોલી, મૂળજીભાઈ મનજીભાઈ વિઠલાણી (ઉં. વ. ૭૭) તે દમુબેનના પતિ, સ્વ. મગનભાઇ, દિનેશભાઈ, અશોકભાઈ, સ્વ. ચંપકભાઈ, દીપકભાઈ, રમેશભાઈ, સ્વ.મુક્તાબેન દામોદરદાસ, નિર્મળાબેન રતીલાલ, પુષ્પાબેન દિલીપકુમાર, સ્વ. સુમનબેન જયસુખલાલ, રમીલાબેન રમણીકલાલ, હંસાબેન પ્રવીણકુમારના ભાઈ. નાથાલાલ પુરષોત્તમ મજીઠીયા સલાયાવાલાના જમાઈ. કેતન, ભદ્રેશ, અલ્પેશ, અંકિત, હર્ષ, જયેશ, ચિરાગ, રોહન, ડિંકલબેન, પૂજાબેન, અર્ચનાબેન, કામિનીબેન, મનીષાબેન, ઈલાબેન, વર્ષાબેન, રીનાબેન, નૈનાબેન તથા મીનાબેનના કાકા. ગુરુવાર તા. ૧૯/૦૨/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૦/૦૨/૨૦૨૬ના બપોરે ૩:૩૦ થી ૦૫:૦૦. સરસ્વતીમા લોહાણા મહાજનવાડી, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાની સામે, ખપોલી.

# મૅટિની

## ગેન્ગસ્ટર ફિલ્મની ટીકા-ટિપ્પણ પર પ્રતિબંધ

### શાહિદ કપૂરનું નવું ચિત્રપટ 'ઓ'રોમિયો' સારું છે કે ખરાબ એવી કમેન્ટ અટકાવવા માટે કાનૂની રસ્તો અપનાવવામાં આવ્યો છે... કમાલ કહેવાય, નહીં ?!

**કવર સ્ટોરી**
હેમા શાસ્ત્રી

ફિલ્મ વિવેચક થિયેટરમાં બિલોરી કાચ - મેગ્નિફાઈંગ ગ્લાસ લઈને બેસતા હોય છે. જે વાત આમ દર્શકના ધ્યાનમાં ન આવે કે એને વિચાર સુધ્ધાં ન આવે એવી વાત કે એવો મુદ્દો વિવેચકોની પારખું નજર પકડી પાડતી હોય છે. પછી આ વિવેચકો 'પેન ઈઝ માઈટિયર ધેન સોર્ડ' (કલમ તલવાર કરતાં વધુ શક્તિશાળી હોય છે)ને ચરિતાર્થ કરી અંગત સૂઝબૂઝ અનુસાર ફિલ્મનું વિવેચન કરતા હોય છે. ક્યારેક એવું બને કે વિવેચકો કહે '(જોવાનું) રહેવા દો' તો દર્શકો 'જોવા દોને!' કહી થિયેટર ગજાવી મૂકે.




બીજી તરફ એવું પણ બને કે વિવેચકોએ ફિલ્મની આરતી ઉતારી હોય પણ દર્શકો રિસાઈ ગયા હોય અને થિયેટરમાં કાગડા ઉડતા હોય. અલબત્ત, ઘણીવાર અને વિશેષ કરીને આજના સોશ્યલ મીડિયાના પ્રભાવી દોરમાં ફિલ્મનો પોઝિટિવ રિવ્યૂ દર્શકને થિયેટર તરફ ખેંચવામાં કે નેગેટિવ રિવ્યૂ એને જતો અટકાવવામાં વધુ નિમિત્ત બની શકે છે. આ સંદર્ભમાં વિશાલ ભારદ્વાજ દિગ્દર્શિત શાહિદ કપૂર - તૃપ્તિ ડિમરીની ગયા અઠવાડિયે રિલીઝ થયેલી ફિલ્મ 'ઓ'રોમિયો' સંબંધે લેવાયેલા વિશિષ્ટ નિર્ણય ચર્ચાસ્પદ બન્યો છે.

૧૩ ફેબ્રુઆરીએ થિયેટરમાં રિલીઝ થયેલી 'ઓ' રોમિયો' ક્રાઈમ થ્રિલર છે. ગુનાખોરીની દુનિયામાં ડોકિયું કરતા પુસ્તક લખવા માટે જાણીતા હુસેન ઝૈદીના 'માફિયા ક્વીન્સ' પુસ્તક પર આધારિત આ ચિત્રપટમાં ૧૯૯૦ના દાયકાના મુંબઈ શહેરમાં હુસેન ઉસ્તરા નામના ગેન્ગસ્ટરના પ્રેમ અને ગુનેગારી વચ્ચે ફંગોળાતા જીવનને આલેખવામાં આવ્યું છે. આ લખાય છે ત્યાં સુધીમાં ફિલ્મ ઘર આંગણે ૪૦ કરોડનો વકરો કરવામાં સફળ રહી છે. ફિલ્મ કેટલી આવક કરશે એનો અંદાજ તો ન બાંધી શકાય, પણ એ ફ્લોપ નહીં થાય એવી આશા અસ્થાને નથી.

રિવ્યૂ ચિત્રપટના કલેક્શનને કેટલી અને કેવી અસર કરી શકે એ અંગે મિશ્ર અભિપ્રાય વ્યક્ત થતા આવ્યા છે. જોકે આજની પેઢી અખબારમાં રિવ્યૂ વાંચતી હશે કે કેમ એ નિશ્ચિતપણે ન કહી શકાય, પણ સોશ્યલ મીડિયામાં વ્યક્ત થતા અભિપ્રાય એ જરૂર વાંચે છે અને અમુક અંશે એનાથી દોરવાઈ પણ જાય છે એટલે જો કોઈ ફિલ્મને નેગેટિવ રિવ્યૂ મળે તો બોક્સ ઓફિસ પર એની અસર પડવાની સંભાવના હોય છે. આ સંભવિત ભયથી કે અંદેશાથી ચેતી ફિલ્મ ટિકિટ વેંચતા ઓનલાઈન પ્લેટફોર્મ પર 'ઓ' રોમિયો' માટે 'ઓડિયન્સ રેટિંગ' (એક સ્ટાર, ત્રણ સ્ટાર કે પાંચ સ્ટાર) અને રિવ્યૂ (ફિલ્મ સારી છે, ઠીક ઠીક છે, બકવાસ છે જેવી કોમેન્ટ) દર્શાવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સોશ્યલ મીડિયા પર 'રિવ્યૂ બોમ્બિંગ' નામનો એક પ્રકાર જોવા મળે છે, જેમાં ઘણીવાર ફિલ્મની ગુણવત્તાને બાજુએ રાખી રાજકીય કે સાંસ્કૃતિક એજેન્ડાથી ફિલ્મને ઉતારી પાડવાના પ્રયાસ કરવામાં આવે છે. બીજી તરફ વખાણના ખોટા રિવ્યૂથી ફિલ્મનું રેટિંગ વધારવાની કોશિશ કરવામાં આવતી હોવાની દલીલ પણ કરવામાં આવે છે. 'ઓ' રોમિયો' સાથે આવું કશુંક થઈ શકે એવા સંભવિત ભય કે આશંકાથી કોર્ટ ઓર્ડર દ્વારા ઓનલાઈન પ્લેટફોર્મ પરથી રિવ્યૂ અને રેટિંગ આપવાની વ્યવસ્થા આ ફિલ્મ પૂરતી હટાવી દેવામાં આવી છે. રિવ્યૂ - રેટિંગ પર કાનૂની પ્રતિબંધ મૂકનારી 'ઓ' રોમિયો' હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની પહેલી ફિલ્મ છે.

કોઈ ટીકાથી પર ન હોય એ આદર્શ વાતાવરણ કહેવાય. લોકશાહી અને મુક્ત વિચારધારામાં બધું જ નિરીક્ષણ અને ટીકાને પાત્ર હોય છે, કારણ કે માનવીય પ્રગતિ માટે સતત સમીક્ષા થતી રહે એ હિતમાં છે. અલબત્ત, આદર્શ અને અવસ્થાનો મેળ ખાય એ જરૂરી નથી. ગેન્ગસ્ટરની ફિલ્મની ટીકા કરવાની હિંમત થોડી કરાય? એવો વ્યંગ પણ કરવામાં આવ્યો છે.

સારા - ખરાબ રિવ્યૂની ફિલ્મના કલેક્શનને અસર થાય ખરી? બંને પક્ષના ઉદાહરણ ઉપલબ્ધ છે. તાજેતરના સમયની વાત કરીએ તો વિવેચક તરીકે વજન ધરાવતાં અનુપમા ચોપડા જેવાં સમર્થ વિવેચકે 'ધુરંધર'ની તીવ્ર ટીકા કરી હોવા છતાં ફિલ્મનો ધ્વજ તો ઉત્તુંગ લહેરાયો. બીજી તરફ શ્રીરામ રાઘવનની 'ઈક્કીસ'ને મહદંશે વિવેચકોએ વખાણી પણ બોક્સ ઓફિસ પર ઊંધે માથે પછડાઈ એ હકીકત છે. આ પરિસ્થિતિમાં જો કોઈ એવી દલીલ કરે કે 'રિવ્યૂને મૂકો પૂળો, મારું ખેતર ને મારો મૂળો' તો નવાઈ ન લાગવી જોઈએ.

ફિલ્મ વિવેચકના 'વિચાર વૈભવ' અંગે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સફળ લેખક જાવેદ સિદ્દીકીએ એક લેખમાં ખૂબ મજેદાર વાત કરી છે. જાવેદ ભાઈને કારકિર્દીના પ્રારંભમાં જ વિખ્યાત ફિલ્મ મેકર સત્યજિત રાય સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. વાત એમના જ શબ્દોમાં જાણીએઃ

'સત્યજિત રાય દંભી હતા, ડોળ કરતા હતા એવી ખોટી છાપ ઉપસાવવામાં મીડિયાનો હાથ રહ્યો છે. ફિલ્મ વિવેચકો, રિવ્યૂ કરનારા તેમજ એમના પ્રશંસકો એમના વિશે ભરપૂર લખતા. હદ તો એ વાતની છે કે ક્યારેક એ વાંચી ખુદ રાય સાહેબ હેબતાઈ જતા. 'અપૂર સંસાર' (૧૯૫૯) રિલીઝ થઈ ત્યાં સુધીમાં સત્યજિત રાયને પ્રતિષ્ઠા મળી ચુકી હતી. 'અપૂર સંસાર' જોયા પછી એક ફિલ્મ ક્રિટીકે તેમને કહ્યું કે 'ફિલ્મમાં ઘણા ટ્રેકિંગ શોટ (કેમેરા પાત્ર સાથે ગતિમાં રહે એવા શોટ) છે જ્યારે તમારી પહેલી ફિલ્મ 'પાથેર પાંચાલી'માં માત્ર અને માત્ર સ્ટેટિક શોટ્સ (કેમેરા એક જગ્યાએ સ્થિર રહે. પાત્રની હલનચલન અનુસાર ગતિ ન કરે કે ન ઝૂમ થાય કે પેન થાય) હતા. કયા કારણસર તમે ફિલ્મમેકિંગની શૈલી બદલી નાખી?'

સત્યજિત રાયએ આપેલો જવાબ વાંચો - તેમણે એટલું જ કહ્યું કે 'કારણ કે 'પાથેર પાંચાલી' વખતે મારી પાસે ટ્રોલી ભાડે લેવાના પૈસા નહોતા.' હસવાની મનાઈ નથી.

બીજો પ્રસંગ છે 'અભિજાન' (૧૯૬૨) ફિલ્મનો. ફિલ્મ એક ટેક્સી ડ્રાઈવર વિશે હતી. ફિલ્મનો પ્રેસ શો પૂરો થયા પછી એક વિવેચકે ફિલ્મના ભરપેટ વખાણ કરી મિસ્ટર રાયને કહ્યું કે 'સર, તમે એક શોટમાં કમાલ કરી છે, જેમાં ટેક્સીના રિયર વ્યૂ મિરરમાં તિરાડ દેખાડી ટેક્સી ડ્રાઈવરનો અહમ કેવો ઘવાયો છે એ દર્શાવ્યું છે. તમારા જેવા જીનિયસ જ આવી વાત પ્રતીકરૂપે અદ્ભુત રીતે રજૂ કરી શકે.'

આ રજૂઆત સાંભળી સત્યજિત રાય ચોંકી ગયા અને આશ્ચર્યના ભાવ સાથે પેલા વિવેચક સામે જોયું. પછી તરત બાજુમાં ઊભેલા ફિલ્મના આર્ટ ડિરેક્ટર બંસી ચંદ્રગુપ્તને પૂછ્યું,

'હેં, બંસી, કાચ તૂટેલો હતો?!'

મૈં રોઉં યા હસું, કરું મૈં ક્યા કરું? ■

---

## 'ચાંદ સી મહેબૂબા'... 'ચાંદ મેરા દિલ'-'ખોયા ખોયા ચાંદ, ખુલા આસમાન...'

### અનોખાં ચંદ્રગીતોની મદહોશ મહેફિલ

**સ્ટાર-યાર-કલાકાર**
સંજય છેલ



દેવ આનંદે સંગીતકાર એસ.ડી.બર્મનને પહેલીવાર કવિ શૈલેન્દ્ર સાથે કામ કરવા મજબૂર કર્યા. બર્મનદાએ ધૂન બનાવીને શૈલેન્દ્રને મોકલી - સંભળાવી. બીજે દિવસે રેકોર્ડિંગ હતું, પણ ગીતકાર શૈલેન્દ્રને ગીત સૂઝે નહીં. મુંબઇના નેશનલ પાર્કમાં આખો દિવસ બેસીને વિચારતા રહ્યા. એમની સાથે બર્મનદાનો કિશોર વયનો પુત્ર પંચમ ઉર્ફ રાહુલ દેવ બર્મન હતો. રાહુલનું કામ એ હતું કે શૈલેન્દ્ર ગીત લખે એ એણે લઇને બર્મન દા પાસે તરત પહોંચાડવાનું ... છેક સાંજ પડી પણ ગીત બન્યું જ નહીં. તો શૈલેન્દ્ર પછી નેશનલ પાર્કથી જૂહુના દરિયા કિનારે જતા રહ્યા. પાછળ પાછળ રાહુલ દેવ બર્મન પણ ગયા. જૂહૂના કિનારે ટહેલતા ટહેલતા, ઉપર ખીલેલા પૂર્ણ ચંદ્રને જોઇને, અચાનક શૈલેન્દ્રને એક પંક્તિ સૂઝી..એમણે સિગરેટના બોક્સમાંના ચાંદીના કાગળ પર ગીતનું મુખડું લખ્યુંઃ

**'ખોયા ખોયા ચાંદ, ખુલા આસમાન... આંખો મેં સારી રાત જાયેગી, તુમકો ભી કૈસે નીંદ આયેગી?'**

-અને એ ગીત પછી ચંદ્રપ્રકાશ તળે જ શૂટ થયું અને અમર થઇ ગયું.

હિંદી ફિલ્મોમાં 'મહોબ્બત' શબ્દ પછી સૌથી વધારે કોઇ વિષય પર ગીતો લખાયા હોય તો એ છેઃ

ચાંદ, ચંદ્રમા, ચંદા, ચાંદની... અત્યારે રમઝાનનો મહિનો ચાલે છે... હોળી પર ચન્દ્ર ગ્રહણ આવશે...ટૂંકમાં હમણાં ચાંદનો મહિમા ચાલે છે.

'આધા હૈ ચંદ્રમા રાત આધી, રહ ના જાયે તેરી મેરી બાત આધી'વાળું ગીત વી. શાંતારામની ફિલ્મ 'નવરંગ'માં સુપરહીટ થયેલું ત્યારે ફિલ્મની હીરોઇન સંધ્યાની ઓવર એકટિંગને જોઈને વિવેચકો કહેતા કે 'સંધ્યા જો 'અડધો ચંદ્રમાં' માટે આટલી ઓવર એકટિંગ કરે છે તો 'આખો ચંદ્રમા' હોત તો શું નું શું કરત? ચાંદને માટલાની જેમ માથે મૂકીને નાચત?!

'પ્યાસા' કે 'કાગઝ કે ફૂલ' બનાવનાર ગુરૂદત્તની 'ચૌદવી કા ચાંદ' સૌથી સફળ ફિલ્મ હતી ! રાજ કપૂરે પણ પોતાની ફિલ્મોમાં ચાંદને બેશૂમાર વાપર્યો 'દમ ભર જો ઉધર મુંહ ફેરે ઓ ચંદા...' ગીતમાં ફિલ્મી સેટ પરનો સફેદ ચંદ્ર ફિલ્મનું પાત્ર હોય એમ ચમકતો હતો. ૯૦ના દાયકામાં સલમાન ખાનની, હીરોઇન શ્રીદેવી સાથે ફિલ્મ 'ચાંદ કા ટુકડા' આવી હતી ત્યારે હાઇટમાં અને ટેલેંટમાં નાના એવા સલમાન માટે બધા કહેતા કે ચાંદ એટલે શ્રીદેવી અને એનો નાનો ટુકડો એટલે સલમાન!

ગીતકાર ગુલઝાર તો ગર્વથી કહે છે કે તેમની પાસે ચાંદની એજંસી કે મોનોપોલી છે, કારણકે તેમણે સૌથી વધુ ચાંદ વિશે ગીતો લખ્યાં છે, પણ હકીકતમાં તો બધા જ ગીતકાર ચાંદની પાછળ ૨૪ કલાક પડ્યા હોય છે!

તમને નવાઇ લાગશે કે એક જમાનામાં આકાશમાં ખીલેલા ચાંદને કેમેરામાં શૂટ કરવું બહુ અઘરું કામ હતું એટલે મોટે ભાગે ચાંદના શોટ સ્ટુડિયોમાં નકલી ચાંદની આસપાસ ઝાડની ડાળીઓ ગોઠવીને લેવાતા. મારી પોતાની ફિલ્મ 'ખૂબસૂરત'માં ઉટીના પર્વત પર ચાંદ શૂટ કરવા એક ઊંચા ઝાડ પર મારા ડ્રાઇવરને ચઢાવીને સફેદ એક્રેલીક પ્લાસ્ટિકના ચાંદને અમારે શૂટ કરવો પડેલો.

હવે ડિજિટલ યુગમાં ચાંદની સિનેમેટોગ્રાફી આસાન છે અને હવે તો અસંખ્ય રેડીમેડ શોટ પણ મળે છે, જેમાં તરતાં વાદળો વચ્ચે ચમકતો ચાંદ દેખાતો હોય છે.

જો કે ચાંદના કરિશ્માથી, ચાંદના પ્રભાવથી હોલિવૂડ પણ બાકાત નથી 'મૂન રેકર', 'મૂન સ્ટ્રક', 'મૂન લાઇટ' કે 'મૂન એન્ડ મોન્સ્ટર' જેવી અસંખ્ય ફિલ્મો વિદેશમાંયે બની છે... માઈકલ જેક્સનના મૂન વોક ડાંસ સ્ટેપ આજેય લોકપ્રિય છે, પણ વેસ્ટર્ન જગતમાં ચાંદ કે મૂનનો ઉપયોગ મોટેભાગે હોરર ફિલ્મમાં થાય છે, જેમાં પૂનમનો ચાંદ ખીલતા સામાન્ય માણસ પાગલ થઇને શૈતાન કે મોન્સ્ટર બની જાય છે! કમાલ છેને? આપણે ત્યાં ચંદ્ર, દેવતા છે અને પશ્ચિમી કલ્ચરમાં- શૈતાન! વાત ચાંદને જોનારી દૃષ્ટિની છે. આપણે લોકો રોમાન્ટિક છીએ, જેમાં ફિલ્મી ચંદ્ર ગીતોનો મોટો ફાળો છે.

છેક ૧૯૬૯માં માનવીએ પ્રથમવાર ચાંદ પર પગ મૂકેલો પણ આપણા સંસ્કૃત સાહિત્યથી લઇને હિંદી-ઉર્દૂ સાહિત્ય કે ગુજરાતી સાહિત્યમાં પણ ચાંદ લાડકું પાત્ર છે. 'ચાંદો ઉગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઉગ્યો ચોકમાં' સાંભળીને કૈં કેટલાં દિલ ઘાયલ થયા છે! કવિ દયારામ તો રોમેંટિક ગીત 'હવે સખી નહીં બોલું નહીં બોલું નહીં બોલું રે'માં ચંદ્રમા માટે કાવ્ય નાયિકા પાસે કહેવડાવે છે કે 'ચંદ્ર બિંબમાં લાંછન છે વળી રાહુ ગળે ખટ માસે રે, પક્ષે વધે ને પક્ષે ઘટે કળા નિત્ય ના પૂર્ણ પ્રકાશે રે'- એટલે કે જે ચાંદમાં વદ-સુદમાં વધઘટ થાય છે એની સાથે પ્રેમી જો પ્રેમિકાને સરખાવે તો કાવ્ય નાયિકાને એ નથી ગમતું! છેને મખમલી ચાંદની જેવી મુલાયમ ફરિયાદ?

તો વળી શાયર સૈફ પાલનપુરીએ કહ્યું છે કે 'આપણાં યુગનું આ કમભાગ્ય કેવું? ગયા ચાંદ સુધીને એકેય ચહેરો ના મળ્યો!'

ઇન શોર્ટ, સેંકડો કિલોના વજનમાં કાગળ જોખાય એટલી અદ્ભુત રચનાઓ ચાંદ વિશે લખાઇ ચૂકી છે. વિજ્ઞાન કહે છે કે પૂનમની અસર દરિયા પર થાય છે, ભરતી આવે છે એમ માણસના શરીરમાં પણ ૭૦% પ્રવાહી છે એટલે પૂનમના દિવસે ઘણા લોકોનું છટકી જાય છે.

વેણીભાઇ પુરોહિત જેવો કવિ ભલે એમ કહે કે 'તારી રૂપની પૂનમનો પાગલ એકલો, તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી...'


'ચંદ્રયાન-૨'ની સફળતા ઇસરોના વૈજ્ઞાનિકોની વરસોની સાધના છે, પરંતુ આપણા કવિઓ, કલાકારો કે પ્રેમીઓએ પણ યુગો યુગોથી ચંદ્રને સાધવાની આરાધના કરી જ છે! નહીં તો બિચારો ચાંદ 'આહે ના ભરતો હોત', કોઇ વિધવા માતા પોતાના સંતાનને 'ચંદા હૈ તૂ, મેરા સૂરજ હૈ તુ' કહીને એનામાં 'ટૂટે દિલ કા સહારા' ના શોધતી હોત. કોઇ ઘાયલ આશિક 'સુહાની ચાંદની રાતે હમેં સોને નહીં દેતી' ગાઇને ફરિયાદ ના કરતો હોત! મજરૂહ સુલતાન પુરી જેવો ગીતકાર ચાંદ પરથી 'ચંદનિયા' જેવો મૌલિક શબ્દ ના શોધી શક્યો હોત. ચાંદ પર પગ મૂકીને કે ચાંદ પર અવકાશયાન મોકલીને વિજ્ઞાને ભલે મહાન સિદ્ધિઓ મેળવી હોય પણ માણસનો અને ચાંદ વચ્ચેનો પ્રેમ સંબધ હજી એમને એમ છે. સાયન્સ આગળ નીકળી ગયું છે પણ રિઅલ ને રીલ રોમાન્સમાં ચાંદની ફેન્ટસી ચારો પ્રહર ચમકે છે! ■

---



**સાત્વિકમ્ શિવમ્**
અરવિંદ વેકરિયા

## બુદ્ધે શાંતિની શોધમાં મહેલ છોડી દીધા, આપણે મહેલની શોધમાં શાંતિ !



મુળરાજ રાજડા પાસેથી મહેન્દ્ર બોહરા માટેનાં 'નવા' નાટકનાં બીજા 'નવા' લખેલ પાનાં લઈ ઘરે આવ્યો અને... મુળુભાએ આપેલાં પાનાં વાંચવા માટે ખોલ્યાં અને હું ચોંકી ગયો. એ બધા પાનાં સુંદર અક્ષરે લખીને આપેલાં. અક્ષરો સુંદર કાઢવામાં ૨૨ માંથી ૨૫ પાનાં થઈ ગયેલાં પણ લખાણ એ જ બાવીસ પાનાંવાળું હતું જે આગળ આપી ચુક્યા હતાં. બાવીસમે પાને અટકેલું નાટક હવે પચ્ચીસમે પાને અટકેલું. એનું એ લખાણ વાંચી કોઈ પણ ચોંકી જાય. થયું, આ કઈ જાતની મજાક!

મુકેશ-દેવેશને જાણ કર્યા વગર નવું નાટક શરૂ કરવાનો સ્વાર્થી વિચાર કારણભૂત હશે? સાંભળેલું કે કરેલાં કર્મોનું ફળ મળે જ છે. માટે ભગવાન પાસે માફી નહિ સદબુદ્ધિ અને સહનશક્તિ માગો. મેં નવા નાટકનો માત્ર વિચાર કરેલો હજુ શરૂ કર્યાનું 'કર્મ' ક્યા આદર્યું હતું. શરૂ કરતા પહેલા 'મળે સૂર...' બંધ કરવાની વાત તેઓને કહેવાની હિંમત ભેગી કરતો હતો ત્યાં... મુળુભાએ આવું કેમ કર્યું હશે? મેં નિરાંતે ફોન કરવા વિચાર્યું.

'મળે સૂર...' માટે આવતો રવિ, સાંજ તેજપાલની તારીખ મળી છે એવો વિજય રાવલનો ફોન આવ્યો ત્યારે 'બંધ'ની વાત કહેવા ગયો પણ હિંમત ન થઈ શકી. મુળુભાને ફોન કરવાની ચટપટી થવા લાગી. મનમાં ઉચાટ થવાં લાગ્યો. પત્ની ભારતીને પૂછ્યું તો એ હંમેશાની જેમ સાંત્વનાના સંદેશ કહેવા લાગી. 'ક્યારેક તો શાંતિથી બેસવાનું રાખો, જિંદગી જીવવાની છે, જીતવાની નથી. મુળુભાનો ફોન આવશે.' શાંતિથી બેસવું મને થોડું અહક જેવું લાગતું હતું. સુખ અને શાંતિ માટે દરેકની વ્યાખ્યા જુદી હોય છે. બુદ્ધે શાંતિની શોધમાં મહેલ છોડી દીધા અને આપણે મહેલની શોધમાં શાંતિ છોડી દીધી. હું બીજા ક્રમમાં આવું છું. છતાં ભારતીની વાત શાંતિથી વિચારી બીજે દિવસે ફોન કરવાનું વિચાર્યું.

બીજે દિવસે સવારથી એક જ વિચાર ઘુમરાયા કરતો હતો કે 'મુળુભાએ આવું કેમ કર્યું હશે?' અક્ષરો નક્કી બીજાનાં હતાં. મુળુભાનાં અક્ષરો હું ઓળખું. એનો આછડતો ઉલ્લેખ મેં ગયા લેખમાં કરેલો. છેવટે મેં મુળુભાને ફોન જોડ્યો. ફોન સમીરે ઉપાડ્યો. એની વાત પરથી જાણ્યું કે મુળુભા ગઈ કાલે સાંજે શૂટિંગ માટે બરોડા નીકળી ગયા હતાં. અસમંજસમાં રહી, કાલે ફોન ન કર્યાનો ખૂબ અફસોસ થયો.

આ તરફ હવે મારું 'ફોકસ' રવિવારના તેજપાલનાં શો પર હતું. લાઈન વાળાને આર્ટિસ્ટ 'સેન-સાયકી' ખબર હશે. એની પાસે નવો લે- આઉટ તૈયાર કરાવ્યો. અન્ય અખબારમાં રૂપમ પણ હતાં. મને 'સેન' વધુ ગમતો. એને નાટકની કથાવસ્તુ ખબર હતી. બાકી 'સેન-સાયકી' પાસે કામ કઢાવવું કઠણ. એ પોપકોર્નનાં દાણા જેવો, ફૂટ્યાં પછી એ કયો આકાર લેશે એ હંમેશાં સસ્પેન્સ જ હોય. આ વખતે દાવ સીધો પડ્યો.

બુધવારે તેજપાલનું બુકિંગ નવા લે-આઉટથી ખુલ્યું. તેજપાલનું એક ફિક્સ્ડ ઓડિયન્સ છે, હજી પણ. જેમને બુકિંગ ક્લાર્ક પણ ઓળખે. ફોનથી પણ આવા રોજીંદા પ્રેક્ષકોનું બુકિંગ કરે. બુધવારનું બુકિંગ ખાસ ઉત્સાહજનક નહોતું, પણ ગુરુ-શુક્રનું બુકિંગ સારું રહ્યું. મારો ઉત્સાહ તો નહોતો વધ્યો પણ એક શાતા જરૂર વળેલી કે વાંધો નહિ આવે. શનિવાર સાંજ સુધીમાં લગભગ ૭૫% બુકિંગ થઈ ગયું. ત્યારે 'બ્લોક-બુકિંગ' જાજુ અસ્તિત્વમાં નહોતું. રવિવારે બુકિંગ ગોકળગાયની જેમ ચાલ્યું. બધું થઈ ૮૫% બુકિંગ રહ્યું, જે મુકેશ-દેવેશ માટે 'ઉત્સવ' જેવું હતું. ઘણાં શો પછી માંડ ટાંટિયા ભેગા થયેલાં. હાઉસ ઓછું આવ્યું હોત તો 'બંધ' કરવાની વાત કહી શકત પણ... કદાચ તેઓ કહી દે કે અમારે નાટક ચલાવવું છે, ચલાવીએ છીએ પછી તારે શું? મારા ગણિત પ્રમાણે આ નિર્ણય વિજય રાવલ જ લઇ શકે. એ જ અમને જોડતો તાર હતો. મેં વિજયને કહી રાખેલું કે 'સંબંધ જો મારાથી ગૂંચવાય તો ઉકેલવામાં તું સાથ આપજે કેમ કે સંબંધનો એક છેડો તારા હાથમાં છે.' એવું બનતું નહોતું પણ ખેંચાતું જતું હતું એ ચોક્કસ.

ખેર! મેં ફરી મુળુભાને ફોન લગાડ્યો. આ વખતે ઈન્દુમતી રાજડાએ (હયાત નથી) ઉપાડ્યો. એમણે જણાવ્યું કે મુળરાજભાઈ હજી અઠવાડિયા પછી આવશે. મેં મારો પ્રોબ્લેમ એમને જણાવ્યો. ઇન્દુભાભી, આમ ભોળા. એમણે તરત કહી દીધું કે 'અરવિંદભાઈ, આ નાટક જલ્દી પૂરું થાય એવી આશા ન રાખતા. હમણાં ફિલ્મોમાં એટલાં વ્યસ્ત છે કે નાટક માટે સમય નહિ આપી શકે. તમને ખરાબ ન લાગે એટલે એમણે અગાઉ લખેલા ૨૨ પાનાં મારી પાસે સારા અક્ષરે લખાવી તમને આપ્યાં. એમને ખબર હતી કે તમે એમની સામે નહિ પણ ઘરે જઈને વાંચશો અને તમારો ફોન આવશે ત્યાં સુધીમાં તો એ બરોડા રવાના થઈ ગયા હશે અને શું જવાબ આપવો એ અમને કહેતા ગયેલાં. હું સ્તબ્ધ ! ■

**ડબલ રિચાર્જ**

*ભૂરો અને ભૂરી બન્ને ઘરે ટી.વી. જોતાં હતાં. ગીત આવતું હતું...*

*જો તુમકો હો પસંદ વોહી બાત કરેંગે, તુમ દિનકો અગર રાત કહો... રાત કહેંગે...*

*ભૂરીઃ જુઓ, કેટલું મસ્ત ગીત છે...ગીતની ભાવના સમજો...*

*ભૂરોઃ હ..મ..મ... કવિ કહેવા માગે છે કે તારી સાથે કોણ માથાકૂટ કરે! તું કહે એ સાચું...*

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# બસંત બહારઃ SJની 'દાદાગીરી'


## શાસ્ત્રીય રાગ આધારિત ગીતો માટે અનિલ વિશ્વાસની પસંદગી થઈ હતી, પણ ડિસ્ટ્રીબ્યુટરોએ શંકર-જયકિશન (SJ) માટે દબાણ કર્યું...

બૈજુ બાવરા, મિર્ઝા ગાલિબ, કવિ કાલિદાસ, સંગીત સમ્રાટ તાનસેન, બસંત બહાર, બરસાત કી રાત, જહાં આરા... સંગીતપ્રધાન અને વ્યાવસાયિક સફળતા મેળવનારી ફિલ્મો. કર્ણમધુર ગીત - સંગીત ઉપરાંત આ ફિલ્મોને જોડતી એક કડી છે એનો નાયક ભારત ભૂષણ. ભારત ભૂષણે તટસ્થભાવે જો પોતાનું એક્ટર તરીકે મૂલ્યાંકન કર્યું હોત તો અભિનયમાં પાસિંગ માર્ક આપવામાં પણ તકલીફ પડી હોત એ હકીકત ઘણાએ ખટકી શકે છે, પણ એ ખરી છે. દુઃખના પહાડ જેને માથે તૂટી પડ્યા હોય એવા લાગણીશીલ અને સહનશીલ કવિ - સંગીતકારના રોલ ધરાવતી એમની ફિલ્મોને સારી સફળતા મળી હતી. સફળતા આગળ અન્ય બાબતો પાણી ભરે એ ન્યાયે અને ભારત ભૂષણજીના ચહેરા પરની માસૂમિયત અને સહજભાવે પ્રગટ થતી પીડાને કારણે લાગણીભીના દર્શકને એમના પાત્ર માટે અનુકંપા જાગે એ સ્વાભાવિક હતું. કદાચ એ જ કારણસર તેમની વરણી એ પ્રકારના નાયક માટે થતી હતી.

ખેર... વો ભી એક દોર થા. એ દોરની જ ભારત ભૂષણના લીડ રોલવાળી 'બસંત બહાર' ફિલ્મની આજે વાત કરવી છે. આ ફિલ્મની એક એવી ખાસિયત છે જે બહુ ઓછા લોકો જાણતા હશે... સંગીતકાર જોડી SJ - શંકર - જયકિશનની 'દાદાગીરી'. સંગીતપ્રધાન ફિલ્મોના સમયમાં સંગીતકાર મુખ્ય કલાકાર જેટલું અને ક્યારેક તો એમનાથી વધુ આધિપત્ય ધરાવતા હતા.

૧૯૫૦ - ૬૦ના દાયકાની એવી અનેક ફિલ્મો છે જેની સ્ટોરી તો શું એના હીરો હીરોઈનનાં નામ પણ સ્મૃતિપટ પરથી નામશેષ થઈ ગયા હોય, પણ એના ગીત સંગીત આજે પણ સાંભળતા મોઢું મલકાઈ જાય, હોઠ એના શબ્દો સૂરમાં ગણગણવા લાગે.

૭૦ વર્ષ પહેલા આવેલી 'બસંત બહાર' વિશે કદાચ તમે કશું નહીં જાણતા હો, પણ 'સૂર ના સજે ક્યા ગાઉં મૈં' (મન્ના ડે), 'નૈન મિલે ચૈન કહાં, દિલ હૈ વહીં તૂ હૈ જહાં' (લતા - મન્ના ડે), 'કર ગયા મુજ પે જાદુ, સાંવરિયા' (લતા - આશા), 'જા જા રે જા બાલમવા' (લતા મંગેશકર), 'મૈં પિયા તેરી તૂ માને યા ના માને' (લતાદીદી) અને એક અનોખું યુગલ ગીત 'કેતકી ગુલાબ જુહી ચંપક બન ફૂલે' (ભીમસેન જોશી અને મન્ના ડે) વાગે અને તમારા કાન સરવા થયા વિના રહે નહીં. તમે સાંભળતા તલ્લીન થઈ જાઓ અને સાથે ગણગણવા જરૂર લાગો. ગીત - સંગીતનો આ જાદુ છે અને જૂનાં ગીતોને અલગ રીતે ફરી વાપરવાના ચલણનો વાયરો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વાય રહ્યો છે.






૧૯૫૦ના દશકમાં ભારત ભૂષણનો દબદબો હતો. વિજય ભટ્ટની 'બૈજુ બાવરા'ની સફળતા પછી અને ફિલ્મ પ્રોડ્યુસર ભાઈ રમેશચંદ્ર ગુપ્તાના આગ્રહથી ભારત ભૂષણ ફિલ્મ નિર્માણમાં સક્રિય થયા અને એ નિર્ણય તેમની આર્થિક અધોગતિમાં નિમિત્ત બન્યો. અલબત્ત, આજે આપણે એની વાત નથી કરવી. 'બસંત બહાર'ના નિર્માતા રમેશચંદ્ર ગુપ્તા હતા અને એમના કહેવાથી ભારત ભૂષણ સહ નિર્માતા બન્યા. 'બૈજુ બાવરા'ના જાદુનું પુનરાવર્તન કરવાના આશય સાથે બનેલી આ સંગીતપ્રધાન ફિલ્મના સંગીતકાર તરીકે અનિલ વિશ્વાસ પર પસંદગી ઊતરી હતી. શાસ્ત્રીય રાગ આધારિત ગીતો તૈયાર કરવામાં એ સમયે અનિલજી અવ્વલ ગણાતા હતા. જોકે, 'બરસાત', 'આવારા', 'દાગ', 'આહ', 'પતિતા', 'શ્રી ૪૨૦' વગેરે ફિલ્મોમાં સુપરહિટ - સફળ સંગીતને લીધે શંકર - જયકિશન (SJ)ની બોલબાલા વધી ગઈ હતી. એમની હાજરી ફિલ્મની સફળતામાં વજન ધરાવતી હતી. એમનું નામ 'સેલેબલ' હતું મતલબ કે સંગીતકાર તરીકે SJનું નામ હોય તો ફિલ્મ વેચાણમાં આસાની રહેતી. એટલે ડિસ્ટ્રીબ્યુટરના આગ્રહને માન આપી 'બસંત બહાર' માટે અનિલ વિશ્વાસના નામ પર ચોકડી મારી શંકર જયકિશનને લેવા પડ્યા. એવી દલીલ કરવામાં આવી હતી કે એસજેને શાસ્ત્રીય રાગ આધારિત ગીતો સ્વરબદ્ધ કરવાનો વિશેષ મહાવરો નથી. જોકે, સંગીતકાર જોડીએ બધાને ખોટા પાડ્યા અને યાદગાર કમ્પોઝીશન આપી પોતાની 'દાદાગીરી'ને યથાર્થ ઠેરવી. ફિલ્મના બોક્સ ઓફિસ પર ડંકા વાગ્યા એમાં SJનો સિંહફાળો હતો એ હકીકત છે.

થોડા વર્ષ પહેલા ખ્યાતનામ સફળ ફિલ્મ લેખક રોબિન ભટ્ટએ એક અનોખી બાબત પર ધ્યાન દોર્યું હતું. ફિલ્મ દુનિયામાં લેખક તરીકે પોતાની એન્ટ્રી વિશે વાત કરતી વખતે તેમણે ગુલશન કુમારની ફિલ્મ 'આશિકી'નો ઉલ્લેખ કર્યો હતો. એક દિવસ ગુલશન કુમારે મહેશ ભટ્ટ, રોબિન ભટ્ટ વગેરેને પોતાના મ્યુઝિક સ્ટુડિયોમાં બોલાવી નદીમ શ્રવણે સ્વરબદ્ધ કરેલાં કેટલાંક ગીતો સંભળાવ્યાં. ગીત - સંગીત બધાને ગમ્યા અને ગુલશન કુમારે એક રોમેન્ટિક ફિલ્મ બનાવવા મહેશ ભટ્ટને ઓફર કરી અને 'આશિકી'નું બીજારોપણ થયું. રોબિન ભટ્ટના કહેવા મુજબ 'અગિયાર ગીતોની કેસેટ અમને આપવામાં આવી હતી અને એના પરથી ફિલ્મ તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું હતું. સામાન્યપણે ફિલ્મની કથા - પટકથા તૈયાર થયા પછી જ્યાં 'જગ્યા' દેખાય ત્યાં ગીતો મૂકવાની એક પ્રથા હતી. અહીં ગીતો તૈયાર હતા અને એની વચ્ચે કથા બેસાડવાની હતી!.'

જોકે, આ રીતે તૈયાર થયેલી 'આશિકી' સુપરહિટ સાબિત થઈ હતી. ભારત ભૂષણની 'બસંત બહાર' પણ એ જ પ્રકારની ફિલ્મ હતી. ફિલ્મમાં નવ ગીત હતા અને એની આસપાસ કથાએ આકાર લીધો હતો. સાવ 'આશિકી' જેવું નહીં, પણ એને મિલતીજુલતી કથા કહી શકાય. 'બસંત બહાર' પણ હિટ હતી. આ ફિલ્મના સંગીતથી એક વાત સિદ્ધ થઈ ગઈ કે શંકર જયકિશનની જોડી દરેક પ્રકારનું સંગીત આપવાનું કૌશલ ધરાવે છે. કોઈ પણ ટ્રેન્ડ - ટેસ્ટ કે ગમે એવી ડિમાન્ડ હોય, SJએમાં સફળ સાબિત થઈ શકે છે એવો વિશ્વાસ જાગ્યો. જયકિશનને રાગ ભૈરવી માટે વિશેષ લગાવ હોવાનું કહેવાતું હતું. 'બસંત બહાર'માં પણ ભૈરવીમાં બે અવિસ્મરણીય ગીત સંગીત બેલડીએ આપ્યા છે 'મૈં પિયા તેરી તૂ માને યા ના માને' અને 'નૈન મિલે ચૈન કહાં...'

એકંદરે 'બસંત બહાર' શંકર જયકિશનની 'દાદાગીરી' તેમજ એમના અફલાતૂન સ્વરાંકન, ભીમસેન જોશી - મન્ના ડેની વિશિષ્ટ જુગલબંદી અને મોહમ્મદ રફીના બે ગીત હોવા છતાં મન્ના ડેનાં ગીતોને મળેલી વધુ લોકપ્રિયતા માટે બધાના સ્મરણમાં રહી છે એ હકીકત છે. હા, એમાં ભારત ભૂષણ હીરો હતા એ માહિતીમાં ઉમેરો છે... ■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# સિનેમામાં સંબંધોની અદલાબદલી

## બોલિવૂડના મજેદાર કાસ્ટિંગના મોજિલા કિસ્સા



બોલિવૂડમાં કાસ્ટિંગ પાછળનું ગણિત મોટેભાગે પ્રેક્ષકોની પસંદગી પર આધારિત હોય છે. કોઈ જોડી હિટ જાય એટલે મેકર્સ તેમને વારંવાર પડદા પર લાવે છે. જોકે હિન્દી સિનેમામાં એક બહુ મજેદાર ટ્રેન્ડ છે, સંબંધોનું રિ-શફલિંગ એટલે કે,જે બે કલાકાર એક ફિલ્મમાં પ્રેમી તરીકે દેખાયા હોય, તે જ બીજી ફિલ્મમાં અચાનક ભાઈ-બહેન કે દુશ્મન બનીને સામે આવે. પ્રેક્ષકો માટે આ એક એવો અનુભવ છે જ્યાં તેમણે જૂની ફિલ્મ્સની યાદોને સાઈડમાં મૂકીને એ જ કલાકારોને નવા સંબંધોમાં સ્વીકારવાના હોય છે.

આ ટ્રેન્ડનું એક ઉદાહરણ એટલે રણવીર સિંહ અને પ્રિયંકા ચોપરા. વર્ષ ૨૦૧૪માં 'ગુંડે' ફિલ્મમાં આ બંનેની કેમિસ્ટ્રી એકદમ હોટ અને રોમેન્ટિક હતી, પણ તેના બરાબર એક વર્ષ પછી 'દિલ ધડકને દો'માં એ બન્ને આયેશા અને કબીર મહેરા તરીકે ભાઈ-બહેનની ભૂમિકામાં આવ્યા. જે જોડી માટે આપણે થોડા સમય પહેલા રોમેન્ટિક ગીતો ગાઈ રહ્યા હતા, તે જ જોડી હવે ભાઈ-બહેન તરીકે એકબીજાના સિક્રેટ્સ સાચવતી જોવા મળી. એટલું જ નહીં, એ જ વર્ષે 'બાજીરાવ મસ્તાની'માં પ્રિયંકા રણવીરના પાત્ર બાજીરાવની પત્ની કાશીબાઈ બની. એક જ વર્ષમાં પ્રેમી, ભાઈ-બહેન અને પછી પતિ-પત્ની... આ લેવલની વેરાયટી કદાચ બોલિવૂડમાં જ શક્ય છે! જ્યારે રિયલ લાઈફ રિલેશનશિપ પડદા પર ઉલટાય છે ત્યારે મજા બમણી થઈ જાય છે. અમિતાભ અને અભિષેક બચ્ચન બાપ-દીકરો છે એ આખું જગત જાણે છે. 'સરકાર' જેવી ફિલ્મ્સમાં તેમણે એ જ સંબંધ નિભાવ્યો, પણ 'બંટી ઔર બબલી'માં ગેમ બદલાઈ ગઈ. અભિષેક એક સ્માર્ટ ચોર હતો અને અમિતાભ તેની પાછળ હાથ ધોઈને પડેલા પોલીસ ઓફિસર. પિતા અને પુત્ર વચ્ચેની એ 'કેચ મી ઇફ યુ કેન'વાળી રમત જોવાની ભારે મજા પડી હતી. આ રિલેશનશિપ એક્સપેરિમેન્ટનો પીક પોઈન્ટ તો 'પા' (૨૦૦૯) ફિલ્મ હતી, જ્યાં દીકરા અભિષેકે પિતા અમિતાભના પિતાની ભૂમિકા ભજવી હતી.

બચ્ચન પરિવારની વાત ચાલે છે તો જયા બચ્ચનની પણ વાત કરી લઈએ. ૧૯૭૨માં આવેલી ફિલ્મ 'કોશિશ'માં સંજીવ કુમાર અને જયા બચ્ચને એક મધુર પતિ-પત્નીની ભૂમિકા ભજવી હતી, જેમના અભિનયના આજે પણ વખાણ થાય છે, પરંતુ તેના માત્ર ત્રણ વર્ષ પછી, જ્યારે 'શોલે' જેવી મહાકાય ફિલ્મ આવી, ત્યારે આખું ગણિત બદલાઈ ગયું. જે સંજીવ કુમાર પડદા પર જયાના પતિ બન્યા હતા, તે જ હવે ઠાકુર બનીને તેમના સસરાની ભૂમિકામાં હતા. એક યુવાન અભિનેતા માટે પોતાની જ હીરોઈનના સસરા બનવું એ તે સમયે બહુ મોટું જોખમ હતું, પણ પ્રેક્ષકોએ આ બંને પાત્રોને એટલા જ પ્રેમથી સ્વીકાર્યા.

બચ્ચન પરિવારમાં ઐશ્વર્યા પણ તો ખરી જ ને. તો શાહરુખ ખાન અને ઐશ્વર્યા રાયની જોડીએ વર્ષ ૨૦૦૦માં 'જોશ' ફિલ્મમાં જોડિયા ભાઈ-બહેન બનીને આખા ગોવાને માથે લીધું હતું. પણ એ જ વર્ષે 'મોહબ્બતેં'માં તેઓ અમર પ્રેમી તરીકે દેખાયા. બે વર્ષ પછી 'દેવદાસ'માં આ જોડીએ કરુણ પ્રેમની એવી મિસાલ આપી કે લોકો ભૂલી જ ગયા કે આ બંને ક્યારેય પડદા પર ભાઈ-બહેન પણ હતા. પ્રેક્ષકોની આ ઈમોશનલ રીસેટ કરવાની ક્ષમતા ખરેખર અદ્ભુત છે.

આવો જ એક મજેદાર બદલાવ કરીના કપૂર અને તુષાર કપૂરની જોડીમાં પણ જોવા મળ્યો હતો. કરીનાએ જ્યારે 'મુઝે કુછ કહેના હૈ'થી કરિયરની શરૂઆત કરી ત્યારે તુષાર તેનો રોમેન્ટિક હીરો હતો. વર્ષો પછી જ્યારે 'ગોલમાલ' સિરીઝ શરૂ થઈ, ત્યારે આ રોમેન્ટિક જોડી એકાએક ભાઈ-બહેનમાં ફેરવાઈ ગઈ. કરીના 'ગોલમાલ રિટર્ન્સ'માં તુષારના પાત્ર લકીની બહેન બની હતી.

૯૦ના દાયકાની શરૂઆતમાં સલમાન ખાન અને નીલમની જોડી 'એક લડકા એક લડકી' જેવી ફિલ્મમાં રોમેન્ટિક જોડી તરીકે જોવા મળી હતી. તે સમયે પ્રેક્ષકો તેમને પડદા પર પ્રેમી તરીકે જોતા હતા, પરંતુ જ્યારે સૂરજ બડજાત્યાની ફેમિલી ડ્રામા 'હમ સાથ સાથ હૈ'(૧૯૯૯) આવી, ત્યારે આ રોમેન્ટિક ઇતિહાસ એકાએક ભૂંસાઈ ગયો. સલમાન ખાન પ્રેમની ભૂમિકામાં હતો અને નીલમ તેની બહેન બની હતી. સલમાનનું એવું જ તબુ સાથે પણ છે. 'હમ સાથ સાથ હૈ'માં સલમાનની ભાભી બનતી તબુ વર્ષો પછી 'જય હો'માં તેની બહેન બનીને દર્શકો સમક્ષ આવી હતી. કેરેક્ટર આર્ટિસ્ટના કિસ્સામાં પણ આવું જ જોવા મળે છે. પરેશ રાવલ 'મિસ્ટર એન્ડ મિસિસ ખિલાડી'માં જુહી ચાવલાના અંકલ બન્યા હતાં. તો છેક ૨૦૨૨માં 'શર્માજી નમકીન' સુધી આવતા પરેશ રાવલ અને જુહી ચાવલા વચ્ચે એક પાકટ ઉંમરની સમજદારી અને મિત્રતા જોવા મળી.


ક્યારેક ફિલ્મનો જોનર આ બદલાવને બહુ આસાન બનાવી દે છે. જોન અબ્રાહમ અને દીપિકા પાદુકોણ 'દેશી બોયઝ'માં રોમેન્ટિક હતા, પણ 'રેસ ૨' જેવી થ્રિલર ફિલ્મમાં તેઓ ભાઈ-બહેન બની ગયા. એવી જ રીતે 'ઓમ શાંતિ ઓ'માં અર્જુન રામપાલ દીપિકાનો ખૂની પતિ હતો, જે 'હાઉસફુલ' જેવી કોમેડી ફિલ્મમાં એનો પઝેસિવ ભાઈ બની ગયો. જ્યારે કોમેડી કે એક્શન હોય ત્યારે પ્રેક્ષકો પાછલી ફિલ્મ્સના રોમેન્ટિક ઇતિહાસને બહુ જલ્દી ભૂલી જાય છે. આમ મનોરંજન દેવની કૃપાથી સિનેમા કલાકારોને તેમની રેન્જ બતાવવાની તક આપે છે. આ રિશફલિંગ જ સાબિત કરે છે કે માત્ર પર્ફોર્મન્સ જ સત્ય છે. હજુ આવા કેટલાં દ્રષ્ટાંતો તમને યાદ આવે છે? ■


**લાસ્ટ શોટ** 'ગોલિયોં કી રાસલીલા રામલીલા'માં પ્રિયંકા ચોપરાએ રણવીર સિંહ સામે આઈટમ સોન્ગ કર્યું હતું.

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

# ઓ 'રોમિયો'... ઓહ રેટિંગ્સ


સાજીદ નડિયાદવાલા


વિશાલ ભારદ્વાજ

સાજીદ નડિયાદવાલા ડઝ ઈટ અગેઇન!

ગયાં શુક્રવારે સાજીદ નડિયાદવાલાએ વિશાલ ભારદ્વાજ સાથે પાર્ટનરશિપમાં બનાવેલી ફિલ્મ 'ઓ 'રોમિયો' રિલીઝ થઇ. ટુ બી ઓનેસ્ટ, ફિલ્મ ભારદ્વાજનાં સ્ટેટ્સને જરાય મેચ કરતી નથી. કદાચ આવી જ લાગણી જેમણે પણ આ ફિલ્મ જોઈ હશે એમને થઇ હશે. આથી પહેલાં દિવસે મોટાભાગનાં લોકોએ 'બૂક માય શો' એપ પર દસમાંથી છ અથવા તો સાડા છનું રેટિંગ આપ્યું. બીજા દિવસે આ રેટિંગ સુધરીને સાત સુધી પહોંચ્યું, પણ ખબર નહીં કેમ ફિલ્મનાં પ્રોડ્યુસર્સને આમાં 'કુછ તો ગરબડ હૈ, દયા' જેવું લાગ્યું. એટલે એમણે 'બૂક માય શો'ને કહી દીધું કે રેટિંગ બેટિંગની આપણને જરૂર નથી, એ સેક્શન જ બંધ કરી દો!'


છેવટે તો ચિઠ્ઠીની ચાકર જેવી આ એપે તુરંત રેટિંગ બંધ કરી દીધું. નડિયાદવાલા માટે આ પ્રકારે લોકોનાં, રિવ્યૂકારોનાં કે યુટ્યૂબરોનાં મંતવ્યો પર ઘાત મારીને હુમલો કરવો એ નવું નથી. જ્યારે 'બાગી ફોર' રિલીઝ થઇ હતી ત્યારે એ રિલીઝ અગાઉ, નડિયાદવાલાએ એક છૂપો સંદેશ આપી દીધો હતો કે 'જો ફિલ્મનો નેગેટીવ રિવ્યૂ કર્યો છે તો જોવાજેવી થશે.' અને તેમણે એવું કર્યું પણ ખરું. અનેક યુટ્યૂબ રિવ્યૂકારો ફિલ્મનો નેગેટીવ રિવ્યૂ આપ્યો હતો એમને કોપીરાઈટ સ્ટ્રાઈક આપી દીધી. અહીં પણ એવું જ થયું હોવાનું સૂત્રો કહી રહ્યાં છે. એમનાં કહેવાં અનુસાર ફિલ્મ વિરુદ્ધ એક સમજી વિચારીને કોઈ કાવતરું ઘડાયું હોઈ શકે અને આથી એપ ઉપર લોકો ફિલ્મને ઓછું રેટિંગ આપી રહ્યાં છે. જે હોય તે પણ છેવટે તો ફિલ્મને હીટ કે ફ્લોપ પબ્લિક જ કરશે ને? તો પછી આટલો બધો ભય શા માટે, સાજીદમિયાં ?

### પાકિસ્તાનનું દોગલાપન




ગયાં વર્ષે ડિસેમ્બરમાં આવેલી ફિલ્મ 'ધુરંધર' હજી પણ ચર્ચામાં છે. આ વખતે પાકિસ્તાનને કારણે. હા ભાઈ, આ ફિલ્મમાં પણ પાકિસ્તાનની જ વાત છે, પણ આ તો આઉટ સાઈડ ફિલ્મની વાત ચાલી રહી છે. બન્યું એવું કે આ ફિલ્મ 'નેટફ્લિક્સ' પર આવી ત્યારે પાકિસ્તાનીઓ આ પ્લેટફોર્મ પર હાથ-પગ ધોઈને ફિલ્મ જોવા લાગ્યાં હતાં. પણ હવે નેટફ્લિક્સનું સબસ્ક્રિપ્શન તો એ જ પાકિસ્તાનીઓને પોસાયને જેમને એક કિલો લોટ ખરીદવો પોસાતો હોય? તો ગરીબ પાકિસ્તાનીઓનો શો ગુનો? તો એમનાં માટે પાઈરેટેડ રસ્તો હાથવગો આમ પણ હોય જ છે અને આ ફિલ્મ માટે પણ હતો જ. એક વિદેશી યુટ્યૂબર હાલમાં પાકિસ્તાનની યાત્રાએ ગયો હતો. અહીં તે પાકિસ્તાનના એક શહેરમાં (એ શહેરનું નામ તો આપણને એણે નથી કીધું) ફરી રહ્યો હતો ત્યારે તેની નજર એક લારી પર પડી. આ લારીમાં ફિલ્મોની ડીવીડી વેંચાઈ રહી હતી. આ જ લારી પર એને 'ધુરંધર'ની ડીવીડી દેખાઈ. અને એને ખ્યાલ આવી ગયો કે આ તો ઇન્ડિયન મુવી છે! એટલે એણે તરત પેલા લારીવાળા પાસે કન્ફર્મ કર્યું અને પછી ભાવ પૂછ્યો તો એણે કીધું કે ફક્ત પચાસ પાકિસ્તાની રૂપિયામાં આ ડીવીડી એ વેંચી રહ્યો છે. લ્યો બોલો! પોતાનાં જ દેશ વિરુદ્ધ બનેલી એક ફિલ્મને જોવા માટે પાકિસ્તાની કેવી પડાપડી કરી રહ્યાં છે હે? ઓટીટી પર ન જોવા મળી તો પાઈરેટેડ ડીવીડી પર જોઈ રહ્યાં છે!

### સિક્કાની ત્રીજી બાજુ...?


રાજપાલ યાદવ

રાજપાલ યાદવને ચેક બાઉન્સ કેસમાં જામીન મળી ગયાં છે, પરંતુ આપણે આજે જેનાં 'ચેક્સ' બાઉન્સ થયાં હતાં એમની આપવીતી જાણીએ. ઉત્તર પ્રદેશના એક બિઝનેસમેન નામે માધવ ગોપાલ અગ્રવાલે રાજપાલ યાદવની ડાયરેક્ટ કરેલી ફિલ્મ 'અતા પતા લાપતા' માટે ૨૦૧૨માં લોન આપી હતી. અત્યારે જે નવ કરોડનાં બાઉન્સ ચેક માટે રાજપાલ જેલમાંથી જામીન ઉપર બહાર છે, ઓરિજિનલ રકમ એનાંથી પણ વધુ હતી. અગ્રવાલનાં કહેવા પ્રમાણે એક રાજકીય નેતાએ તેમની ઓળખાણ રાજપાલ યાદવ સાથે કરાવી હતી. મુલાકાતનો હેતુ રાજપાલને ફિલ્મ બનાવવામાં જે નાણાકીય તકલીફ પડી રહી છે તેને દૂર કરવામાં મદદ કરવાનો જ હતો. રાજપાલે અગ્રવાલને વિનંતી કરતાં કહ્યું હતું કે અત્યારે ફિલ્મ જે જગ્યાએ છે ત્યાંથી જો એ રિલીઝ નહીં થાય તો એને ખૂબ મોટું નુકસાન થશે. ત્યારબાદ રાજપાલની પત્ની રાધાએ પણ અગ્રવાલને વિનંતી કરતાં અનેક કોલ કર્યાં હતા. છેવટે જ્યારે રાજપાલે ગેરંટી આપી કે ફિલ્મ રિલીઝ થાય કે ન થાય, હીટ થાય કે ન થાય, અગ્રવાલને એમનાં પૈસા મળી જશે, પણ એવું ન થયું. છેવટે એક વર્ષ રાહ જોયાં પછી ૨૦૧૩માં અગ્રવાલે પૈસા ન આપવા બદલ કોર્ટમાં કેસ કર્યો. કોર્ટે બંનેને કોર્ટ બહાર સમાધાન કરવાનું કહ્યું. ત્યારે દસ કરોડમાં સમાધાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાજપાલે જેટલાં પણ ચેક્સ અગ્રવાલને આપ્યા એ બધાં જ બાઉન્સ થયાં. અગ્રવાલનું કહેવું છે કે આ પૈસા એકલાં એમનાં ન હતાં. એમણે પણ અન્યો પાસેથી લઈને રાજપાલને આપ્યા હતા. એક સમયે એ પોતાના પૈસા પરત લેવા બાળકની જેમ રાજપાલ સામે રડ્યા હતા, પણ રાજપાલ પર તેની જરાય અસર થઇ ન હતી. સિક્કાની કાયમ બે બાજુ હોય છે, રાજપાલ કેસમાં સિક્કાની આ ત્રીજી બાજુ છે. ■

**કટ એન્ડ ઓકે..**



*એ.આર રહેમાન 'રામાયણ' ફિલ્મનાં મ્યુઝિકની અંતિમ તૈયારી માટે આજકાલ ૪૦ દિવસનાં ડિજિટલ ડીટોક્સ પર એટલે કે સોશ્યલ મીડિયાનાં ઉપવાસ પર છે!*

# પી સે પ્યાર, એફ સે ફરાર....

**ફિલ્મનામા**
**નરેશ શાહ**




**એ ઈશ્ક તેરી જાત હૈ ક્યા**
**કયા ધર્મ હૈ તેરા, યાદ હૈ કયા?**
**પી સે પ્યાર (કરવા જેવો છે), એફ સે ફરાર (થવા જેવું છે)**

આપણી સંસ્કૃતિ, જ્ઞાતિજાતિના ગૌરવ, સામાજિક સમરસતાના ડીએનએ ક્યારે અને કેમ, પ્રેમ વિરોધી થઈ ગયા, એ અભ્યાસ તેમજ આર્ગ્યુમેન્ટનો વિષય છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે મોડર્ન થવાની સાથે આપણે દિનબદિન માનસિક વધુને વધુ સંકુચિત અને સેન્સીટિવ થતાં જઈએ છીએ. આ સત્યના પરચા અખબારો, ન્યૂઝ ચેનલો, સોશ્યલ મીડિયા અને ફિલ્મો-વેબસિરીઝ છાશવારે આપતાં રહે છે. એમેઝોન પ્રાઈમ વીડિયો પર ડાયરેક્ટ સ્ટ્રીમ થયેલી ‘પી સે પ્યાર, એફ સે ફરાર’ ફિલ્મ પણ આપણા સામાજિક તાણાવાણા પરનો તમાચો જ છે!

મનોજ તિવારીએ લખેલી-નિર્દેશિત કરી ‘પી સે પ્યાર, એફ સે ફરાર’ ફિલ્મ નામ પરથી હલકી-ફૂલકી યા કોમેડી હોવાની છાપ ઉપસાવે છે, પરંતુ એ એક ગંભીર તેમજ આંચકો આપે તેવી લવસ્ટોરી છે. પાંત્રીસ વર્ષ પહેલાં ૧૯૮૮માં આવીને સુપરહિટ થયેલી ‘કયામત સે કયામત તક’ (પાપા કહેતે હૈ બડા નામ કરેગા ગીતવાળી) ફિલ્મ તમે ન જોઈ હોય તો પણ કાન પકડીને એ સ્વીકારવું રહ્યું કે, ૨૦૨૬માં પણ એ વિષય રિલેવન્ટ જ છે... મથુરાના પાર્ષદ (કોર્પોરેટર) ઓમકાર સિંહ માત્ર લવજેહાદનો જ કટ્ટરવિરોધી નથી, પરંતુ જ્ઞાતિજાતિના ઉચ્ચનીચમાં પણ સ્ટ્રોંગલી બિલીવ કરનારો આગેવાન છે. ઓમકાર સિંહના પરિવારની પણ આવી જ માનસિકતા છે. બેશક, તેનો નાનો ભાઈ રાજવીર સિંહ થોડો ઠરેલ છે. સમાજમાં પોતાનો પ્રભાવ અને ‘ન્યાયપ્રિયતા’ સાબિત કરવા ઓમકાર સિંહ બીજી જ્ઞાતિના પ્રેમી યુવકને તો સજારૂપે વીંધી જ નાખે છે, પણ પોતાના સમુદાયમાં પ્રથા પ્રત્યેનો ડર જાગૃત રાખવા (પોતાના સમાજની જ) યુવતીની પણ હત્યા કરતાં ખચકાતો નથી, પણ... જડ માનસિકતાના ઝાળામાં જુવાની ગૂંચવાતી હોતી નથી.

કરૂણતા એ છે કે સમય અને સંસાધનો અને સૃષ્ટિમાં ગમે તેટલું પરિવર્તન આવી જાય, પણ બુદ્ધિ અને માન્યતામાં જડતાનો ગઠ્ઠો ઓગળવાનું કે ઢિલા પડવાનું નામ લેતો નથી. એ કડક, કઠોર અને કટ્ટર જ રહે છે. ફિલ્મમાં તો ઠીક છે કે ઓમકાર સિંહને રાજકારણી દેખાડવામાં આવ્યાં છે પણ વાસ્તવિક સમાજમાં તો એકદમ તળિયે જીવતો કે રોજેરોજનું કમાતો માણસ પણ અમુક બાબતોમાં, ખાસ કરીને પ્રેમ બાબતમાં, પોતાનું જક્કી વલણ રાખીને ન કરવાનું કરી નાખે તેના કિસ્સા છાશવારે મીડિયામાં ધ્રાસ્કો આપતા રહે છે.

એની વે, આપણે ફિલ્મની વાત કરીએ.

ખુદ ઓમકાર સિંહની એકની એક દીકરી જહાન્વી નીચલી જાતિના સ્પોટર્સમેન કમ શેરડીનો સંચો ચલાવતાં યુવક સૂરજ માલીના પ્રેમમાં પડીને ભાગી જાય છે. પ્રતિષ્ઠા, પરંપરા ( ‘મહૌબ્બતે’ ફિલ્મ) ખાતર જ જીવતાં ઓમકાર સિંહ અને તેના પરિવાર પર તો જાણે વીજળી ત્રાટકે છે અને...

ઓમકાર સિંહ (કુમુદ મિશ્રા), તેનો નાનો ભાઈ રાજવીર સિંહ (જીમી શેરગિલ) ફરાર થઈ ગયેલા જહાન્વી (જ્યોતિ યાદવ) અને સૂરજ માલી (ભાવેશકુમાર)નો ફરી કબજો મેળવવા જંગે ચઢે છે. આમ જુઓ તો વાત ભલે, પ્રિડિકટેબલ લાગે, પરંતુ ‘પી સે પ્યાર, એફ સે ફરાર’ ફિલ્મમાં ભાગતા પ્રેમીઓ અને શોધતા પરિવારની ભાગદોડી ફ્રેશ લાગે છે. ફિલ્મનો ક્લાઈમેક્સ તો રીતસર ઝટકો આપે તેવો છે.

આ ફિલ્મ જોવાનું બીજું કારણ તેનું કાસ્ટિંગ છે. કુમુદ મિશ્રા, જીમી શેરગિલ, ઝાકિર હુસૈન, ગિરીશ કુલકર્ણી, બીજેન્દ્ર કાલા જેવા તગડાં એક્ટર તેમાં છે. કેમિયો જેવા પણ સાર્થક પાત્રમાં સંજય મિશ્રા (મિસ્ટર ઈન્કવાયરી) છે. ભલે, પ્રેમી-પ્રેમિકા તરીકે નવોદિત ભાવેશકુમાર અને જ્યોતિ યાદવ થોડા નબળા લાગે પણ કુમુદ મિશ્રાને કઠોર હૃદયના નેતા તરીકે અને જીમી શેરગિલને વાણિયાબુદ્ધિ ધરાવતા નાના ભાઈ તરીકે જોવાની મજા આવે છે. મથુરા, દિલ્હી, અલવરની સફરે લઈ જતી ‘પી સે પ્યાર, એફ સે ફરાર’ ફિલ્મમાં ચોક્કસ સિચ્યુએશન માટેનાં ગીતો રીપુલ શર્મા અને સંજીવ ચતુર્વેદીએ લખ્યા છે, પરંતુ રીપુલ શર્માએ જ લખેલું-કમ્પોઝ કરેલું ગીત- ‘એ ઈશ્ક તેરી જાત હૈ ક્યા, ક્યા ધર્મ હૈ તેરા, યાદ હૈ ક્યા?’ ફિલ્મ અને પ્રેમ-ઈશ્ક-મહોબ્બત પ્રત્યેના જડ લોકોના અભિગમ માટે પરફેક્ટ છે.

આ ગીતની જ એક પંક્તિ સાથે પૂરું કરીએઃ

‘હર શખસ ખુદા બના બૈઠા હૈ, તું કહે દે તેરી બિસાત હૈ... એ ઈશ્ક તેરી જાત હૈ ક્યા?’ ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

## ક્વિઝ (અ)

આ ગીતો કઈ ફિલ્મના છે અને એમાં કોની તસ્વીર પરદા પર દેખાય છે એ જાણો છો?

૧) હુસ્નવાલે તેરા જવાબ નહીં કોઈ તુજસા...

૨) યાદ ના જાયે બીતે દીનો કી જાકે ના આયે...

૩) જો બાત તુજમેં હૈં તેરી તસ્વીર મેં નહીં...

૪) મુજે તુમસે હૈં કિતને ગીલે તુમ કિતને હા...

૫) ઝરા તસ્વીર સે તું નીકલ કે સામને આઓ...

૬) યે મેરી ઝીંદગી બેજાન લાશથી, તેરી તસ્વીર મિલ...

૭) યે ઝુલ્ફ કૈસી હૈં ઝંઝિર જૈસી હૈં વો કૈસી...

## ક્વિઝ (બ)

આ કલાકાર જોડીની એક ફિલ્મનું નામ શું છે ? જે તે ફિલ્મમાં તેમનાં પાત્રોનાં નામ પણ છે....

૧) અમિતાભ બચ્ચન -ધર્મેન્દ્ર

૨) જેકી શ્રોફ - અનિલ કપૂર

૩) શાહરુખ ખાન - સલમાન ખાન

૪) શશી કપૂર - રણધીર કપૂર

૫) શત્રુઘ્ન સિન્હા - ગોવિંદા

૬) જીતેન્દ્ર - આદિત્ય પંચોલી

૭) હૃતિક રોશન - સૈફ અલી ખાન

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

# મૃણાલ ઠાકુર

## આ ‘મરાઠી મુલગી’ હિન્દી અને દક્ષિણ ભારતીય ફિલ્મોમાં અલગ સ્થાન જમાવવા સક્ષમ છે... આજે હિન્દી ફિલ્મ ‘દો દિવાને શહર મેં’ રજૂ થઈ રહી છે

**મનોરંજનનું મેઘધનુષ**
**ઉમેશ ત્રિવેદી**



મૃણાલ ઠાકુરે પહેલાં ટેલિવિઝન, પછી મરાઠી ફિલ્મ, પછી ટી.વી. સિરિયલો અને પછી બોલિવૂડની ફિલ્મો અને સાથે જ તેલુગુ ફિલ્મો એમ એક પછી એક સોપાન સર કર્યા છે. આજે ૩૩ વર્ષની ઉંમરમાં મૃણાલ ઠાકુરે લાંબી મજલ કાપી છે અને એક પ્રતિભાશાળી અભિનેત્રી તરીકે નામના મેળવી છે.

પહેલી ઓગસ્ટ ૧૯૯૨ના મહારાષ્ટ્રના ધૂળેમાં જન્મેલી મૃણાલે અભિનયની કારકિર્દી અપનાવવી હોવાથી ભણતર અધવચ્ચેથી જ છોડી દીધું હતું. જળગાંવની જોસેફ કોન્વેન્ટ સ્કૂલમાં થોડો અભ્યાસ કર્યા પછી મુંબઈમાં શિફ્ટ થતાં વસંત વિહાર હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યા પછી કે.સી. કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. પણ ૨૦ વર્ષની ઉંમરે તેને સિરિયલમાં મુખ્ય ભૂમિકા મળતી હોવાથી તેણે સ્નાતક થયા પહેલાં જ અભ્યાસ છોડી દીધો.

૨૦૧૨માં ગૌરી ભોસલેની ભૂમિકા તેને સ્ટાર પ્લસની સિરિયલ ‘મુઝે કુછ કહેતી... યે ખામોશિયાં’ મળી ત્યારથી જ તેની અભિનય કારકિર્દીની શરૂઆત થઈ છે. મૃણાલ ઠાકુરની આજે હિન્દી ફિલ્મ ‘દો દિવાને શહર મેં’ રજૂ થઈ રહી છે. આ ફિલ્મમાં તેની સાથે સિદ્ધાંત ચતુર્વેદી મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મમાં મૃણાલનો ગેટઅપ એકદમ અલગ જ છે. રવિ ઉદયવાર દિગ્દર્શિત આ ફિલ્મના નિર્માતા સંજય લીલા ભણસાલી છે. આમ પણ મૃણાલ માટે ૨૦૨૫ અને ૨૦૨૬નું વર્ષ ખૂબ જ ખાસ રહ્યું છે. ૨૦૨૫માં તેની અજય દેવગણ સાથેની ‘સન ઓફ સરદાર-ટુ’ આવી. તેને બોક્સ ઓફિસ પર મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. ત્યાર બાદ ધનુષ સાથેના પ્રેમપ્રકરણની વાત ચગી હતી. એ પણ એટલે સુધી કે કે તેમનાં લગ્ન થવાના છે!. જોકે, મૃણાલે તાજેતરમાં જ એનું ખંડન કરતાં તે અફવા પછી શાંત થઈ ગઈ હતી. હવે, ૨૦૨૬માં મૃણાલની એક પછી એક ચાર ફિલ્મો રિલીઝ થવાની છે અને તેની અત્યાર સુધીની કારકિર્દી જોતાં તેની ભૂમિકામાં વિવિધતા જોવા મળશે. ‘દો દિવાને શહર મેં’ પછી તેની અદિવિ શેષ સાથેની ફિલ્મ ‘ડૅકૈતઃ અ લવ સ્ટોરી’ રજૂ થશે, જે હિન્દી અને તેલુગુ એમ બે ભાષામાં બની છે. ત્યાર બાદ, ‘હૈ જવાની તો ઈશ્ક હોના હૈ’ અને ‘પૂજા મેરી જાન’ જેવી ફિલ્મો રજૂ થવાની છે. ૨૦૧૩માં હિન્દી સિરિયલ ‘અર્જુન’, ૨૦૧૪થી ૨૦૧૬ સુધીમાં ‘કુમકુમ ભાગ્ય’માં બુલબુલ અરોરા ખન્નાની ભૂમિકા ભજવ્યા પછી મૃણાલને ‘હેલો નંદન’, ‘વિટ્ટી દાંડુ’ અને ‘સુરાજ્ય’ જેવી મરાઠી ફિલ્મો મળી. આ ફિલ્મોમાં તેનો અભિનય વખણાયો. ૨૦૧૮માં તેને પ્રથમ હિન્દી ફિલ્મ મળી ‘લવ સોનિયા’. આ ફિલ્મમાં મનોજ બાજપાઈ, અનુપમ ખેર, ફ્રેડા પિન્ટો, રિચા ચઢ્ઢા, રાજકુમાર રાવ અને સાઈ તામ્હણકર જેવાં કલાકારો હતા. આ ફિલ્મને લંડન ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટીવલમાં ખૂબ પ્રશંસા મળી, પણ બોક્સ ઓફિસ પર તે ફિલ્મ નબળી સાબિત થઈ. ૨૦૧૯માં હૃતિક રોશન સાથેની ‘સુપર-૩૦’ અને જહોન અબ્રાહમ સાથેની ‘બાટલા હાઉસ’ ફિલ્મે મૃણાલને અભિનેત્રી તરીકે સ્થાપિત કરી દીધી. આ બન્ને ફિલ્મે બોક્સ ઓફિસ ગજાવી હતી. ત્યાર પછી મૃણાલને પણ ‘હીટ’ અને ‘ફ્લોપ’ના ચક્કરમાંથી પસાર થવું પડ્યું હતું. ૨૦૨૦માં ‘ઘોસ્ટ સ્ટોરીઝ, ૨૦૨૧માં ‘તૂફાન’ અને ‘ધમાકા’, ૨૦૨૨માં ‘જર્સી’, ‘સીતા રામમ’, ‘જહાં’, જેવી ફિલ્મો આવી.

અક્ષયકુમાર-ઈમરાન હાશ્મી સાથેની ‘સેલ્ફી’ ૨૦૨૩માં આવી, પછી આદિત્ય રોય કપૂર સાથેની ‘ગુમરાહ’, ‘લસ્ટ સ્ટરોઝ-ટુ’, ‘આંખ મિચૌલી’, ‘પિપ્પા’, ‘હાય નન્ના’, જેવી ફિલ્મો બોક્સ ઓફિસ પર ધબાય નમઃ થઈ.

મૃણાલ એક વાતે નસીબદાર છે કે તેને ભૂમિકાઓ સારી મળે છે અને તેનું કામ વખણાય છે. ૨૦૨૪માં વિજય દેવરકોંડા સાથેની ‘ધ ફેમિલિ સ્ટાર’ તેલુગુ અને હિન્દીમાં રિલીઝ થઈ. તે થોડી ઘણી સફળ પૂરવાર થઈ હતી. અમિતાભ બચ્ચન, પ્રભાસ, દીપિકા પદુકોણ સાથેની ‘કલ્કીઃ૨૮૯૮ એડી’માં તે ખોવાઈ ગઈ હતી.

આમ, સફળતા અને નિષ્ફળતા વચ્ચે સતત આગળ વધતી મૃણાલ ઠાકુરને એક અભિનેત્રી તરીકે જ ઓળખ મળી ચૂકી છે અને તેને ‘સોલો હીરોઈન’ તરીકેની ભૂમિકા પણ મળ્યા કરે છે. થોડો નસીબનો સાથ મળે તો આ મરાઠી મુલગી પોતાની રીતે બોલિવૂડમાં અને સાઉથની ફિલ્મોમાં પોતાનું અલગ જ સ્થાન ઊભું કરવા માટે સક્ષમ છે એમ કહી શકાય. બાકી ૨૦ વર્ષની ઉંમરથી અભિનય કારકિર્દીને અપનાવનારી મૃણાલ ઠાકુરે ૧૪ વર્ષમાં ખૂબ લાંબી મજલ કાપી છે. ટી.વી. સિરિયલમાંથી હિન્દી અને સાઉથની ફિલ્મો સુધીની તેની આ સફર અને સફળતા ખરેખર વખાણવાલાયક છે. ■

# ધર્મેન્દ્રની છેલ્લી ફિલ્મ ‘ઈક્કીસ’ ને પ્રિયંકા ચોપરાની ‘ધ બ્લફ’નું આકર્ષણ

**OTTનું હોટસ્પોટ**

## ૨૧ થી ૨૭ ફેબ્રુઆરી




અત્યારે ટી-૨૦ વર્લ્ડ-કપની મૅચ ચાલી રહી છે, જે આવતા અઠવાડિયાથી ‘સુપર એઈટ’ના તબક્કામાં પ્રવેશશે તેમ વધારે રોમાંચક થતી જશે. આ સિવાય ઓટીટી પર રજૂ થનારી ફિલ્મો વિશે જાણીએ.


**એમેઝોન પ્રાઈમ વીડિયોઃ** આ લોકપ્રિય ઓટીટી પ્લેટફોર્મ પર ૨૫ ફેબ્રુઆરીએ પ્રિયંકા ચોપરા અને કાર્લ અર્બનની એક્શન પેક્ડ ફિલ્મ ફિલ્મ ‘ધ બ્લફ’ રજૂ થશે. ૨૬ ફેબ્રુઆરીએ ધર્મેન્દ્રની અંતિમ ફિલ્મ ‘ઈક્કીસ’ રજૂ થશે. ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પર શ્રીરામ રાઘવન દિગ્દર્શિત ફિલ્મ ‘ઈક્કીસ’માં ધર્મેન્દ્રની સાથે અગત્સ્ય નંદા, સિમર ભાટિયા, જયદીપ અહલાવત, સિકંદર ખેર જેવા કલાકારો છે. ૨૬ ફેબ્રુઆરીએ જ અંગ્રેજી સિરીઝ ‘બ્રિજટાઉન’ની ચોથી સિઝન આ ઓટીટી પર રજૂ થશે. ૨૩ ફેબ્રુઆરીએ ‘સીઈઓ કલબ’ નામની સિરીઝ શરૂ થઈ રહી છે.

**નેટફ્લિક્સઃ** આ ઓટીટી ચેનલ પર ૨૦ ફેબ્રુઆરીએ એટલે કે આજે બે અલગ-અલગ પ્રકારની ફિલ્મો રજૂ થશે. તેમાં ‘સ્ટ્રીપ લો’ એ એનિમેશન ફિલ્મ છે અને બીજી ‘લેગીઝ’નામની ફિલ્મ રજૂ થશે.

**ઝી ફાઈવઃ** કન્નડ સસ્પેન્સ ફિલ્મ ‘રાક્ષસ’નું પ્રસારણ આજે ૨૦ ફેબ્રુઆરીએ થશે અને સાથે જ અનુરાગ કશ્યપ દિગ્દર્શિત સન્ની લિયોની અને રાહુલ ભટ્ટ અભિનીત ફિલ્મ ‘કેનેડી’ રજૂ થશે.

**જિયો હોટસ્ટારઃ** જિયો હોટસ્ટાર પર અત્યારે ‘૫૦’ નામનો રિયાલિટી શૉ, ક્રિકેટની મૅચ અને અક્ષય કુમારના સંચાલન હેઠળનો ‘વ્હીલ ઓફ ફોર્ચ્યુન’ ધૂમ મચાવી રહ્યા છે. આજે ૨૦ ફેબ્રુઆરીએ તમિળ કોમેડી ફિલ્મ ‘લકીઃ ધ સુપસ્ટાર’ રજૂ થવાની છે. ■

પત્રકાર-નવકથાકાર અનિલ રાવલની દર રવિવારે નવી નવલકથા




# સેલિબ્રિટી બ્રેકઅપ્સ

**ટૂંકું ને ટચ**
**નિધિ ભટ્ટ**

સંબંધોમાં નાની નાની દલીલો સામાન્ય છે, પરંતુ જ્યારે તે વધે છે, ત્યારે તે તૂટી શકે છે. ગયા વર્ષે ઘણી સેલિબ્રિટીઓએ આવા જ અનુભવો અનુભવ્યા. ૨૦૨૫ માં ઘણા સેલિબ્રિટી સંબંધોમાં માત્ર તિરાડ જ નથી પડી પણ તેઓ છૂટા પણ પડી ગયા.

એ કહેવું મુશ્કેલ છે કે ક્યારે કોઈ નાની દલીલ અથવા ટિપ્પણી ગંભીર બાબતમાં ફેરવાઈ શકે છે. આ ઘણીવાર સંબંધ તૂટવાની આરે પહોંચે છે. જ્યારે ફિલ્મ સ્ટાર્સની વાત આવે છે, ત્યારે તેમના સંબંધોમાં પરિવર્તનના સમાચાર વારંવાર સાંભળવા મળે છે. આ વર્ષે પણ ઘણા સેલિબ્રિટી કપલ્સ, જે ઘણા સમયથી સાથે હતા, અલગ થઈ ગયા. જોકે ૨૦૨૫માં તેમના બ્રેકઅપની જાણ થઈ, જેનાથી ચાહકો અને ઉદ્યોગ બંનેને આઘાત લાગ્યો. તમન્ના ભાટિયા અને વિજય વર્મા ઉપરાંત આ યાદીમાં ઘણી સેલિબ્રિટીઝનો પણ સમાવેશ થાય છે જેમને અગાઉ સંપૂર્ણ યુગલો માનવામાં આવતા હતા.

૨૦૨૫ માં આ સંબંધોના બ્રેકઅપ્સ આપણને યાદ અપાવે છે કે જીવન અને ઇન્સ્ટાગ્રામની સંપૂર્ણ છબીઓ પાછળ, પીડા અને હૃદયભંગની વાર્તાઓ છે. એક પ્રિય સંબંધનો અંત સરળ નથી. ચાલો એક નજર કરીએ એવા યુગલો પર જે એક સમયે સાથે જોવા મળતા હતા પરંતુ હવે અલગ થઈ ગયા છે.

### તમન્ના ભાટિયા અને વિજય વર્મા

૨૦૨૫ નું સૌથી આશ્ચર્યજનક બ્રેકઅપ તમન્ના ભાટિયા અને વિજય વર્માનું માનવામાં આવે છે. બે વર્ષ સુધી ઇન્ટરનેટ પર પ્રિય કપલ રહ્યા પછી તેમણે આ વર્ષની શરૂઆતમાં અલગ થવાનો નિર્ણય લીધો. તેઓ બ્રેકઅપ વિશે મૌન રહ્યા. જોકે તેઓ હજુ પણ એકબીજા માટે પરસ્પર આદર ધરાવે છે, તેમણે કોઈ જાહેરાત કરી ન હતી, પરંતુ તેઓ સાથે જોવા મળતા બંધ થઈ ગયા.

### પલાશ મુછલ અને સ્મૃતિ મંધાના

આ બ્રેકઅપ વર્ષના સૌથી ભાવનાત્મક ક્ષણોમાંનો એક બની ગયો. સંગીતકાર પલાશ મુછલ અને ક્રિકેટ સ્ટાર સ્મૃતિ મંધાનાના લગ્નની તૈયારીઓ ચાલી રહી હતી. પરંતુ અચાનક લગ્ન મુલતવી રાખવાના સમાચાર સામે આવ્યા. શરૂઆતમાં કારણ સ્મૃતિના પિતાની ખરાબ તબિયત હોવાનું જણાવાયું હતું, પરંતુ ડિસેમ્બર સુધીમાં આ કપલ કાયમ માટે અલગ થવાનો નિર્ણય લીધો. તેમણે સોશિયલ મીડિયા પર ચાહકોને આ વિશે જાણ કરી અને ગોપનીયતાની વિનંતી કરી.

### લતા સભરવાલ અને સંજીવ સેઠ

‘યે રિશ્તા ક્યા કહેલાતા હૈ’ માં અક્ષરાની માતાની ભૂમિકા ભજવનાર લતા સભરવાલ અને તેના પિતાની ભૂમિકા ભજવનાર સંજીવ સેઠ વાસ્તવિક જીવનમાં પણ જીવનસાથી હતા. તેઓએ ૨૦૧૦ માં લગ્ન કર્યા અને ૨૦૧૩ માં એક પુત્રનો જન્મ થયો. જોકે લગભગ ૧૫ થી ૧૬ વર્ષના લગ્નજીવન પછી તેઓએ અલગ થવાનો નિર્ણય લીધો. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ જાહેરાત કરી તેમના નિર્ણયનો આદર કરવા અને ગોપનીયતા જાળવવાની વિનંતી કરી.

### શિવાંગી જોશી અને કુશલ ટંડન

શિવાંગી જોશી અને કુશલ ટંડન ‘બરસાતેં - મૌસમ પ્યાર કા’ શોમાં સાથે દેખાયા. તેમની કેમિસ્ટ્રી એટલી વાસ્તવિક અને આકર્ષક હતી કે જ્યારે તેઓ વાસ્તવિક જીવનમાં ફરી જોડાયા ત્યારે ચાહકો ખુશ થયા. જોકે આ વર્ષના જૂનમાં કુશલ ટંડને મહિનાઓ સુધી તેમના અલગ થવાની જાહેરાત કરતી પોસ્ટ શેર કરી. બાદમાં તેણે પોસ્ટ ડિલીટ કરી દીધી.

### ફહમાન ખાન અને અદિતિ શેટ્ટી

ફહમાન ખાન અને અદિતિ શેટ્ટીએ ટીવી શો ‘ધરમપત્ની’ માં સાથે કામ કર્યું હતું, જ્યાંથી તેમના સંબંધો શરૂ થયા હતા. આ દરમિયાન તેમના ડેટિંગ અને લગ્નની અફવાઓ ઉડી હતી. જોકે ફેબ્રુઆરી ૨૦૨૫ માં તેઓ અલગ થઈ ગયા. તેઓએ એકબીજાને ઇન્સ્ટાગ્રામ પર અનફોલો કર્યા અને અલગ થઈ ગયા. જોકે બ્રેકઅપ પાછળનું કારણ અકબંધ રહ્યું.

૨૦૨૫માં આ સેલિબ્રિટીઓ અલગ થઈ ગયા. તેઓ હંમેશા સાથે જોવા મળતા હતા, પરંતુ આ વર્ષે તેઓ એકબીજા માટે અજાણ્યા બની ગયા. આમાંના ઘણા સંબંધો પરસ્પર કરાર દ્વારા સમાપ્ત થયા તેથી પરસ્પર આદર હજુ પણ અસ્તિત્વમાં છે. ■

# કર્ણાટક ૧૧ વર્ષે રણજીની ફાઇનલમાં

## ▸ મંગળવારથી હુબલીમાં જમ્મુ-કાશ્મીર વિરુદ્ધ જંગ

લખનઊઃ જમ્મુ-કાશ્મીર રણજી ટ્રોફીમાં પોતાના ૬૭ વર્ષના ઇતિહાસમાં બુધવારે પહેલી જ વખત ફાઇનલમાં પહોંચ્યું ત્યાર બાદ ગુરુવારે કર્ણાટકની ટીમે પણ ફાઇનલમાં પ્રવેશ કર્યો. કર્ણાટક ૨૦૧૪-'૧૫ પછી (૧૧ વર્ષે) ફરી એક વખત ભારતની આ વિશ્વવિખ્યાત ડોમેસ્ટિક ટૂર્નામેન્ટની નિર્ણાયક મૅચ રમશે જેમાં એનો સામનો મંગળવાર, ૨૪મી ફેબ્રુઆરીથી જમ્મુ-કાશ્મીર સામે થશે. જમ્મુ-કાશ્મીરની આ સૌપ્રથમ અને કર્ણાટકની ૧૫મી ફાઇનલ છે.

આ ફાઇનલ કર્ણાટક રાજ્યના હુબલી શહેરના સ્ટેડિયમમાં રમાશે.

લખનઊમાં કર્ણાટકે સેમિ ફાઇનલમાં ઉત્તરાખંડને પ્રથમ દાવની સરસાઈને આધારે હરાવીને ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો. પ્રથમ દાવમાં કર્ણાટકે કૅપ્ટન દેવદત્ત પડિક્કલના ૨૩૨ રન, કે. એલ. રાહુલના ૧૪૧ રન અને રવિચન્દ્રન સ્મરણના ૧૩૫ રનની મદદથી ૭૩૬ રન કર્યા બાદ ઉત્તરાખંડને ૨૩૩ રનમાં ઑલઆઉટ કરી દીધું હતું.

કર્ણાટકે બીજી ઇનિંગ્સમાં ૩૨૩ રન કરીને ઉત્તરાખંડને ૮૨૭ રનનો લક્ષ્યાંક આપ્યો અને બીજા દાવમાં એનો સ્કોર ૬/૨૬૨ હતો ત્યારે મૅચને ડ્રૉ જાહેર કરવામાં આવતાં કર્ણાટકને પ્રથમ દાવમાં સરસાઈ લેવા બદલ વિજેતા પણ ઘોષિત કરવામાં આવ્યું હતું. ■

# ઝિમ્બાબ્વેએ ઑસ્ટ્રેલિયા પછી હવે શ્રીલંકાને પણ નમાવ્યુંઃ ભારત ચેતી જાય

## ▸ સિકંદર રઝાની ટીમનો અપરાજિત રહીને સુપર-એઇટમાં પ્રવેશઃ બેનેટ અને રઝાએ મજા કરાવી

કોલંબોઃ વર્લ્ડ કપના ગ્રૂપ-બીમાં ગુરુવારે ઝિમ્બાબ્વેએ શ્રીલંકાને મહા મહેનતે હરાવીને લીગ રાઉન્ડમાં ભારત, સાઉથ આફ્રિકા તથા વેસ્ટ ઇન્ડિઝની જેમ અપરાજિત રહેવાની સિદ્ધિ મેળવી. ઝિમ્બાબ્વેનો ત્રણ બૉલ બાકી રાખીને છ વિકેટે વિજય થયો હતો. ગ્રૂપ-બીમાં ઝિમ્બાબ્વેએ ઑસ્ટ્રેલિયા પછી હવે શ્રીલંકાની પડકારરૂપ ટીમને પણ હરાવી દીધી છે. શનિવારે શરૂ થતા સુપર-એઇટ રાઉન્ડમાં ભારતની ૨૬મી ફેબ્રુઆરીની અમદાવાદની મૅચ ઝિમ્બાબ્વે સામે રમાવાની હોવાથી ભારતીય ટીમે હવે પડકારરૂપ બનેલી આ ટીમથી ખૂબ ચેતવું પડશે.



ગુરુવારે શ્રીલંકાએ બૅટિંગ લીધા બાદ સાત વિકેટે ૧૭૮ રન કર્યા પછી ઝિમ્બાબ્વેએ ૧૯.૩ ઓવરમાં ૪/૧૮૨ના સ્કોર સાથે રોમાંચક વિજય મેળવી લીધો હતો. ૧૭૯ રનના લક્ષ્યાંક સામે ઝિમ્બાબ્વેની ૧૬૭ રનના સ્કોર પર ફક્ત બે વિકેટ હતી, પણ ૧૯મી ઓવરમાં ત્રણ રનની અંદર બે વિકેટ પડી જતાં શ્રીલંકામાં જીતની આશા જાગી હતી.

જોકે ઓપનર બ્રાયન બેનેટ (૬૩ અણનમ, ૪૮ બૉલ, આઠ ફોર)એ ૨૦મી ઓવરના ત્રીજા બૉલમાં વિજયી ચોગ્ગો ફટકારી દેતાં ઝિમ્બાબ્વેની ટીમે સેલિબ્રેશન શરૂ કરી દીધું હતું. મિડલ ઓવર્સમાં શાનદાર ઇનિંગ્સ રમનાર કૅપ્ટન સિકંદર રઝા (૪૫ રન, ૨૬ બૉલ, ચાર સિક્સર, બે ફોર)ને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. રઝાએ ફટકાબાજી કરીને કોલંબોના સ્ટેડિયમમાં પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. એ પહેલાં, શ્રીલંકાએ આ વર્લ્ડ કપના સેન્ચુરિયન પથુમ નિસાન્કા (૬૨ રન, ૪૧ બૉલ, આઠ ફોર)ની હાફ સેન્ચુરીની મદદથી સાત વિકેટે ૧૭૮ રન કર્યા હતા. ઝિમ્બાબ્વેના બ્રાડ ઇવાન્સ, બ્લેસિંગ મુઝરબાની અને ગ્રેમ ક્રીમરે બે-બે વિકેટ લીધી હતી.

ગ્રૂપ-બીમાંથી શ્રીલંકા અને ઝિમ્બાબ્વે બન્ને ટીમ સુપર-એઇટમાં પહોંચી ગઈ છે. આ એ ગ્રૂપ છે જેમાંથી ઑસ્ટ્રેલિયાની ભૂતપૂર્વ ચૅમ્પિયન ટીમ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ છે ત્યારે ઝિમ્બાબ્વેએ સાત પૉઇન્ટ સાથે ગ્રૂપમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. આયરલૅન્ડ અને ઓમાનની પણ ગ્રૂપ-બીમાંથી બાદબાકી થઈ ગઈ છે. ■

# સ્પેસ-હીરો શુભાંશુ શુક્લાએ સચિનને અવકાશી સફરનું બેજ ભેટ આપ્યું

મુંબઈઃ બૅટિંગ-લેજન્ડ અને વિશ્વના સર્વશ્રેષ્ઠ બૅટ્સમૅન સર ડોનાલ્ડ બ્રૅડમૅનની હરોળમાં ગણાતા સચિન તેન્ડુલકરે મુંબઈ ક્લાઇમેટ વીક દરમ્યાન ખાસ ક્ષણો માણી હતી જેમાં વિશેષ કરીને દેશના બે સ્પેસ-હીરો રાકેશ શર્મા તથા શુભાંશુ શુક્લા સાથેની પળોને સચિને અવિસ્મરણીય અને યાદગાર અનુભવ તરીકે ગણાવી હતી.

લિટલ ચૅમ્પિયન સચિન તેન્ડુલકર ભારતીય હવાઈ દળનો માનદ ગ્રૂપ કૅપ્ટન છે. તેણે કહ્યું હતું કે ૧૯૮૪માં રાકેશ શર્માએ અને ૨૦૨૫માં શુભાંશુ શુક્લાએ જે ઐતિહાસિક અવકાશી સફર કરી એ સફર પ્રત્યેક દેશવાસીના દિલમાં વસી ગઈ છે અને એકેએક ભારતીય તેમની સિદ્ધિથી મંત્રમુગ્ધ છે.

ભારતીય હવાઈ દળના માનદ સભ્ય હોવા બદલ સચિને આ દળના યુનિફૉર્મ વિશે ગૌરવ વ્યક્ત કર્યું હતું અને કહ્યું હતું કે ' જે બે અસાધારણ અધિકારીઓ (સ્પેસ નિષ્ણાતો) દેશભાવનાને પૃથ્વીથી અનેક માઇલો દૂર અવકાશમાં લઈ ગયા તેમની સાથેની આ મુલાકાત મારા માટે ગર્વ લેવા જેવી અને પ્રશંસનીય છે.'



૧૯૮૪ના સ્પેસ-સ્ટાર રાકેશ શર્મા (ડાબે) અને શુભાંશુ સાથે મુંબઈમાં સચિનની યાદગાર ક્ષણો

શુભાંશુ શુક્લા પોતાની સાથે અવકાશમાં જે બેજ લઈ ગયા હતા અને ધરતી પર પાછું લાવ્યા હતા એ તેમણે સચિનને ભેટ આપ્યું હતું અને સચિને કહ્યું હતું કે આ બેજ તેના માટે જીવનભર અમૂલ્ય યાદગીરી સમાન બની રહેશે. ■

# ઈટલીના વળતા જવાબ પછી વેસ્ટ ઇન્ડીઝ જીત્યું

કોલકાતાઃ વેસ્ટ ઇન્ડીઝે ટી-૨૦ વર્લ્ડ કપમાં ડેબ્યૂ કરનાર ઈટલી સામે જીતવા માટે આજે થોડો સંઘર્ષ કરવો પડ્યો હતો. શાઈ હોપની કેપ્ટન્સીમાં કૅરિબિયન ટીમે બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૬૫ રન કર્યા હતા. ઈટલીની ટીમ ૧૮ ઓવરમાં બનેલા ૧૨૩ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. એક તબક્કે ઇટલીનો સ્કોર છ વિકેટે ૧૧૫ રન અને આઠ વિકેટે ૧૨૩ રન હતો ત્યારે ધબડકો ન થયો હોત તો ઇટલીની ટીમે આ મૅચમાં અપસેટ સરજ્યો હોત. વેસ્ટ ઇન્ડીઝે છ વિકેટે જે ૧૬૫ કર્યા એમાં કેપ્ટન શાઈ હોપ (૭૫ રન, ૪૬ બૉલ, ચાર સિક્સર, છ ફોર)નું મોટું યોગદાન હતું. ■

# 'અભિષેક, પહેલા જ બૉલમાં ચોગ્ગા-છગ્ગાનો પ્રયાસ ન કર': ગાવસકર

અમદાવાદઃ ટી-૨૦નો વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્મા છેલ્લી આઠમાંથી પાંચ ઇનિંગ્સમાં શૂન્યમાં વિકેટ ગુમાવી બેઠો છે અને એમાં ખાસ કરીને વર્તમાન વર્લ્ડ કપમાં બુધવારે તેણે ઝીરોની હૅટ-ટ્રિક કરીને અમદાવાદીઓને પણ નારાજ કરી દીધા હતા અને તેની આ નિષ્ફળતાને પગલે બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે અભિષેક વિશે વિચારો વ્યક્ત કર્યા છે જેમાં ખાસ કરીને તેમણે કહ્યું છે કે તેણે દાવના પહેલા જ બૉલથી બિગ-શૉટ મારવાનું છોડી દેવું જોઈએ.

અભિષેક શર્મા આ વિશ્વ કપમાં અમેરિકા સામેની મૅચમાં પોતાના પ્રથમ બૉલમાં (પેસ બોલર અલી ખાનના બૉલમાં) કેચઆઉટ થયો હતો, પાકિસ્તાન સામેની મૅચમાં (પોતાના ચોથા બૉલમાં) સ્પિનર સલમાન આગાના બૉલમાં કૅચઆઉટ થયો હતો અને બુધવારે નેધરલૅન્ડ્સ સામે પોતાના ત્રીજા બૉલમાં સ્પિનર આર્યન દત્તના બૉલમાં ક્લીન બોલ્ડ થયો હતો.



અભિષેક આ ટૂર્નામેન્ટમાં સર્વોત્તમ બૅટ્સમૅન તરીકે પ્રવેશ્યો હતો, પરંતુ હૅટ-ટ્રિક ઝીરોને કારણે તેના ફૉર્મ વિશે સૌ ભારતીયો ચિંતિત છે. ટી-૨૦ વર્લ્ડ કપમાં કોઈ એક ભારતીય પ્લેયરે સતત ત્રણ વખત શૂન્યમાં વિકેટ ગુમાવી હોય એવું પહેલી વખત બન્યું છે. ભારતના કોઈ બોલરના નામે પણ આવો ખરાબ રેકૉર્ડ નથી.

સુનીલ ગાવસકરે એક જાણીતી સ્પોર્ટ્સ ચૅનલ પર કહ્યું, 'અભિષેક બહુ સારો ખેલાડી છે, પણ મને લાગે છે કે તે અપેક્ષાઓના ભારનો શિકાર થયો છે. તેણે જો ગયા અઠવાડિયે અમેરિકા સામેની મૅચમાં સારી શરૂઆત કરી હોત તો આજે તેના પર્ફોર્મન્સની સ્થિતિ અલગ હોત. તે સિક્સ-હિટર અને વિશ્વના સર્વોચ્ચ ટી-૨૦ બૅટ્સમૅન તરીકેનું માનસિક દબાણનો સામનો પણ કરી રહ્યો છે. તેણે ક્રીઝમાં આવ્યા બાદ શરૂઆતમાં ધૈર્યપૂર્વક રમવું જોઈએ. તેણે પહેલા જ બૉલમાં ચોગ્ગો કે છગ્ગો મારવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. બિગ શૉટ મારવા એ સારી વાત છે, પરંતુ તેણે અક્રોસ ધ લાઇન બિગ શૉટ મારવાની આદત કાઢી નાખવી જોઈએ.'

સની ગાવસકરે અભિષેક વિશે એવું પણ કહ્યું હતું કે 'સિંગલ રન દોડીને ખાતું ખોલ. ચાર બૉલ જો ડૉટ જાય તો પણ ચિંતા નહીં કરવાની. પછીથી તે ફટકાબાજીથી કવર કરી શકે છે. શરૂઆતમાં તો સ્માર્ટ અભિગમ રાખીને જ રમવું જોઈએ. સેટ થવા માટે એકાદ-બે ઓવર લાગી જાય તો પણ કોઈ વાંધો નહીં, ત્યાર પછી નૅચરલ ગેમ રમીને આતશબાજી શરૂ કરી દેવાની.' ■

# ઉનાઓમાં મધમાખીઓના ૫૦ ડંખથી અમ્પાયરનું મૃત્યુ



ઉનાઓ (મધ્ય પ્રદેશ): અહીંના એક ક્રિકેટ મેદાન પર મોટી ટ્રૅજેડી થઈ ગઈ જેમાં અન્ડર-૧૩ લીગની એક મૅચ દરમ્યાન અસંખ્ય મધમાખીઓએ આક્રમણ કરતા અમ્પાયરનું મૃત્યુ નીપજ્યું હતું. ગુરુવારે સવારે બનેલી આ ઘટનામાં માનિક ગુપ્તા નામના અમ્પાયર મધમાખીના ઓચિંતા આક્રમણનો ભોગ બન્યા હતા. તેમના સાથી અમ્પાયર જગદીશ શર્મા તેમ જ ખેલાડીઓને પણ મધમાખીઓના ડંખને લીધે ઈજા પહોંચી હતી. આ કમનસીબ ઘટના ઉનાઓમાં શુક્લાગંજ સ્થિત સપ્રૂ ગ્રાઉન્ડમાં વાયએમસીસી તથા પૅરામાઉન્ટ નામની ટીમ વચ્ચે રમાઈ રહી હતી ત્યારે બની હતી. બન્ને અમ્પાયર સફેદ ડ્રેસમાં સજ્જ હતા અને હજારો મધમાખીનું ટોળું લગભગ ૧૦ મિનિટ સુધી તેમની આસપાસ રહ્યું હતું જેમાં અમ્પાયર ગુપ્તાને લગભગ ૫૦ ડંખ લાગ્યા હતા. મધમાખીથી બચવા ખેલાડીઓ અને અમ્પાયર મેદાન પર સૂઈ ગયા હતા, પણ તેમણે આક્રમણ ચાલુ રાખ્યું હતું. અમ્પાયર ગુપ્તાને શુક્લાગંજની અને પછી કાનપુરની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને મૃત ઘોષિત કરવામાં આવ્યા હતા. ■

# હરમનપ્રીત કૌરનો વિશ્વ વિક્રમ

નવી દિલ્હીઃ ભારતની મહિલા કૅપ્ટન હરમનપ્રીત કૌર વિમેન્સ ક્રિકેટમાં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મૅચ રમનાર ખેલાડી બની છે.

તે ગુરુવારે ૩૫૬મી મૅચ રમી હતી અને એ સાથે તેણે ન્યૂ ઝીલૅન્ડની સુઝી બેટ્સનો ૩૫૫ મૅચનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો હતો.

દરમ્યાન, ગુરુવારે કૅનબેરામાં ઑસ્ટ્રેલિયાની વિમેન્સ ટીમ (૫/૧૬૩) સામેની બીજી ટી-૨૦માં ભારતીય મહિલા ટીમ (૯/૧૪૪)નો ૧૯ રનથી પરાજય થતાં સિરીઝ ૧-૧ની બરાબરીમાં થઈ હતી. ■

# આવતી કાલે ઘાટકોપર જૉલી જિમખાનાની જૉલી પ્રીમિયર લીગની ૧૫મી સીઝનનો ભવ્ય પ્રારંભ

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાના દ્વારા છેલ્લાં ૧૪ વર્ષથી મેમ્બર માટે લેધર બૉલ ટી-૧૦ ક્રિકેટ ટૂર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવી રહ્યું છે અને આ પરંપરાને આગળ વધારતા આ વર્ષે પણ જૉલી પ્રીમિયર લીગ-સીઝન ૧૫નું આયોજન તારીખ ૨૧, ૨૨, ૨૮ ફેબ્રુઆરી તથા ૧ માર્ચ દરમ્યાન કરવામાં આવ્યું છે. શનિવાર, તા. ૨૧-૦૨-૨૦૨૬ના રોજ સવારે ૮.૧૫ વાગ્યે ટૂર્નામેન્ટની ઓપનિંગ સેરેમની યોજાશે. ચૅરમૅન રજનીકાંત શાહ, મૅનેજિંગ ટ્રસ્ટી મનોજ અજમેરા, સેક્રેટરી મુકેશ બદાણી અને પરેશ શાહ સહિત સમગ્ર ટ્રસ્ટીગણ તેમ જ કારોબારી સમિતિના પ્રોત્સાહનથી ક્રિકેટ ઇન્ચાર્જ નિશિથ ગોળવાલાની દેખરેખ હેઠળ ક્રિકેટ સબ-કમિટી દ્વારા દર વર્ષે આ ટૂર્નામેન્ટનું સુંદર આયોજન કરવામાં આવે છે. આ ટૂર્નામેન્ટમાં ફક્ત જિમખાનાના સભ્યોને જ ભાગ લેવાની તક આપવામાં આવે છે. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| मंडी | કરોળિયો |
| मंडूक | સુસ્ત |
| मंथर | બજાર |
| मकडी | પરાગ |
| मकरंद | દેડકો |

## જાણવા જેવું

રાજેશ ખન્ના ઉપરાંત ધર્મેન્દ્ર સાથે પણ ડિમ્પલ ગર્લ શર્મિલા ટાગોરની જોડી સારી જામી હતી. આ બે કલાકારોએ કેટલીક યાદગાર ફિલ્મો આપી છે જેમાં 'દેવર', 'અનુપમા', 'મેરે હમદમ મેરે દોસ્ત', 'સત્યકામ', 'યકિન', 'ચુપકે ચુપકે', 'એક મહલ હો સપનોં કા' તેમ જ 'સની'નો સમાવેશ છે.

## ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી ચિત્રપટના ઈતિહાસમાં ધૂઆંધાર સફળતા મેળવનારી 'દેશ રે જોયા દાદા પરદેશ જોયા'માં દાદાજીની ભૂમિકા કોણે કરી હતી ?

અ) શ્રીકાંત સોની
બ) રમેશ મહેતા
ક) અરવિંદ ત્રિવેદી
ડ) મૂળરાજ રાજડા

## નોંધી રાખો

રોમેન્ટિક હોય, કોમેડી હોય કે સિરિયસ ફિલ્મ હોય, એક્ટ્રેસ મેરિલ સ્ટ્રીપ હોલિવૂડ ફિલ્મોની દરેક ભૂમિકામાં ખીલી ઊઠ્યાં છે.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | ■ | ૯ | | | | ■ | ૧૦ | |
| | ■ | ૧૧ | ■ | | ■ | ૧૨ | ૧૩ | | ■ |
| ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | | ■ | ૧૭ |
| ૧૮ | ■ | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | | |
| ૨૨ | | ૨૩ | ■ | ૨૪ | | ૨૫ | ■ | ■ | |
| | ■ | ૨૬ | ૨૭ | | ■ | ૨૮ | ૨૯ | | ■ |
| ■ | ૩૦ | | | ■ | ૩૧ | ■ | | ■ | ૩૨ |
| ૩૩ | | ■ | ૩૪ | | | ૩૫ | ■ | ૩૬ | |
| ૩૭ | | | | ■ | ૩૮ | | | | |

### આડી ચાવી

૧. દારૂગોળો (૫)
૫. ચીસ, કીકીયારી (૪)
૮. વાચા, વાણી (૨)
૯. માફી માગવી તે (૪)
૧૦. અસ્થિર (૨)
૧૨. ગાનારો (૩)
૧૪. માણસનો સૌથી મોટો દુશ્મન (૩)
૧૬. કમળ (૩)
૧૯. રણપ્રદેશનો મેવો (૩)
૨૧. શૃંગારિક ચેષ્ટા (૩)
૨૨. એક મહાકાય જળચર પ્રાણી (૩)
૨૪. સુસ્તી, થાક (૩)
૨૬. --- મીલાકે ચલો (૩)
૨૮. રોકાણ (૩)
૩૦. અશુભ દિવસ (૩)
૩૩. દામ કરે --- (૨)
૩૪. વારેવારે (૪)
૩૬. દેવસ્થાન, તીર્થ (૨)
૩૭. પ્રપંચ, લુચ્ચાઈનું કામ (૪)
૩૮. શહેરની સુધરાઈનો અધ્યક્ષ (૫)

### ઊભી ચાવી

૧. ઢોર ચરાવનારો (૩)
૨. તક, અનુકૂળ સમય (૨)
૩. શુષ્ક, લૂખું (૨)
૪. દબદબો, ભપકો (૩)
૫. તણખો (૪)
૬. માગનાર, ભિક્ષુક (૩)
૭. દોરાની ગરગડી (અં) (૨)
૧૧. તહોમત, આક્ષેપ, કલંક (૨)
૧૩. પૂજન (૩)
૧૫. સુખ (૨)
૧૬. કહાણી (૩)
૧૭. ફૂરસદ (૩)
૧૮. લશ્કરી પડાવ, મથક (૩)
૨૦. સિતમ (૩)
૨૩. પક્ષઘાત, એક રોગ (૩)
૨૫. ગોટાળો, ખીચડો (૨)
૨૭. દ્વારપાળ (૪)
૨૯. તિલક (૨)
૩૦. કટિ કેડ (૩)
૩૧. યુવાન (૩)
૩૨. હઠીલું, જિદ્દી (૩)
૩૩. પિતાના ભાઈ (૨)
૩૫. નસ (૨)
૩૬. થાપ, છેતરપીંડી (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મ | ૨ હે | ૩ ર | બા | ૪ ન | ■ | ૫ ભા | ડ | વા | ૬ ત |
| ૭ જ | લ | જ | ■ | ફો | ■ | રી | ■ | ■ | લ્લી |
| ■ | ૮ ક | ક | ૯ ડો | ■ | ૧૦ સાં | ■ | ૧૧ પા | ૧૨ વ | ન |
| ૧૩ છો | રી | ■ | લ | ■ | ૧૪ સા | ગ | રી | ત | ■ |
| ■ | ■ | ૧૫ સા | ર | થિ | ■ | ■ | ૧૬ જા | ન | કી |
| ૧૮ પ | ૧૯ ગ | ર | ■ | ■ | ૨૦ પુ | ૨૧ નિ | ત | ■ | ■ |
| ■ | ૨૨ ર | વા | ન | ૨૩ ગી | ■ | રા | ■ | ૨૪ તા | ન |
| ૨૬ ગા | જ | ર | ■ | ની | ■ | ૨૭ શ | ૨૮ ક | ન | ■ |
| ડ | ■ | ■ | ૨૯ પા | ■ | ૩૦ બ | ■ | ૩૧ સ | પૂ | ૩૨ ત |
| ૩૩ વો | ળા | વિ | યો | ■ | ૩૪ રો | જ | બ | રો | જ |

## ઓળખાણ પડી?

મરાઠી ચિત્રપટમાં ખલનાયક અને વિનોદી રોલ કરી હિન્દી ફિલ્મોમાં કમેડિયન તરીકે ખ્યાતિ મેળવનાર અભિનેતાની ઓળખાણ પડી?

અ) જગદીપ
બ) મુકરી
ક) મોહન ચોટી
ડ) ધુમાલ



## સુડોકુ-૯૨૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૬ | ૩ | | ૪ | | | |
| ૪ | ૩ | ૮ | | | | ૯ | | ૫ |
| ૫ | | | | | | | | |
| | | ૩ | | ૯ | | | ૪ | |
| ૮ | | | | | | | | ૯ |
| | ૧ | | | ૭ | | ૫ | | |
| | | | | | | | | ૭ |
| ૨ | | ૯ | | | | ૬ | ૫ | ૪ |
| | | | ૭ | | ૫ | ૧ | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૩ | ૪ | ૫ | ૭ | ૧ | ૨ | ૯ | ૮ |
| ૮ | ૯ | ૭ | ૪ | ૩ | ૨ | ૫ | ૬ | ૧ |
| ૫ | ૧ | ૨ | ૮ | ૬ | ૯ | ૭ | ૩ | ૪ |
| ૨ | ૫ | ૧ | ૩ | ૮ | ૭ | ૬ | ૪ | ૯ |
| ૩ | ૭ | ૬ | ૯ | ૨ | ૪ | ૧ | ૮ | ૫ |
| ૯ | ૪ | ૮ | ૬ | ૧ | ૫ | ૩ | ૨ | ૭ |
| ૪ | ૨ | ૫ | ૧ | ૯ | ૩ | ૮ | ૭ | ૬ |
| ૭ | ૬ | ૯ | ૨ | ૫ | ૮ | ૪ | ૧ | ૩ |
| ૧ | ૮ | ૩ | ૭ | ૪ | ૬ | ૯ | ૫ | ૨ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| मंगनी | સગાઈ |
| मंजुल | સુંદર |
| मंजूषा | પેટી |
| मजली | વચેટ |
| मंडित | શણગારેલું |

**ગુજરાત મોરી મોરી રે:** અજિત મર્ચન્ટ

**ઓળખાણ પડી?** સરિતા જોશી

**માઈન્ડ ગેમ :** શ્રીદેવી

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** કન્હૈયાલાલ

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

અમિતાભ બચ્ચને કઈ ફિલ્મમાં હત્યા કરનારી વ્યક્તિનું નેગેટિવ પાત્ર ભજવ્યું હતું એ આપેલા વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) બંસી બિરજુ બ) પરવાના
ક) નમક હરામ ડ) સૌદાગર

## માઈન્ડ ગેમ

'સંતુ રંગીલી' નાટકમાં પ્રવીણ જોશીએ કરેલી ભૂમિકા હોલિવૂડની યાદગાર ફિલ્મ 'માય ફેર લેડી'માં કયા એક્ટરે ભજવી હતી?

અ) પોલ ન્યુમેન બ) રિચર્ડ બર્ટન ક) રેક્સ હેરિસન ડ) કર્ક ડગ્લસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) સુભાષ મોમાયા (૪) ભરત કજરીયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) ભારતી બુચ (૮) ખુશરુ કાપડિયા (૯) શ્રદ્ધા આશર (૧૦) હર્ષા મહેતા (૧૧) પુષ્પા પટેલ (૧૨) લજીતા ખોના (૧૩) જ્યોતી ખાંડવાલા (૧૪) મીનળ કાપડિયા (૧૫) કિરીટ છેડા (૧૬) ચેતના છેડા (૧૭) ભાવના કર્વે (૧૮)ો પ્રવીણ વોરા (૧૯) કમલ માટલીયા (૨૦) મહેશ સંઘવી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખીલ બંગાળી (૨૪) અમીષી બંગાળી (૨૫) તાહેર ઔરંગાબાદવાળા (૨૬) શીરીન ઔરંગાબાદવાળા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) જયવંત પદમશી ચિખલ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેન્દ્ર લોઢવિયા (૩૧) અંજુ ટોલીયા (૩૨) વર્ષા સૂર્યકાન્ત શ્રોફ (૩૩) અરવિંદ કામદાર (૩૪) ડાયના સંતોક (૩૫) અલકા વાણી (૩૬) વીણા સંપટ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હીનાબેન દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) મહેશ દોશી (૪૫) ડૉ. પ્રકાશ કટકિયા (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ધીરેન્દ્ર ઉદેશી

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) ઘરાના - રાજેન્દ્ર કુમાર ૨) દિલ એક મંદિર - મીના કુમારી ૩) તાજ મહેલ - બીના રોય ૪) રામ લખન - જેકી શ્રોફ ૫) પરદેસ - મહિમા ચૌધરી ૬) બેતાબ - અમૃતા સિંહ ૭) પિયા કા ઘર - જયા ભાદુરી, અનિલ ધવન

ક્વિઝ (બ) ૧) રામ બલરામ ૨) રામ લખન ૩) કરણ અર્જુન ૪) હીરાલાલ પન્નાલાલ ૫) શિવ શક્તિ ૬) શિવ રામ ૭) વિક્રમ વેદા

# અમેરિકા-ઈરાન વચ્ચેના તણાવને ટેકે વિશ્વ બજાર પાછળ ચાંદી ₹ ૭૯૭૪ ઊછળી, સોનામાં ₹ ૨૯૮૬ની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ઈરાન વચ્ચેની ન્યૂક્લિયર માટેની બેઠકમાં કોઈ ફળશ્રુતિ ન આવતા આજે વિશ્વ બજારમાં ભૂરાજકીય તણાવ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં ૦.૭ ટકા જેટલો અને ચાંદીના ભાવમાં ૨.૭ ટકા જેટલો ઊછાળો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૯૭૪નો ઝડપી ઊછાળો આવી ગયો હતો. તેમ જ સોનાના ભાવમાં પણ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૭૪થી ૨૯૮૬ની તેજી જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૭૯૭૪ વધીને રૂ. ૨,૪૪,૭૭૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે અચાનક ભાવમાં મોટી માત્રામાં ઉછાળો આવતા સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો નવી લેવાલીથી દૂર રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૭૪ વધીને રૂ. ૧,૫૩,૯૫૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૯૮૬ વધીને રૂ. ૧,૫૪,૫૭૦ની સપાટીએ રહ્યા હતા. જોકે આજે વધ્યા મથાળેથી સોનામાં છૂટીછવાઈ રોકાણલક્ષી માગ જોવા મળી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે બન્ને કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૫૦૧૨.૮૩ ડૉલર અને એપ્રિલ વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૫૦૩૧.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૨.૭ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૭૯.૨૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે હાલમાં કૉમેક્સ ખાતે ચાંદીના માર્ચ વાયદાની ડિલિવરી પૂર્વે સ્ટોક ઓછો રહ્યો હોવાથી તેજીનો ટેકો મળી રહ્યો છે. જોકે, આ મહિનાના આરંભે ચાંદીમાં જોવા મળેલા ઐતિહાસિક કરેક્શન પશ્ચાત્ હજુ કળ નથી વળી, એમ સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ ઑલે હેન્સને જણાવ્યું હતું.

અમેરિકા ઈરાન સામે લશ્કરી કાર્યવાહી કરે તો તે ઘણાં સપ્તાહો સુધી ચાલે તેવી શક્યતા વહેતી થતાં બજારમાં ભૂરાજકીય તણાવ સપાટી પર આવતા સોનામાં સલામતી માટેની માગ ખૂલી હોવાનું નેમો મનીના વિશ્લેષક જેમી દત્તાએ જણાવ્યું હતું. ગઈકાલે વ્હાઈટ હાઉસે એક અહેવાલમાં જણાવ્યું હતું કે જિનિવા ખાતેની બેઠકમાં વાટાઘાટોમાં પ્રગતિ તો થઈ છે તેમ છતાં અમુક બાબતો પર હજુ મતભેદો યથાવત્ રહ્યા છે.

વધુમાં ગઈકાલે જાહેર થયેલી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સમાં વ્યાજદર યથાવત્ રાખવા માટે તમામ સભ્યો એકમત રહ્યા હતા. તેમ જ ભવિષ્યમાં જો ફુગાવામાં વધારો થાય તો વ્યાજદર વધારવા અને ઘટાડો થાય તો વ્યાજદરમાં કાપ મૂકવા સભ્યો સહમત રહ્યા હોવાનું જણાયું હતું.

# નિકલ અને કોપરની આગેવાની હેઠળ ધાતુમાં બાઉન્સબૅક

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરમાં ઘટ્યા મથાળેથી રોકાણકારોની લેવાલી નીકળતાં એક મહિને ડિલિવરી શરતે ભાવ એક સપ્તાહની નીચી સપાટીએથી ૨.૨ ટકા ઉછળીને ટનદીઠ ૧૨,૮૯૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ધાતુ બજારમાં પણ ખાસ કરીને કોપર અને બ્રાસની વેરાઈટીઓ, નિકલ, ઝિન્ક સ્લેબ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. ચારથી રૂ. ૪૦નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૪૦ ઘટી આવ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૪૦ વધીને રૂ. ૧૫૯૨, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૨૩ વધીને રૂ. ૧૨૪૯, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૧૧૯૦ અને કોપર સ્ક્રેપ હેવી તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ વધીને અનુક્રમે રૂ. ૧૧૮૧ અને રૂ. ૧૧૭૨ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૦૮૩, રૂ. ૮૩૫ અને રૂ. ૭૩૩ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૩૧૪ અને રૂ. ૩૨૭ના મથાળે રહ્યા હતા.

# અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધની ભીતિ સપાટી પર આવતા ઈક્વિટી માર્કેટની ત્રણ સત્રની તેજીને બ્રેક

## રિલાયન્સ અને એચડીએફસી બૅન્ક સહિતનાં હેવી વેઈટ શૅરોમાં વ્યાપક વેચવાલીએ સેન્સેક્સમાં ૧૨૩૬ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૩૬૫ પૉઈન્ટનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત ત્રણ સત્ર દરમિયાન તેજીતરફી વલણ જોવા મળ્યા બાદ આજે ચોથા સત્રમાં આરંભિક તબક્કે સુધારો જળવાઈ રહ્યા બાદ ખાસ કરીને અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધની ભીતિ સપાટી પર આવવાની સાથે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઉછળી આવ્યા હોવાથી ફુગાવો વધવાની શક્યતા અને ત્રણ સત્રની તેજી પશ્ચાત્ ખાસ કરીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એચડીએફસી બૅન્ક સહિતના હેવી વેઈટ શૅરોમાં નફારૂપી વેચવાલીનું દબાણ વધતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૨૩૬ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૩૬૫ પૉઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો. નોંધનીય બાબત એ છે કે આજે સત્રના આરંભે એક તબક્કે સેન્સેક્સમાં ૨૪૫.૧૧ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૬૫.૯૫ પૉઈન્ટનો સુધારો જોવા મળ્યો હતો.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૩,૭૩૪.૨૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩,૯૬૯.૮૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૩,૯૭૯.૩૬ અને નીચામાં ૮૨,૨૬૪.૨૦ સુધી ગબડ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧.૪૮ ટકા અથવા તો ૧૨૩૬.૧૧ પૉઈન્ટ તૂટીને ૮૨,૪૯૮.૧૪ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૫,૮૧૯.૩૫ના બંધ સામે સુધારા સાથે ૨૫,૮૭૩.૩૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૨૫,૮૮૫.૩૦ અને નીચામાં ૨૫,૩૮૮.૭૫ સુધી તૂટ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧.૪૧ ટકા અથવા તો ૩૬૫ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૫,૪૫૪.૩૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

વધુમાં એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૬૧૪.૯૦ કરોડની ખરીદી સામે રૂ. ૯૪૯૫.૩૯ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૮૮૦.૪૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. તેમ જ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૧,૪૮૩.૮૬ કરોડની લેવાલી સામે રૂ. ૧૨,૦૮૦.૧૪ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૯૬.૨૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. આમ સ્થાનિક અને વિદેશી સંસ્થાકીય ચોખ્ખી વેચવાલી રૂ. ૧૪૭૬.૭૭ કરોડની સપાટીએ રહી હતી.

એકંદરે અમેરિકા-ઈરાન વચ્ચેની બેઠક અનિર્ણાયક રહી હોવાના નિર્દેશો સાથે ભૂરાજકીય તણાવ સપાટી પર આવતાં ભારતીય બજારમાં વ્યાપક વેચવાલીનું દબાણ રહેતાં મંદી ફરી વળી હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે ભૂરાજકીય તણાવને કારણે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવતા ફુગાવાની અને અખાતી દેશોની ચિંતા સપાટી પર આવતાં ગબડતી બજારને ઢાળ મળ્યો હતો.

વધુમાં અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાત અંગેની અનિશ્ચિતતાને કારણે વિશ્વ બજારમાં ડૉલર સામે દબાણ હેઠળ રહેલો રૂપિયો અને એશિયન બજારોમાં લ્યૂનારના નવાં વર્ષની ઉજવણીની રજાઓ હોવાથી વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઓછી સહભાગીતાની પણ બજાર પર અસર જોવા મળી હોવાનું તેમણે ઉમેર્યું હતું. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૧૫૪.૩૪ કરોડની અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૪૪૦.૩૪ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ ખાતે કુલ ૪૩૬૭ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાં ૧૨૭૬ શૅરના ભાવ વધીને, ૨૯૨૭ શૅરના ભાવ ઘટીને અને ૧૬૪ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૧૦ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૪૬ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને આજે ૧૨ શૅરમાં ઉપલી અને ૧૧ શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના તમામ શૅરોમાં ઘટાડો જોવા મળ્યો હતો.

જેમાં સૌથી વધુ ૩.૨૩ ટકાનો ઘટાડો ઈન્ડિગોમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૨.૯૭ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૨.૯૦ ટકાનો, ટ્રેન્ટમાં ૨.૮૯ ટકાનો, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૨.૭૦ ટકાનો અને અદાણી પોર્ટસમાં ૨.૫૦ ટકાનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય રિલાયન્સમાં ૨.૧૧ ટકાનો અને એચડીએફસી બૅન્કમાં ૦.૯૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

આજે બીએસઈ ખાતેના તમામ સેક્ટોરિયલ ઈન્ડેક્સ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્યત્વે રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૨.૫૪ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૨.૨૨ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૨.૧૮ ટકાનો, ઑટો ઈન્ડેક્સમાં ૨.૦૯ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૧.૯૦ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૮૧ ટકાનો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૧.૭૫ ટકાનો ઘટાડો આવ્યો હતો.

દરમિયાન આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ત્રણ ટકાનો અને જાપાનના નિક્કી ૨૨૫માં એક ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે હૉંગકૉંગ અને ચીનની બજારો નવા લ્યુનાર વર્ષની રજા નિમિત્તે બંધ રહ્યા હતા.

આ સિવાય આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૦૨ ટકા વધીને બેરલદીઠ ૭૧.૦૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

# ટીસીએસની ઓપન એઆઈ સાથે વ્યૂહાત્મક ભાગીદારીના અહેવાલે શૅરના ભાવ બે ટકા ઊછળીને પાછા ફર્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ટાટા જૂથની આઈટી સર્વિસીસ કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ)એ આજે દેશમાં એઆઈ (આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ) માળખું તૈયાર કરવા અને જોઈન્ટ માર્કેટ સોલ્યુશન ઑફર કરવા માટે ઓપન એઆઈ સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી હોવાની જાહેરાત કરતાં આજે એક તબક્કે બીએસઈ અને એનએસઈ ખાતે ટીસીએસના શૅરના ભાવમાં બે ટકા જેટલો ઉછાળો આવ્યો હતો.

તાજેતરમાં નવી દિલ્હીમાં ચાલી રહેલી એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં અગાઉ ઈન્ફોસિસે અમેરિકી કંપનીએ એન્થ્રોપીક સાથે એઆઈ સોલ્યુશન પૂરા પાડવા માટે જોડાણ કર્યું હોવાનું જાહેર કર્યા બાદ આજે ટીસીએસએ ઉક્ત જાહેરાત કરતાં બીએસઈ અને એનએસઈ ખાતે ટીસીએસના શૅરના ભાવ ૧.૯૭ ટકા વધીને અનુક્રમે શૅરદીઠ રૂ. ૨૭૪૭.૮૫ અને રૂ. ૨૭૪૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તે સમયે સેન્સેક્સ ૧૭૯.૧૧ પૉઈન્ટ ઘટીને ૮૩,૫૫૫.૧૪ અને નિફ્ટી ૬૩.૩૦ પૉઈન્ટ ઘટીને ૨૫,૭૫૬.૦૫ આસપાસના મથાળે રહ્યો હતો. જોકે, આજે સત્રના અંતે બીએસઈ ખાતે ટીસીએસના ભાવ ગઈકાલના બંધ સામે રૂ. ૧૪.૧૫ ઘટીને રૂ. ૨૬૮૦.૪૫ અને એનએસઈ ખાતે ભાવ ગઈકાલના બંધ સામે રૂ. ૧૭ ઘટીને રૂ. ૨૬૭૭.૯૦ના મથાળે બંધ રહ્યા હતા.

વધુમાં ટાટા જૂથે આજે જણાવ્યું હતું કે આ જોડાણ તેના હજારો કર્મચારીઓને ઉત્પાદકતા અને નવીનતાને વેગ આપવા માટે ઓપન એઆઈ એન્ટરપ્રાઈઝ ચેટજીપીટીનું એક્સેસ મળશે, જ્યારે ટીસીએસ ઓપન એઆઈના કોડેક્સનો ઉપયોગ સોફ્ટવેર એન્જિનિયરિંગના પરિણામો વધારવા માટે કરશે. આ બહુવર્ષીય કરારના ભાગરૂપે ટીસીએસ હાઈપર વૉલ્ટ યુનિટ એઆઈ રેડી અને ગ્રીન એનર્જી પાવર્ડ વિકસાવવાની સાથે નેક્સ્ટ જનરેશન એઆઈ વર્કલોડને ટેકો આપવા માટેનું માળખું વિકસાવશે. આરંભિક તબક્કામાં ટીસીએસ ૧૦૦ મેગા વૉટ ક્ષમતા ધરાવતું અને એક ગિગા વૉટના ઓપ્શન સ્કેલ ધરાવતું એઆઈ માળખું વિકસાવશે. આ માળખું નેક્સ્ટ જનરેશન એઆઈ વર્કલોડને પાવર આપતા ભારત વૈશ્વિક સ્તરે એઆઈ હબ બનશે, એમ કંપનીએ એક યાદીમાં જણાવ્યું હતું. વધુમાં ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરને આ વ્યૂહાત્મક ભાગીદારીને ગહન અને સીમાચિહ્નરૂપ ગણાવતા જણાવ્યું હતું કે ભારતને વૈશ્વિક એઆઈ હબ બનાવવા તરફનું આ પગલું છે.

## દેશ-વિદેશ

# મોદીની મુલાકાત પહેલા ભારત - ઇઝરાયલ વચ્ચે સંરક્ષણ ક્ષેત્રમાં વધુ એક એમઓયુ

તેલ અવિવ: આ મહિનાના અંતમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઇઝરાયલ મુલાકાત પહેલા, ભારત અને ઇઝરાયલ વચ્ચે સંરક્ષણ સંબંધોને વધુ ગાઢ બનાવવા અને ભવિષ્યમાં સેમિનાર અને સહકારી પહેલ સહિત ચાલુ સંયુક્ત પ્રવૃત્તિઓને મજબૂત બનાવવા માટે એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

મોદી પચીસ ફેબ્રુઆરીએ ઇઝરાયલની બે દિવસીય મુલાકાતે પહોંચશે. તેમની બેઠકો દરમિયાન તેઓ દ્વિપક્ષી અને પ્રાદેશિક હિતના તમામ મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી શક્યતા છે.

ઇઝરાયલના સંરક્ષણ મંત્રાલય (આઇએમઓડી)ના આંતરરાષ્ટ્રીય સંરક્ષણ સહકાર નિર્દેશાલય (સિબત) એ અગ્રણી ભારતીય અને ઇઝરાયલ સંરક્ષણ ઉદ્યોગો વચ્ચે બેઠકોનું આયોજન કર્યું છે જેના કારણે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર થયા છે.

આઇએમઓડીએ જણાવ્યું હતું કે સિબતે સોસાયટી ઓફ ઇન્ડિયન ડિફેન્સ મેન્યુફેક્ચરર્સ (એસઆઈડીએમ) અને ભારતના સંરક્ષણ મંત્રાલયના સહયોગથી આ અઠવાડિયે અગ્રણી ભારતીય અને ઇઝરાયલી સંરક્ષણ કંપનીઓ વચ્ચે એક સેમિનાર અને બી-ટુ-બી મીટિંગનું આયોજન કર્યું હતું.

આ સેમિનારનું નેતૃત્વ સિબતના ડિરેક્ટર, બ્રિગેડિયર જનરલ યાયર કુલાસ દ્વારા કરવામાં આવ્યું હતું, અને ભારતના સંરક્ષણ ઔદ્યોગિક ઇકોસિસ્ટમ અને તેની અપડેટેડ ડિફેન્સ એક્વિઝિશન પ્રોસિજર (ડીએપી) ૨૦૨૬ - ભારતની રાષ્ટ્રીય સંરક્ષણ ખરીદી નીતિ સાથે પરિચિતતા વધારવાના ઉદ્દેશ્ય સાથે, નાની, મધ્યમ અને મોટી ઇઝરાયેલી અને ભારતીય સંરક્ષણ કંપનીઓને નોંધપાત્ર જોડાણો માટે એકસાથે લાવવામાં આવી હતી, તેવું એમના એક નિવેદનમાં જણાવાયું છે.

આ કાર્યક્રમમાં ૩૦ ભારતીય અને ૨૬ ઇઝરાયેલી સંરક્ષણ કંપનીઓના પ્રતિનિધિઓ સામેલ હતા, એવું તે જણાવે છે.

ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ એસઆઈડીએમના ડિરેક્ટર જનરલ રમેશ કે દ્વારા કરવામાં આવ્યું હતું, અને તેમાં ઇઝરાયલમાં ભારતના રાજદૂત જે.પી. સિંહ અને ઇઝરાયલમાં ભારતના સંરક્ષણ અટેશે જીપી કેપ્ટન વિજય પાટિલનો સમાવેશ થયો હતો.

# યુપીમાં રાજકીય માહોલ ગરમ

## યોગી અને મૌર્યને ભાગવત વારાફરતી મળ્યા

લખનઊ: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત ગુરુવારે લખનઊની મુલાકાતે આવીને રવાના પણ થઈ ગયા છે, પરંતુ તેમની બે અલગ બેઠકે રાજકીય વાતાવરણ ગરમ કરી દીધું છે અને વિવિધ અટકળોને વેગ આપ્યો છે. ભાગવત પહેલાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને પછી નાયબ મુખ્ય પ્રધાન કેશવપ્રસાદ મૌર્યને મળ્યા હતા.

આરએસએસનાં સૂત્રોએ કહ્યું હતું કે યોગીએ બુધવારે સાંજે લખનઊના નિરાલા નગરના સરસ્વતી શિશુ મંદિરમાં ભાગવતની ઔપચારિક મુલાકાત લીધી હતી. આ બે મહાનુભાવોની બેઠક અડધો કલાક ચાલી હતી. સંઘ કે મુખ્ય પ્રધાનની કચેરીએ આ બેઠકના એજન્ડા અંગે કંઈ જણાવ્યું નથી. આરએસએસના હોદ્દેદારે કહ્યું હતું કે આ ઔપચારિક બેઠક હતી. સરસંઘચાલકજી (ભાગવત)ને મળવા ભાજપના અનેક પ્રધાનો અને નેતાઓએ સમય માગ્યો હતો. સરસંઘચાલકની મુલાકાત વખતે આવી બેઠકો યોજાતી હોય છે. આ ઔપચારિક બેઠક હોવાથી આમાં રાજકીય નિર્ણયો લેવાતા નથી. ફક્ત ચર્ચા થાય છે.

આ બેઠકના એજન્ડા અંગે ભાજપના નેતાએ કહ્યું હતું કે ઉત્તર પ્રદેશના રાજકીય અને સામાજિક સિનારીયો પર ચર્ચા થઈ હશે, કારણ કે ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીને હવે ફક્ત એક વર્ષની વાર છે. રાજ્ય સરકાર અને ભાજપનું સંગઠન ઈલેકશન મોડમાં છે. રાજ્યના કેબિનેટમાં ગંજીપો ચીપાય એવી સંભાવના છે.

યોગીના મળ્યાના કલાકો બાદ નાયબ મુખ્ય પ્રધાન કેશવપ્રસાદ મૌર્ય ભાગવતને આ જ સ્થળે ગુરુવારે સવારે મળ્યા હતા. આ બેઠક પણ અડધો કલાક ચાલી હતી. ભાગવત બન્ને નેતાને અલગ અલગ મળતા બધાનું ધ્યાન આના પર ગયું હતું.

મૌર્ય ભાજપના વફાદાર છે અને તેઓ સંઘના અને વીએચપીના કાર્યકર્તામાંથી આ ઊંચાઈએ પહોંચ્યા છે.

# ઈરાને અણુપરીક્ષણ કર્યું?

તહેરાન: અમેરિકા સતત ઈરાન પર લશ્કરી દબાણ વધારી રહ્યું છે, અહેવાલો મુજબ અમેરિકા આ અઠવાડિયાના અંત સુધીમાં ઈરાન પર હુમલો કરી શકે છે. ઈરાને પણ અમેરિકાને ચેતવણી આપી છે, એવામાં આજે ઈરાનના બિદુખુન વિસ્તારમાં ભૂકંપનો જોરદાર આંચકો અનુભવાયો હતો. ચર્ચા છે કે ભૂગર્ભ અણુપરીક્ષણને કારણે આ આંચકો આવ્યો હોઈ શકે છે. અહેવાલ મુજબ બિદુખુનમાં આજે આવેલા ભૂકંપનાં આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૫ નોંધાઈ હતી, ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિ.મી. નીચે હતું. મહત્ત્વની વાત એ છે કે બિદુખુન બુશેહર ન્યુક્લિયર સાઈટથી લગભગ ૧૦૦ કિ.મી. દૂર આવલો પ્રદેશ છે. આ કોઈ સામાન્ય ભૂકંપ હતો કે પરમાણુ પરીક્ષણને કારણે ઉત્પન થયેલી ધ્રુજારી? એ અંગે કોઈ સત્તાવર નિવેદન આપવામાં આવ્યું નથી. આ આંચકા અંગે શંકા એટલા માટે શરુ થઇ કેમ કે પરમાણુ પરીક્ષણો દરમિયાન સામાન્ય રીતે ૪ થી ૫.૫ ની તીવ્રતાના ભૂકંપના આંચકા આવતા હોય છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| વિભાગ | પબ્લિક હેલ્થ વિભાગ |
| ડિવિઝન | ડૉ. R. N. કૂપર મ્યુનિ. જન. હાસ્પિટલ, જુહુ |
| વિષય | ૧. ડૉ. R.N. કૂપર હોસ્પિટલ ખાતે મેડિકલ સ્ટુડન્ટ અને મેડિકલ ઓફિસર માટે જિમ્નેશિયમ સુવિધાની ડિઝાઈન, પ્રોક્યોરમેન્ટ, ફેબ્રિકેશન, ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ. મહા ટેન્ડર ID (બીડ નં.) ૨૦૨૫_MCGM_૧૨૫૭૬૫૪_૧<br>૨. ડૉ. R.N. કૂપર હોસ્પિટલ વિલે પાર્લા, મુંબઈ ખાતે મેઈન હોસ્પિટલ બિલ્ડીંગમાં સલામતી પાલન કાર્ય. મહા ટેન્ડર ID -(બીડ નં.) ૨૦૨૬_MCGM_૧૨૭૮૦૨૫_૧ |
| ઈ-ટેન્ડર વેચાણ | ૨૦.૦૨.૨૦૨૬ના ૧૬.૦૦ કલાકથી ૧૨.૦૩.૨૦૨૬ના ૧૬.૦૦ કલાક સુધી |
| પેકેટ 'A', પેકેટ 'B'ની ખોલવાની તારીખ અને સમય | ૧૬.૦૩.૨૦૨૬ના ૧૬.૦૦ કલાક પછી<br>૧૬.૦૩.૨૦૨૬ના ૧૬.૧૦ કલાક પછી |
| પ્રી-બીડ મિટિંગ | ૨૭.૦૨.૨૦૨૬ ૧૫.૦૦ ક. પછી |
| પેકેટ 'C'ની ખોલવાની તારીખ અને સમય | ૦૬.૦૪.૨૦૨૬ના ૧૬.૦૦ કલાક પછી |
| વેબસાઈટ | www.mahatenders.gov.in & http://portal.mcgm.gov.in |
| સંપર્ક વ્યક્તિ A) નામ | શ્રી. પ્રણય પવાર - આસીસ્ટન્ટ એન્જિનિયર (M&E) ડૉ. R. N. કૂપર મ્યુનિ. જન. હાસ્પિટલ, |
| B) ટેલિફોન (ઓફિસ) | ૦૨૨-૬૯૪૨૫૫૫૫ એક્ષ્ટે. નં. ૧૨૮૦ |
| C) ઈ-મેલ સરનામું | secooper64@gmail.com |

સહી/-
ડીન
H.B.T. મેડિકલ કોલેજ
ડૉ. R. N. કૂપર મ્યુનિ. જન. હાસ્પિટલ

PRO/3019/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.


# એપસ્ટીન કનેકશન?: બિલ ગેટ્સે એઆઇ સમિટને સંબોધન ન કર્યું

નવી દિલ્હી: માઇક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સ ઇન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ સમિટમાં અગાઉ નક્કી કરવામાં આવેલું મુખ્ય ભાષણ નહોતું આપ્યું. આ જાણકારી તેમના ફાઉન્ડેશને ગુરૂવારે આપી હતી.

જો કે ફાઉન્ડેશને કોઇ કારણ રજૂ કર્યું ન હતું. પરંતુ આયોજકોએ ગેટ્સનું નામ સેક્સ અપરાધી જેફ્રી એટસ્ટીન સાથે જોડાયેલા દસ્તાવેજોમાં સામે આવ્યું હોવાને લીધે તેમને સ્ટેજ આપવા અંગે બેચેની વ્યક્ત કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સરકારી સૂત્રોએ મંગળવારના રોજ જણાવ્યું હતું કે એટસ્ટીન ફાઇલો સામે આવ્યા પહેલા ગેટ્સને સમિટ માટે આપવામાં આવેલું આમંત્રણ પાછું ખેંચી લેવામાં આવ્યું છે. તેઓ ૧૬ ફેબ્રુઆરીથી શરૂ થનાર પાંચ દિવસીય કોન્ફરન્સમાં ભાગ લેશે નહીં. તે દિવસે ગેટ્સ ફાઉન્ડેશનના પ્રવક્તાએ તરત જ આનું ખંડન કરતાં કહ્યું હતું કે તેઓ ખરેખર ભાગ લઇ રહ્યા છે. ફાઉન્ડેશને ગુરુવારે કહ્યું કે તેઓ શિખર સંમેલનનું ધ્યાન બીજે ન ભટકે તે માટે સંમેલનમાં બોલશે નહીં.ગેટ્સ ફાઉન્ડેશને એક્સ પર જણાવ્યું કે ગેટ્સ ફાઉન્ડેશનનું પ્રતિનિધિત્વ આફ્રિકા અને ભારત કાર્યાલયના પ્રમુખ અંકુર વોરાએ કર્યું હતું. ધ્યાનપૂર્વક વિચારણા કર્યા પછી અને એઆઇ સમિટની મુખ્ય પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત રહે તે માટે ગેટ્સ તેમનું મુખ્ય ભાષણ નહોતું આપ્યું. ગેટ્સ એઆઇ ઇમ્પેક્ટ સમિટની ઓફિશિયલ વેબસાઇટ પર વક્તા તરીકે ભાગ લેનારા ટેક દિગ્ગજો, ઉદ્યોગ નેતાઓ, નીતિ નિર્માતાઓ, સ્થાપકો અને ટેક્નોલોજિસ્ટ્સમાં સામેલ હતા. મંગળવારે સવારે તેમનું નામ ખાસ ભાગ લેનારાઓની યાદીમાંથી ગાયબ થઇ ગયું હતું.

# ભારત પર જુલમી ટૅરિફ ઝીંકવાનું બહાનું શોધી રહ્યા છે: અમેરિકાના સાંસદ

નવી દિલ્હી: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ રશિયાનું ઑઈલ ખરીદવા માટે ભારત પર દમનકારી ટૅરિફ લાદવા કોઈ બહાનાની તલાશ કરી રહ્યા છે, એમ અમેરિકાના સિનિયર સાંસદે કહ્યું હતું. તેમણે ટ્રમ્પને તેમની નીતિ તત્કાળ ઉલટાવાનો અનુરોધ કર્યો હતો. અમેરિકન કૉંગ્રેસના સંસદસભ્ય બ્રેડ શેરમાને બુધવારે સોશ્યલ મીડિયામાં પોસ્ટ મૂકીને કહ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પ ભારત પર જુલમી ટૅરિફ લાદવાનું બહાનું શોધી રહ્યા છે. વિદેશ બાબતની સમિતિ અને ફાઈનાન્સિયલ સર્વિસીસ કમિટીના સિનિયર મેમ્બર શેરમાને કહ્યું હતું કે ટ્રમ્પ દાવો કરે છે કે ભારત પર ટૅરિફ રશિયાથી તેલ આયાત કરવા માટે લગાડવામાં આવ્યા છે. આમ છતાં હંગેરી રશિયા પાસેથી ૯૦ ટકા તેલની આયાત કરે છે.

ચીન જે રશિયાથી તેલ ખરીદનાર સૌથી મોટો બાયર છે, પરંતુ તેના પર કોઈ ટૅરિફ લગાડવામાં આવતા નથી. જોકે ચીન સામે બીજા કારણસર પગલાં જરૂર લેવામાં આવે છે. ભારત રશિયા પાસેથી ૨૧ ટકા તેલ જ ખરીદે છે. આમ છતાં આપણા સહયોગી દેશને લક્ષ્ય બનાવવામાં આવે છે. પ્રમુખે તેમની નીતિ તત્કાળ બદલવી જોઈએ.આ મહિનાની શરૂઆતમાં અમેરિકા અને ભારતે જાહેર કર્યું હતું કે બંને દેશે વચગાળાના કરાર માટેનું માળખું તૈયાર કર્યું છે. ટ્રમ્પે એક વહીવટી હુકમ બહાર પાડીને રશિયાથી તેલ ખરીદવા બદલ લગાડવામાં આવેલા વધારાના ૨૫ ટકા ટૅરિફ દૂર કર્યા હતા. (એજન્સી)

# એપલ પાકિસ્તાનમાં આઈફોન્સ બનાવશે

ઇસ્લામાબાદ: અમેરિકાની દિગ્ગજ ટેક કંપની એપલ પાકિસ્તાનમાં આઇફોનનું ઉત્પાદન શરૂ કરવા માટે તૈયાર હોવાનું ગુરુવારે એક મીડિયા અહેવાલમાં જણાવાયું હતું. સરકારે પ્રસ્તાવિત મોબાઇલ અને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માળખા હેઠળ પ્રોત્સાહન આપવા માટે સહમતિ વ્યક્ત કરી છે.

એપલ નવા માળખા હેઠળ પાકિસ્તાનમાં આઇફોનને રિફર્બિશ કરીને ફરીથી નિકાસ કરવા માટે સંમત થઇ છે. સરકારને પ્રથમ વર્ષમાં રિફર્બિશ આઇફોનની ફરી નિકાસમાંથી ૧૦૦ મિલિયન અમેરિકન ડોલરની આવક થવાની આશા છે. એપલ મેનેજમેન્ટે ડિસ્કાઉન્ટેડ દરે જમીન આપવી, આઠ ટકા પરફોર્મન્સ ઇન્સેન્ટિવ અને બે થી ત્રણ વર્ષ જૂના આઇફોનને રિપેર કરવાની યોજનાની માંગણી કરી છે. એન્જિનિયરિંગ ડેવલપમેન્ટ બોર્ડના ચીફ એક્ઝિક્યૂટિવ ઓફિસર(સીઇઓ) હમાદ અલી મન્સૂરે એક અખબારને જણાવ્યું કે અમે નવા પ્રસ્તાવિત મોબાઇલ અને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માળખામાં આ ત્રણ શરતોનો સમાવેશ કર્યો છે. જેને વડા પ્રધાન શાહબાઝ શરીફ મંજૂરી આપશે. તેમણે કહ્યું કે એપલે આ મૉડેલ સાથે ઇન્ડોનેશિયા, મલયેશિયા અને ભારતમાં એન્ટ્રી કરી હતી. જ્યાં તેણે શરૂઆતમાં સ્થાનિક મેનપાવરને તાલીમ આપવા માટે બે થી ત્રણ વર્ષ જૂના આઇફોનનું સમારકામ કર્યું અને પછીથી તે ફોનનું ઉત્પાદન શરૂ કર્યું હતું.

સરકાર પહેલાથી જ હાલના મોબાઇલ ફોન ઉત્પાદકોને છ ટકા પરફોર્મન્સ ઇન્સેન્ટિવ આપી રહી છે.

# મુંબઈ મેટ્રોમાં ટેક્નિકલ ખામીઃ પ્રવાસીઓ ટ્રેનમાં ફસાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રો-સાતમાં ગુરુવારે સવારના ટેક્નિકલ ખામી સર્જાતા પીક અવર્સમાં લોકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડયો હતો. સવારના દહિસરથી ગુંદવલી તરફ જતી મેટ્રો રેલમાં અચાનક ખામી સર્જાતા મેટ્રો રેલ સેવા ખોરવાઈ ગઈ હતી. ગુંદવલી સ્ટેશન પર મેટ્રો ટ્રેન પ્લેટફોર્મ પર જ ૧૫થી ૨૦ મિનિટ ઊભી રહી જતા લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને સમયસર નોકરીએ પહોંચવા માગતા નોકરિયાતથી લઈને વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

મળેલ માહિતી મુજબ સવારના ૧૧ વાગ્યાની આસપાસ મુંબઈ મેટ્રોના દહિસરથી ગુંદવલી રૂટ પર ટેક્નિકલ ખામી સર્જાઈ હતી, જેમા લગભગ ૧૫ મિનિટ સુધી મેટ્રો રેલ ગુંદવલી સ્ટેશન પર જ ઊભી હતી. ટેક્નિકલ ખામીને કારણે રેલ ખોરવાઈ જતા સ્ટેશન ભારે માત્રામાં ભીડ થઈ ગઈ હતી.

ટેક્નિકલ ખામી હોવાનું જણાઈ આવતા મહામુંબઈ મેટ્રો ઓપરેશન કૉર્પોરેશન લિમિટેડના અધિકારી-કર્મચારીઓએ ગુંદવલી સ્ટેશન પર મેટ્રોમાં અટવાઈ ગયેલા પ્રવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. અચાનક મેટ્રો બંધ થવાની સ્ટેશન પર મેટ્રો રૂટનું ટાઈમટેબલ પણ ખોરવાઈ ગયું હતું. મોડેથી જોકે મેટ્રો રેલ સેવા પૂર્વવત્ થઈ હતી.

મુંબઈમાં ઘાટકોપર-વર્સોવા મેટ્રોની સાથે

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતીની જોરદાર ઉજવણી

મુંબઈઃ મહારાષ્ટ્રના આરાધ્ય દેવતા છત્રપતિ શિવાજી મહારાજની ૩૯૬મી જન્મ જયંતિ નિમિત્તે રાજ્યભરમાં લોકોમાં ભારે ઉત્સાહ નજરે પડ્યો. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શિવનેરી કિલ્લા પર ભક્તોની મોટી ભીડ જોવા મળી રહી છે. રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને સુનેત્રા પવાર શિવનેરી કિલ્લા પર પહોંચ્યા હતા. શિવનેરી કિલ્લા પર સરકારી કાર્યક્રમોનો ભવ્ય માહોલ જોવા મળ્યો. સીએમ અને બંને નાયબ મુખ્ય પ્રધાન દ્વારા છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

શિવાઈ દેવી મંદિરમાં શિવાઈ દેવી અને છત્રપતિ શિવાજી મહારાજનો શાસકીય અભિષેક જિલ્લા કલેક્ટર જીતેન્દ્ર ડુડીના હસ્તે પાર પાડવામાં આવ્યો હતો. શિવ જયંતીના

(જુઓ પાનું ૪) ▸▸



**મહારાજને 'માના ચા મૂજરા':** છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતી નિમિત્તે શિવનેરી કિલ્લા પર જોરદાર ઉજવણી કરવામાં આવી હતી જેમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને સુનેત્રા પવાર હાજર રહ્યા હતા.

## શિવનેરી કિલ્લામાં ધક્કામુક્કીઃ ત્રણ જણ ઈજાગ્રસ્ત

પુણેઃ છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતીની ઉજવણી માટે પુણેના શિવનેરી કિલ્લામાં એકઠા થયેલા હજારો ભાવિકોની ભીડ વચ્ચે ગુરુવારે મળસકે થયેલી ધક્કામુક્કીમાં ત્રણ જણ ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

જુન્નર તહેસીલમાં આવેલા શિવનેરી કિલ્લામાં મીના દરવાજાની નજીક ગુરુવારે મળસકે ૩.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી.

શિવાજી મહારાજની જન્મજયંતીની ઉજવણી માટે બુધવાર સવારથી મોટી સંખ્યામાં લોકો શિવનેરી કિલ્લામાં આવી રહ્યા હતા. રાતના પણ ઘણા ભાવિકો કિલ્લામાં આવી રહ્યા હતા, જેમાં એક જૂથ જ્યોત લઇને આવ્યું હતું. ગુરુવારે મળસકે ૩.૩૦ વાગ્યાની આસપાસ આ ગ્રૂપ જ્યોત લઇને નીચે ઝડપથી ઊતરી રહ્યા હતા. એ સમયે ત્યાં ફરજ પર હાજર પોલીસ ટીમે તેમને થોભવા અને ધીમી ગતિએ જવાની સલાહ આપી હતી.

દરમિયાન ભાવિકો નીચે

(જુઓ પાનું ૪) ▸▸

## શરદ પવાર, રાહુલ ગાંધીએ શિવાજી મહારાજની દૂરંદેશીની પ્રશંસા કરી

મુંબઈઃ રાહુલ ગાંધી સહિત અનેક નેતાઓએ ગુરુવારે છત્રપતિ શિવાજી મહારાજની ૩૯૬મી જન્મ જયંતી પર તેમને અદરાંજલિ આપી તેમની દૂરંદેશી, નેતૃત્વ અને લોકોમાં આત્મસન્માન જગાવવામાં ભૂમિકાની પ્રશંસા કરી હતી.

મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મુંબઈમાં લોકભવન ખાતે શિવાજી મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ છત્રપતિ શિવાજી મહારાજને બહાદુરીની મિસાલ ગણાવ્યા હતા. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે 'શિવાજી મહારાજ બહાદુરી, દૂરંદેશી અને ન્યાયી નેતૃત્વનું એક અનોખું ઉદાહરણ છે. તેમના જીવન અને હિંમત આજે પણ આપણને અન્યાય સામે લડવા

(જુઓ પાનું ૪) ▸▸

થાણેગરાઓની સુવિધામાં થશે વધારો

## માનપાડાથી તળોજા વાયા કલ્યાણ પ્રવાસ હવે મેટ્રોથી

મુંબઈઃ કલ્યાણ અને નવી મુંબઈને જોડીને આ બંને શહેરો વચ્ચેના પ્રવાસનું અંતર ઘટાડવા માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) એ કલ્યાણ-તળોજા મેટ્રો-૧૨ લાઇન બનાવવાનો નિર્ણય લીધો છે. મેટ્રો લાઇન ૧૨ ને હવે મેટ્રો ૧૨-એ તરીકે ઓળખાતા નવા રૂટ દ્વારા થાણેના માનપાડા સુધી લંબાવવામાં આવશે. આનાથી થાણે મેટ્રો દ્વારા સીધું નવી મુંબઈ સાથે જોડાઈ જશે.

સોમવારે મળેલી એમએમઆરડીએની બેઠકમાં આ ૧૮ કિલોમીટર લાંબા 'માનપાડા-કલ્યાણ મેટ્રો ૧૨-એ' ના પ્રસ્તાવને સત્તાવાર રીતે મંજૂરી આપવામાં આવી હતી. હવે પ્રસ્તાવ મંજૂર થવાથી એમએમઆરડીએ આ પ્રોજેક્ટનો વિગતવાર પ્લાન તૈયાર કરવાનું કામ શરૂ કરશે. આ લાઇન માનપાડા અને ઘોડબંદર રોડ સુધી લંબાવવામાં આવનાર હોવાથી થાણેના લોકો માટે મુસાફરી ખૂબ જ સરળ અને ઝડપી બનશે.

કલ્યાણ અને નવી મુંબઈ વચ્ચેનો પ્રવાસ અત્યંત ઝડપી અને સરળ બને તે હેતુથી

(જુઓ પાનું ૪) ▸▸




નામ ફૂટબોલનું, કામ જેહાદનું

# નાગપુરનો કરિયાણાવાળો સૉકર ક્લબના ઓઠાં હેઠળ યુવાનોના મનમાં કટ્ટરવાદનાં બી રોપતો હતો

### એટીએસના ૨૧ ઠેકાણે દરોડાની તપાસમાં થયો પર્દાફાશ

નાગપુરઃ મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્કવોડ (એટીએસ)ની ટીમોએ ગયા રવિવારે અમુક જિલ્લામાં ૨૧ સ્થળે રેઇડ પાડી ફુટબોલ ક્લબની આડમાં યુવાનોને કટ્ટરવાદ તરફ દોરતા નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. નાગપુરના કરિયાણાવાળાએ યુવાનોના મનમાં કટ્ટરવાદનાં બી રોપવા માટે યવતમાળના પુસદ ખાતે સૉકર ક્લબનો ઉપયોગ કર્યો હોવાનું સામે આવ્યું હતું.

પ્રાથમિક તારણો દર્શાવે છે કે ફૂટબોલરના સ્વાંગમાં ઘણા શંકાસ્પદોએ સરહદ પારના કટ્ટરવાદી ઇસ્લામિક આતંકવાદી સંગઠનો સાથે સંપર્ક જાળવી રાખ્યો હતો.

સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું કે આ શંકાસ્પદો ભારત-વિરોધી લાગણીઓ તેમ જ જેહાદ તરફી વિચારોને પ્રોત્સાહન આપતી ઓનલાઇન ચર્ચાઓમાં સામેલ હતા. નાગપુરના કરિયાણાવાળાએ તેમને ફૂટબોલ ટીમના સ્વાંગમાં કેરળ અને પશ્ચિમ બંગાળમાં કટ્ટરવાદનો પ્રચાર કરતા વર્કશોપમાં મોકલ્યા હતા, જેથી તેમના મગજમાં જેહાદી માનસિકતા નિર્માણ થાય.

ફ્લાઇટની મોંઘી ટિકિટો એક સુવ્યવસ્થિત નેટવર્ક તરફ નિર્દેશ કરે છે, જેનો હેતુ યુવાનો સાથે બેઠક યોજીને તેમને કટ્ટરવાદ તરફ દોરવાનો છે.

પુસદનો વતની અને કથિત માસ્ટરમાઇન્ડ જાફરનગરમાં સ્થળાંતરિત થયો છે. તેના પરિવારના કટ્ટરવાદી ઇસ્લામિક સંગઠનો સાથેના દાયકાઓ જૂના સંબંધોને કારણે તેઓ ગુપ્તચર વિભાગના રડાર પર હતા. તેને પૂછપરછ માટે તાબામાં લેવામાં આવ્યો હતો અને બાદમાં તેને છોડી દેવામાં આવ્યો હતો. જોકે હજી પણ તે એટીએસના રડાર પર છે.

યુવાનોને કટ્ટરવાદ તરફ દોરવા અને કથિત આતંકવાદી પ્રવૃત્તિની માહિતીને આધારે એટીએસની ૨૦થી વધુ ટીમોએ ગયા રવિવારે યવતમાળ અને અહિલ્યાનગરમાં ૨૧ સ્થળે રેઇડ પાડી હતી. ૨૦ ટીમે યવતમાળમાં, જ્યારે પાંચ ટીમે અહિલ્યાનગરમાં ઑપરેશન હાથ થર્યું હતું. યવતમાળના પુસદ અને ઉમેરખેડમાં ૧૪ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા અને અનેક શકમંદોને તાબામાં લેવાયા હતા. તેમના ઘર, ઓફિસ તથા અન્ય ઠેકાણાંઓ પર તપાસ

(જુઓ પાનું ૪) ▸▸

ભીડ માટે પશ્ચિમ રેલવેનો નવતર પ્રયોગ

# નાલાસોપારા સ્ટેશને પોલીસ બંદોબસ્ત વચ્ચે પ્રવાસીઓને કતારમાં ટ્રેનમાં ચઢવા-ઊતરવાની વ્યવસ્થા

મુંબઈઃ પશ્ચિમ રેલવેના સૌથી વ્યસ્ત સ્ટેશન તરીકે જાણીતા નાલાસોપારામાં સવારે પીક અવર્સ દરમ્યાન હજારો મુસાફરો મુંબઈ જતી લોકલ ટ્રેન પકડવા માટે પ્લેટફોર્મ પર ઉમટી પડે છે. લોકલ ટ્રેન આવતાની સાથે જ ટ્રેનમાં ચઢવા માટે ધક્કામુક્કી થાય છે. આ અંધાધૂંધીમાં મુસાફરો ઘણીવાર પડી જાય છે, ધક્કામુક્કીને કારણે ઘાયલ થાય છે અને ક્યારેક ગંભીર અકસ્માતો પણ સર્જાય છે. આ બધી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને રેલવે વહીવટીતંત્રે મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપતા એક નવી સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય લીધો છે.

આ પહેલ હેઠળ મુસાફરોને સવારે ૬ થી ૧૦ વાગ્યાની વચ્ચે મુંબઈ જતી લોકલ ટ્રેનોના પ્લેટફોર્મ પર વ્યવસ્થિત કતારમાં ઉભા રાખ્યા પછી જ ટ્રેનમાં ચઢવાની મંજૂરી આપવામાં આવશે. આ માટે રેલવે પોલીસ અને રેલવે પોલીસ દળના કર્મચારીઓ પ્લેટફોર્મ પર તહેનાત રહેશે અને કતાર સહિત ભીડ નિયંત્રણ માટે જવાબદાર રહેશે.

ઉપરાંત દરેક લોકલ કોચના ગેટ પાસે પીળા અને લીલા રંગના ચિહ્નો કરવામાં આવ્યા છે. મુસાફરોએ પીળા રંગના ચિહ્નો પરથી ઉતરવું અને લીલા રંગના ચિહ્નો પરથી ચઢવાના સ્પષ્ટ સંકેતો આપવામાં આવ્યા છે. આનાથી ચઢતી અને ઉતરતી વખતે થતી ધક્કામુક્કી ઓછી થશે જેથી મુસાફરો સુગમતાથી ચઢી ઉતરી શકશે.

રેલવે વહીવટીતંત્રે મુસાફરોને શિસ્ત જાળવવા, નિયમોનું કડક પાલન કરવા અને

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**